सत्यमेव जयते

## -//ફોર્મ-એ//-

| | |
|---|---|
| **મહેસાણાના બીજા અધિક સેસન્સ જજ અને સ્પે.જજ(પોક્સો) સાહેબશ્રીની અદાલત, મુ.મહેસાણા.** | |
| | ફેસલ તારીખઃ૧૬/૦૪/૨૦૨૬<br>**સ્પે.પોક્સો કેસ નંબર.૫૮/૨૦૨૫**<br>એફ.આઇ.આર.નં.૧૧૨૦૬૦૭૪૨૫૦૪૫૩/૨૦૨૫<br>પોલીસ સ્ટેશનઃ વિજાપુર<br>**આંક-૧૧૦** |
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ પક્ષ તરફે | વિ. સરકારી વકીલશ્રી પી. કે. દવે |
| આરોપી | કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા<br>ઉ.વ.૨૯,<br>રહે.કોટડી, સમાધીપુરા, તા.વિજાપુર, જી.મહેસાણા. |
| આરોપી તરફે | આરોપી તર્ફે વિ.વ.શ્રી જે.એચ.મકવાણા. |

## -//ફોર્મ-બી//-

| | |
|---|---|
| બનાવની તારીખ | ૦૧/૧૧/૨૦૨૪ થી |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૧૬/૦૯/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ (આંક-૧૪) | ૧૫/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૯/૧૧/૨૦૨૫ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| સજાનો હુકમ | આખરી હુકમ મુજબ |
| સમય ગાળો. | વર્ષ–૦૦ માસ–૦૭ દિવસ–૦૦ |

## –// આરોપીની વિગત //–

| **ક્રમ.** | કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા | |
|---|---|---|
| ૦૧ | આરોપીનું નામ/ સરનામુ | કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા ઉ.વ.૨૯, રહે.કોટડી, સમાધીપુરા, તા.વિજાપુર, જી.મહેસાણા. |
| ૦૨ | અટક કર્યા તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | આરોપી જેલમાં છે. |
| ૦૪ | ગુનાની કલમ | બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૩૫૧(૩) તથા પોકસો એકટ ૨૦૧૨ ની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબ. |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | તકસીરવાન ઠરાવવામા આવેલ છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | આખરી હુકમ મુજબ |
| ૦૭ | ક્રિ.પ્રો.કો.ની ક.૪૨૮ | – |

## –//ફોર્મ–સી//–

**એ. ફરીયાદ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| **અ.નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | ૧૭ | ભોગબનનારની સોગંદ ઉપરની જુબાની | ફરીયાદી |
| ૦૨ | ૨૨ | પટેલ રાકેશકુમાર બાબુભાઈની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૩ | ૨૪ | ભારતીબેન વા–ઓ રાકેશકુમાર બાબુભાઈ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| | | પટેલની સોગંદ ઉપરની જુબાની | |
| ૦૪ | ૨૮ | ડો.અમીતકુમાર હિંમતલાલ પટેલની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૫ | ૩૫ | ડો.નાઈ દિપાલીબેન પરાગભાઈની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૬ | ૪૪ | ડો.ચિરાગ નારાયણભાઈ અસારીની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૭ | ૪૮ | ગીરીશભાઈ મોતીભાઈ ભટોળની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૮ | ૫૧ | પ્રજાપતિ રાકેશભાઈ ભગાભાઈની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૯ | ૫૩ | દિલીપકુમાર અશ્વિનભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૧૦ | ૫૯ | ચૌધરી કમલેશકુમાર કાવજીભાઈની સોગંદ ઉપરની જુબાની | પી.આઈ. |

**બી. બચાવ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | | – | – |

**એ. ફરીયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૮ | અસલ ફરીયાદ |
| ૨. | ૧૯ | ભોગબનનારનું ક.૧૮૩ નુ અસલ નિવેદન |
| ૩. | ૨૦ | ભોગબનનારના આધારકાર્ડની નકલ |
| ૪. | ૨૧ | ભોગબનનારના જન્મનો દાખલો |
| ૫. | ૨૩ | ભોગબનનારની વિજાપુર પોલીસને આપેલ અરજી |

| | | |
|---|---|---|
| ૬. | ૨૯ | ભોગબનનારનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૭. | ૩૦ અને ૩૧ | બાળકને જી.એમ.ઈ.આર.એસ. વડનગર ખાતે રીફર કરવા માટેની રીફર ચીટ |
| ૮. | ૩૨ | બાળકને જી.એમ.ઈ.આર.એસ. વડનગર ખાતે રીફર કરવા માટેની રીફર ચીટ |
| ૯. | ૩૩ | બાળકની સારવારના કાગળો |
| ૧૦. | ૩૪ | ભોગબનનારની સારવારના કાગળો |
| ૧૧. | ૩૬ | આરોપીનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૨. | ૩૭ | આરોપીનું ડી.એન.એ. સેમ્પલ લેવા વિજાપુર પોલીસ સ્ટેશનને કરેલ યાદી |
| ૧૩. | ૩૮ | ડી.એન.એ. પ્રોફાઈલનું આઈડેન્ટીફીકેશન ફોર્મ |
| ૧૪. | ૩૯ | પુરુષ બાળકનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૫. | ૪૦ | બાળકનું ડી.એન.એ. સેમ્પલ લેવા વિજાપુર પોલીસ સ્ટેશનને કરેલ યાદી |
| ૧૬. | ૪૧ | ડી.એન.એ. પ્રોફાઈલનું આઈડેન્ટીફીકેશન ફોર્મ |
| ૧૭. | ૪૨ | ડી.એન.એ. સેમ્પલ માટેના અસલ કેસ પેપર્સ |
| ૧૮. | ૪૩ | ડી.એન.એ. સેમ્પલ માટેના અસલ કેસ પેપર્સ |
| ૧૯. | ૪૫ | તાજા જન્મેલા બાળકનુ ડીસ્ચાર્જ સર્ટી |
| ૨૦. | ૪૬ | ડોક્ટરે તપાસ કરેલ અસલ કેસ પેપર્સ |
| ૨૧. | ૪૭ | જનરલ હોસ્પીટલ વિજાપુરની અસલ રીફર ચીટ |
| ૨૨. | ૪૯ | આરોપીની શરીર સ્થિતિ તેમજ મોબાઈલ કબજે કર્યાનું અસલ પંચનામું |
| ૨૩. | ૫૦ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૨૪. | ૫૨ | ગુનાબનાવવાળી જગ્યાનું અસલ પંચનામું |
| ૨૫. | ૫૪ | જન્મ નોંધણી રજીસ્ટરની નકલ |
| ૨૬. | ૫૫ | પી.આઈ.શ્રી વિજાપુર પો.સ્ટે. ને સંબોધીને લખેલ પત્ર |
| ૨૭. | ૬૦ | ગુનો રજીસ્ટર કરવા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ |
| ૨૮. | ૬૧ | સીવીલ હોસ્પીટલ વિજાપુરનો વર્ધી રીપોર્ટ |
| ૨૯. | ૬૨ | ઈસાક્ષ્ય પ્રમાણપત્ર |

| | | |
|---|---|---|
| ૩૦. | ૬૩ | હોટલ રોયલ ગોલ્ડના રજીસ્ટરના ઉતારાની નકલ તથા તેની સાથેના આધાર કાર્ડની નકલ |
| ૩૧. | ૬૪ | ઈસાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૩૨. | ૬૫ | એક્ટીવાની આર.સી.બુકની નકલ |
| ૩૩. | ૬૬ | શાળાનો ફોરવર્ડીંગ લેટર અને એલ.સી.નો ઉતારો |
| ૩૪. | ૬૭ | ગુનામાં વપરાયેલ અલ્ટો ગાડીની આર.સી.બુકની નકલ |
| ૩૫. | ૬૮ અને ૬૯ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલ્યા બદલની પહોંચ |
| ૩૬. | ૭૦ | સી.એ.એફ. માહિતી તથા કોલ ડીટેઈલ |
| ૩૭. | ૭૧ | સી.ડી.આર. ફોર્મ |
| ૩૮. | ૭૨ | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ |
| ૩૯. | ૭૩ થી ૭૫ | સરકારી પંચો ફાળવવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૪૦. | ૭૬ | આરોપીને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ |
| ૪૧. | ૭૭ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા સારૂ રવાનગી પત્રક |
| ૪૨. | ૭૮ | બી.એસ.એ.ની ક.૬૩(૪)(સી) ના પ્રમાણપત્ર માટે કરેલ રીપોર્ટ |
| ૪૩. | ૭૯ | સી.એ.એફ. માહિતી તથા કોલ ડીટેઈલ |
| ૪૪. | ૮૦ | ભોગબનનારની એલ.સી.ની ખરાઈ કરવા સારૂ કરેલ ચાદી |
| ૪૫. | ૮૧ | સરકારી શીશું ગૃહ ગાંધીનગરનાઓએ આપેલ યાદી |
| ૪૬. | ૮૨ | નવજાત શીશુંને સોંપ્યા અંગેની પહોંચ |
| ૪૭. | ૮૩ | બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબ નિવેદન લેવા સારૂ કરેલ યાદી |
| ૪૮. | ૮૪ | ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઈ કરવા સારૂ કરેલ રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૪૯. | ૮૫ | બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબ નિવેદન મેળવવા સારૂ કરેલ યાદી |
| ૫૦. | ૮૬ | ડી.એન.એ.સેમ્પલ લેવા સારૂ પાઠવેલ યાદી |
| ૫૧. | ૮૭ | સારવાર સર્ટી આપવા સારૂ કરેલ યાદી |
| ૫૨. | ૮૮ | મદદનીશ નિયામક ડી.એન.એ.વિભાગ ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી |
| ૫૩. | ૮૯ | આર.ટી.ઓ. કચેરી ગાંધીનગર અને મહેસાણાનાઓને ગુનામાં વપરાયેલ વાહનના માલિકનું નામ આપવા સારૂ કરેલ યાદી |
| ૫૪. | ૯૦ | બાળકને સરકારી શીશું ગૃહ ખાતે રાખવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૫૫. | ૯૧ | એફ.આઈ.આર.માં કલમ વધારો કરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૫૬. | ૯૨ | ડી.એફ.એસ. ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર |
| ૫૭. | ૯૩ અને ૯૪ | ડી.એફ.એસ. ગાંધીનગરનો ફોરેન્સીકનો એક્ઝામીનેશન રીપોર્ટ તથા એફ.એસ.એલ.ના બંધ કવરવાળી સી.ડી. રીપોર્ટ |
| ૫૮. | ૯૫ | ડી.એફ.એસ. ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર |
| ૫૯. | ૯૬ | ડી.એફ.એસ. ગાંધીનગરનો ડી.એન.એ. રીપોર્ટ તથા બાળકના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે ભોગબનનાર તથા આરોપીના કંપેરીઝનનો રીપોર્ટ |
| ૬૦. | ૯૭ | બી.એન.એસ.એસ.ની ક.૯૫ મુજબનું પ્રમાણપત્ર તથા સાધનિક કાગળો |
| ૬૧. | ૯૯ | એફ.એસ.એલ. દ્વારા લખવામાં આવેલો ફોરવર્ડીંગ લેટર |
| ૬૨. | ૧૦૦ | મુદ્દામાલ મોબાઈલ ચકાસણી અંગે એફ.એસ.એલ. દ્વારા આપવામાં આવેલ રીપોર્ટ |
| ૬૩. | ૧૦૧ | એફ.એસ.એલ. દ્વારા મોબાઈલમાંથી મેળવેલ ડેટાની ડી.વી.ડી. તૈયાર કરી તેનું સર્ટી |
| ૬૪. | ૧૦૨ | હોટલ રોયલ ગોલ્ડના એન્ટ્રી રજીસ્ટરની નકલ તથા |

| | | |
|---|---|---|
| | | આરોપીના આધારકાર્ડની નકલ |
| ૬૫. | ૧૦૩ | ક્લોઝીંગ પુરસીસ |

**બી. બચાવ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| | | – |

**વિષયઃ–** બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૩૫૧(૩) તથા પોકસો એકટ ૨૦૧૨ ની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબ.

---

**–/ જજમેન્ટ /–**

(૧) ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી કે જે પોતે ભોગબનનાર છે તેની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની અને ફરીયાદની તારીખે તેઓની ઉંમર ૧૭ વર્ષ ૦૧ માસ ૦૫ દિવસની હતી અને તેઓ પોતાના પરીવાર સાથે ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને ધોરણ ૧૨ સુધી સેકન્ડરી સ્કુલ વિજાપુર ખાતે અભ્યાસ કરેલો છે. ભોગબનનાર સેકન્ડરી સ્કુલ વિજાપુર ખાતે ધોરણ ૧૨ માં સાયન્સમાં અભ્યાસ કરતા હોવાથી ઘરેથી એકલી શાળાએ જતી હતી તે વખતે નવેમ્બર–૨૦૨૪ માં ભોગબનનારને મકવાણા કૌશીક મહેન્દ્રસિંહ નામના છોકરા સાથે ઓળખાણ થયેલી અને આ કૌશીક સ્કુલ છુટવાના સમયે સ્કુલ આગળ આવતો અને ભોગબનનારની સાથે વાતચીત થતી હતી. ત્યાદબાદ ભોગબનનાર અને કૌશીક વચ્ચે પ્રેમ સંબંધ થયેલો. આ કૌશીક ભોગબનનારને સ્કુલમાંથી છુટીને ઘરે જતી હતી તે વખતે ઝેડ માર્ટ મોલ આગળ મળેલ અને તેની પાસે સીલ્વર રંગની અલ્ટો ગાડી હોય તે ગાડીમાં ભોગબનનારને બેસવાનું કહેતા ભોગબનનાર તે ગાડીમાં બેસેલી તે સમયે આ કૌશીકે ભોગબનનારને ચોકલેટ આપેલી

અને તેની ગાડીમાં બંને વિજાપુર આશ્રમ ચોકડી બાજુ ગયેલા અને ત્યાં આ કૌશીક ભોગબનનારને એક હોટલમાં લઈ ગયેલો અને ત્યાં આ કૌશીકે ભોગબનનારની સાથે બે વાર શરીર સંબંધ બાંધેલ હતો અને કૌશીક ભોગબનનારને અવારનવાર સ્કુલની આગળ મળવા આવતો હતો પરંતુ આ કૌશીકના લગ્ન થયેલાની વિગત ભોગબનનારને માલુમ પડતા ભોગબનનારે આ કૌશીકની સાથે વાત કરવાની બંધ કરી દીધેલ અને ભોગબનનારને માસીક આવતું ન હોય ભોગબનનાર ડરી ગયેલી અને ઘરે કોઈને વાત કરેલી ન હતી, પરંતુ રાત્રે પેટમાં દુખાવો થયેલ અને બલ્ડ (લોહી) આવવા લાગેલ. જેથી ભોગબનનારના દાદી અને પપ્પા ભોગબનનારને વિજાપુર સીવીલમાં લાવેલા અને ત્યાં ભોગબનનારે એક દીકરાને જન્મ આપેલ અને પોતે સંપૂર્ણ ભાનમાં છે અને આ કૌશીકે ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલી તેથી બાળકને જન્મ આપેલ છે તેથી કૌશીક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે ભોગબનનારે તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ આરોપી વિરૂદ્ધ વિજાપુર પોલીસ સ્ટેશનમાં કેમ્પ જનરલ હોસ્પીટલ વિજાપુર ખાતેથી ફરીયાદ આપેલી છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે વિજાપુર પોલીસે વિજાપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૬૦૭૪૨૫૦૪૫૩/૨૦૨૫ થી બી.એન.એસ. ની ક.૧૩૭(૨),૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબનો ગુનો તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ દાખલ કરેલો. ત્યારબાદ પોલીસના તપાસમાં બી.એન.એસ.ની ક.૩૫૧(૩) મુજબનો ગુનો બનેલાની વિગત જાહેર થતા પોલીસે બી.એન.એસ.૩૫૧(૩) મુજબની કલમ ઉમેરો કરવા માટે રીપોર્ટ પણ કરેલો જે એફ.આઈ.આર. સાથે રાખવામાં આવેલ. ત્યારબાદ પોલીસની તપાસમાં આરોપી મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલી અને નિયત સમયમર્યાદામાં આરોપીને સ્પે.પોક્સો કોર્ટમાં રજૂ કરતા આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમા લેવામા આવેલા છે.

ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતાં પોલીસે બી.એન.એસ.એસ. ની ક.૧૯૩ મુજબ આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૬૪ (૨)(એમ), ૩૫૧(૩) તથા પોક્સો એક્ટની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબના ગુનાના આક્ષેપો કરતું ચાર્જશીટ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ સ્પે.પોક્સો કોર્ટમાં રજૂ કરતા તેને સ્પે. પોક્સો કેસ રજીસ્ટરે સ્પે.પોકસો કેસ નં.૫૮/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) આ કામે આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય તેઓને જેલમાંથી હાજર રખાવવામાં આવેલા. ત્યારબાદ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને આરોપીએ પોતાનો બચાવ કરવા માટે વિ.વ.શ્રી રોકેલા છે.

(૪) આ કામના આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ ફરીયાદપક્ષ તરફે વિ.સરકારી વ.શ્રી દ્વારા આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં માટે દલીલ કરવામાં આવેલ તેમજ આરોપી દ્વારા આ આરોપી સામે તહોમતનામું ફરમાવી શકાય નહી તે સંદર્ભે રજુઆત કરવામાં આવેલી અને તે બાબતે પક્ષકારોને સાંભળીને તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ આંક-૧(ચાર્જશીટ લગત) અત્રેની અદાલતે હુકમ કરી આરોપી કૌશીક મહેન્દ્રસિંહ મકવાણા વિરૂદ્ધ બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૩૫૧(૩) તથા પોક્સો એક્ટની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબના ગુનાનું તહોમત ફરમાવવાનો હુકમ તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ કરેલ હતો.

વધુમાં, **આરોપી દ્વારા ત્યારબાદ આંક-૧૨ થી ડીસ્ચાર્જ અરજી તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલી અને તે ડીસ્ચાર્જ અરજી ગુણદોષ ઉપર સાંભળી તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ આરોપીની આંક-૧૨ વાળી ડીસ્ચાર્જ અરજીને નામંજુર(રદ) કરવામાં**

**આવેલ હતી. ત્યારબાદ આરોપી દ્વારા આંક–૧ લગતનો આરોપી સામે તહોમતનામું ફરમાવવાના તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજના હુકમના તથા આંક–૧૨ ની ડીસ્ચાર્જ અરજીને નામંજુર(રદ) કરતા તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજના હુકમને ના.ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલો હોય અને ના.ગુજરાત હાઈકોર્ટે આ બંને હુકમો કે તે હુકમ પૈકીનો કોઈ હુકમ રદ કરેલો હોય તેવું અત્રેની અદાલતના ધ્યાન ઉપર લાવવામાં આવલું નથી કે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આરોપી તરફે આ ટ્રાયલના કામે રજુ કરવામાં આવેલા નથી**. આમ, આ આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવાનો જે હુકમ થયેલ તે આધારે આંક–૧૪ થી આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૩૫૧(૩) તથા પોક્સો એક્ટની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવી આરોપીની પ્લી નોંધતા આરોપીએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે તેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસની હકીકત સાબીત કરવા માટે ઉપર ટેબલમાં જણાવ્યા મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષ તરફથી ઉપર ટેબલમાં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે તે સિવાય બીજો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ તરફથી આ ફરીયાદના કામે રજૂ કરવામાં આવેલ નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં આરોપી વિરૂદ્ધ જે વિગતો રોકર્ડ ઉપર લાવવામાં આવેલી છે તેનો ખુલાસો કરવા માટે બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાના વિરૂદ્ધની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને કેટલીક બાબતોમાં

આરોપીને પોતે કોઈ હકીકતોની ખબર નથી તે રીતે રજુઆત કરેલી છે તેમજ પોતે નિર્દોષ છે અને ખોટો કેસ કરવામાં આવેલો છે અને આ પ્રકારનો કોઈ ગુનો કરેલો નથી તે રીતની વિગત રજુ કરેલી છે.

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કેસમાં ભોગબનનાર સગીર વયના છે તે બાબત પુરાવામાં સાબીત કરવામાં આવેલી છે. ભોગબનનારે એક બાળકને જન્મ આપેલ છે તે હકીકત ફરીયાદપક્ષ તરફથી પુરાવામાં સાબીત કરવામાં આવેલી છે. ભોગબનનારની જુબાનીમાં હાલના આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ એક કરતા વધારે વખત બાંધેલો છે અને આરોપીએ બાંધેલા શરીર સંબંધના કારણે ભોગબનનાર સગર્ભા થયેલા અને ત્યારબાદ બાળકને જન્મ આપેલ છે તે રીતની વિગત પણ ભોગબનનારની જુબીનીના આધારે સાબીત થયેલી છે. વધુમાં પંચોએ પંચનામાંની વિગતને સમર્થન આપેલું છે. આ સિવાય ડોક્ટર દ્વારા ભોગબનનારને જે તે સમયે સારવાર આપવામાં આવેલી તેમજ ભોગબનનારે બાળકને જન્મ આપેલ તેમજ બાળકને સારવાર આપવામાં આવેલી તે વિગત પણ પુરાવામાં રેકર્ડ ઉપર સાબીત કરવામાં આવેલી છે. પંચોએ પંચનામાંની વિગતને સમર્થન આપેલ છે. સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપેલ છે અને બાળકના ડી.એન.એ. સાથે આરોપીનુ ડી.એન.એ. મેચ થયેલુ છે. તે જ રીતે ભોગબનનારનું ડી.એન.એ. પણ મેચ કરવામાં આવેલું છે અને તે ડી.એન.એ. રીપોર્ટના આધારે બાળકના જૈવિક પિતા હાલના આરોપી છે. જ્યારે જૈવિક માતા હાલના ભોગબનનાર છે. વધુમાં પોલીસે ગુનાની તપાસ કરેલ છે તેમાં હાલના આરોપીએ ગુનો કરેલ છે તે રીતની વિગત તપાસમાં ખુલેલી છે. આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાના આધારે હાલના આરોપીએ આંક-૧૪ થી આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલા

તહોમતનામા મુજબનો ગુનો કરેલ છે તે રીતની વિગત સાબીત કરેલી છે. તેથી આરોપીને ગુનામાં તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા દલીલ કરેલી છે.

(૮) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા આંક–૧૦૮ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલી છે અને પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરવામાં આવેલા છે.

1. 2025 CRI. L.J.4660, Gan Urang Alias Gana & Anr. vs. State of Tripura.
2. 2025 CRI. L.J.2849, Jitendra Chakradhan Patel vs. State of Chattisgarh.
3. 2013(1) Crimes 367 (Chhat.), State of Chattisgarh vs. Dipak kumar and Anr.
4. 2013(3) G.L.R. 1921, Amarshibhai @ Amrabhai Alabhai Sondharva vs. State of Gujarat.
5. Criminal Journal 2012 NOC 475 pg.71.
6. 2025 CRI. L.J.

(૯) આ કામે હાલના કેસના નિર્ણય માટે કેસનું તમામ રેકર્ડ અત્યંત ગંભીરતાથી વંચાણે લીધું.

(૧૦) ઉપરોક્ત હકીકતે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે અને બનાવના અરસામાં સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી, કાયદેસરના વાલીની પરવાનગી લીધા સિવાય, સગીર ભોગબનનારને આરોપીએ

પોતાની સાથે ગેરકાયદેસર રીતે લઈ જઇ, એક કરતાં વધારે વખત સગીર ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધી, તેમ કરી આરોપીએ ભોગબનનારની સાથે બળાત્કાર કરી, જાતીય સતામણી કરી, અપહરણ કરી, ભોગબનનારની સાથે બળાત્કાર કરી ગર્ભવતી બનાવેલી જેથી સગીર ભોગબનનારે આરોપીએ કરેલા બળાત્કારના કારણે હોસ્પીટલમા બાળકને જન્મ આપેલો છે અને તેમ કરી આરોપીએ ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

(૧૧) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧: હકારમાં

૨. મુદ્દા નં.૨: આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**-// કારણો //-**

**મુદ્દા નં.૧:-**

(૧૨) આ કામે આરોપી સામે આંક-૧૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને આંક-૧૫ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલી છે. જેમા આરોપીએ ગુનો કરેલાનો ઈન્કાર કરતા ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૧૩) આ કામે આરોપીએ પોતાના બચાવ માટે વકીલશ્રીને રોકેલા છે અને તેઓએ આરોપી તર્ફે સાક્ષીઓની ઉલટતપાસ કરી પોતાનો બચાવ રજુ કરેલ છે. વધુમાં બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલુ છે જેમા આરોપીએ પોતાની સામેના પુરાવાના ખુલાસો સંદર્ભે મહત્તમ વિગત ખોટી છે તે રીતે જણાવેલ છે અને કેટલીક બાબતમાં આરોપી જાણતા નથી તેવુ જાહેર

કરેલ છે. આ સિવાય બીજી મહત્વની એવી વિગત જાહેર કરેલ છે કે,

> "સવાલઃ–વધુમાં, પી.આઇ. ત.ક.અ. ચૌધરી કમલેશકુમાર કાવજીભાઈ આંક–૫૯ ની જુબાનીમાં તમો આરોપી વિરૂધ્ધ એવો પુરાવો આપે છે કે, સદર કેસની સંપૂર્ણ તપાસ કરેલી છે તે આધારે મને એવું માલુમ પડેલું છે કે, ફરીયાદ ખરી છે અને નવજાત શીશુંના પિતા ડી.એન.એ. રીપોર્ટના આધારે આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ મકવાણા નાઓ પોતે છે. તો તે બાબતે તમારે શું કહેવુ છે?
> જવાબઃ–ખોટી વાત છે.
> સવાલઃ–વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે ફરીયાદ, પંચનામાઓ, મેડિકલ સર્ટીફીકેટો, એફ.એસ.એલ. રીપોર્ટ, યાદી, જન્મનો દાખલો વિગેરે જેવા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે તો તે બાબતે તમારે શું કહેવુ છે?
> જવાબઃ–ખોટા દસ્તાવેજી પુરાવા છે. ખોટી ફરીયાદ આપેલ છે.
> સવાલઃ–શું તમારે સોગંદ ઉપર જુબાની આપવી છે?
> જવાબઃ–નાજી.
> સવાલઃ–તમારે વિશેષમાં કંઇક કહેવું છે?
> જવાબઃ–અમો નિર્દોષ છીએ. અમારી ઉપર ખોટો કેસ કરેલ છે. અમોએ આવા પ્રકારનો કોઇ ગુન્હો કરેલો નથી."

આમ, આરોપીએ બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં ભોગબનનારને આરોપી થકી જે બાળકનો જન્મ થયેલો છે તે બાળકના પિતા તરીકે આરોપી છે તે સંદર્ભે પ્રશ્નો પુછવામાં આવેલા જેમા આરોપીએ ખોટી વાત હોવાનું જણાવેલ છે. આ સિવાય દસ્તાવેજી પુરાવો ખોટો છે અને ખોટી ફરીયાદ આપવામાં આવેલ છે તે રીતની વિગત જાહેર કરેલ છે. આ સિવાય આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે તેમજ આરોપીએ બચાવના સાક્ષીઓ તપાસવા માટે પણ સ્પષ્ટ ઇન્કાર કરેલો છે. વધુમાં વિશેષમાં આરોપી દ્વારા પોતે નિર્દોષ છે અને ખોટો કેસ કરવામાં આવેલ છે અને આ પ્રકારનો કોઇ ગુનો કરેલો નથી તે રીતની વિગત જણાવેલ છે.

**આવા સંજોગોમાં આરોપીએ બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં ભોગબનનાર થકી જન્મેલા બાળકના ડી.એન.એ. માં આરોપીનું ડી.એન.એ. મળી આવેલ છે અને તે રીતે આ**

**બાળકના બાયોલોજીકલ પિતા હાલના આરોપી કયા કારણથી બનેલા છે તે મુદ્દા ઉપર આરોપી કોઈ ખુલાસો વધારાના નિવેદનમાં કરતા નથી**. આમ, **આરોપી આ ભોગબનનાર થકી જે બાળકનો જન્મ થયેલ છે તે બાળકના બાયોલોજીકલ પિતા છે તેવુ ડી.એન.એ. રીપોર્ટના આધારે આરોપી વિરૂધ્ધમાં જે વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે પુરાવાની વિગતનો આરોપી દ્વારા કોઈ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલો નથી. જેથી મહત્વની આ બાબત ધ્યાને લેવા પાત્ર થાય છે**.

આવા સંજોગોમાં આરોપીને તેઓના વિરૂધ્ધ જે પુરાવો ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ છે તેનો ખુલાસો કરવા માટેની વ્યાજબી, પુરતી તક આપવામા આવેલી છે તેમ છતાં આરોપી દ્વારા પોતાના વિરૂધ્ધના પુરાવાનો ખુલાસો કરવામાં આવેલો નથી. જેથી આરોપી પોતાના વિરૂધ્ધના પુરાવાનો વ્યાજબી ખુલાસો કરી શકતા નથી તેવુ અદાલતે ધ્યાને લેવુ પડે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

(૧૪) આ કામે ભોગબનનારને આંક-૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ભોગબનનારની સરતપાસની વિગત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે પોતાની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની દર્શાવેલી છે તેમજ ભોગબનનારે પોતાની જુબાની દરમ્યાન આંક-૨૦ થી આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તેમજ આંક-૨૧ થી જન્મના દાખલાની નકલ રજુ કરેલ છે. આમ, ભોગબનનાર પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની હોવાનું જણાવે છે. આ હકીકતની સામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે સમગ્ર ઉલટતપાસની વિગત ધ્યાને લેવામાં આવે એટલે કે ઉલટતપાસના પેરા નં.૧૦ અને પેરા નં.૧૧ ની તમામ વિગતો કે જે પાન નં.૫, પાન નં.૬, પાન નં.૭ તથા પાન નં.૮ ઉપર નોંધવામાં આવેલ છે તેમા કોઈ પણ જગ્યાએ ભોગબનનારે પોતાની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની દર્શાવેલ છે તે ખોટી છે અને ભોગબનનારની તે સિવાય બીજી કોઈ

જન્મ તારીખ છે તે રીતે કોઇ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે ભોગબનનારની આ જન્મ તારીખને ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી. વધુમાં, ભોગબનનારે પોતાની જુબાનીમાં આંક–૨૦ થી આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે અને આ આધારકાર્ડની ઝેરોક્ષ નકલમાં ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની દર્શાવવામાં આવેલ છે. આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા આ આંક–૨૦ વાળુ આધારકાર્ડ ભોગબનનારનું નથી અને બીજી કોઇ વ્યકિતનું છે તે રીતે પણ કોઇ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે આંક–૨૦ વાળા આધારકાર્ડમાં જાહેર કરેલ વિગતોને પડકારવામાં આવેલ નથી. આ સિવાય આંક–૨૧ થી ભોગબનનારનો ગોવિંદપુરા જુથ ગ્રામ પંચાયતમાં નોંધાયેલ જન્મનો દાખલો રજુ થયેલ છે અને તેમા ભોગબનનારે આ જન્મનો દાખલો પોતાનો હોવાની વિગત જાહેર કરેલ છે અને તેમા ભોગબનનારે પોતાનું નામ હોવાનું જણાવેલ છે. આ આંક–૨૧ વાળો જન્મનો દાખલો ધ્યાને લેવામાં આવે તો તેમા બાળકનું નામ દર્શાવવામાં આવેલ છે તે ભોગબનનારનું છે તેમજ માતા અને પિતાના કોલમમાં જે નામ દર્શાવવામાં આવેલ છે તે આ કામે પુરાવામા રેકર્ડ ઉપર આવેલ વિગત અનુસાર ભોગબનનારની માતા અને ભોગબનનારના પિતા છે જેથી **આંક–૨૧ વાળુ જન્મ નોંધણીનું પ્રમાણપત્ર ભોગબનનારનું છે તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળે છે અને તે સંજોગોમાં આંક–૨૧ વાળુ જન્મ નોંધણીનુ પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવે તો તેમા પણ ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની દર્શાવવામાં આવેલ છે**. વધુમાં આ કામે આંક–૨૧ વાળા જન્મ નોંધણીના પ્રમાણપત્રમાં જન્મ સ્થળ શ્રીમતી દિવાબેન એ. પટેલ પ્રસૃતિ ગૃહનું દર્શાવવામાં આવેલ છે. આ જન્મની નોંધણી જે ગ્રામ પંચાયતમાં થયેલ છે ત્યાંના તલાટી કમ મંત્રી દિલીપકુમાર અશ્વિનભાઇ નાઓને આંક–૫૩ થી આ કેસમાં સાહેદ તરીકે તપાસવામાં આવેલા છે. સદરહું સાહેદની સોગંદ ઉપરની જુબાનીમાં જન્મ નોંધણીનું રજીસ્ટર તેઓની કસ્ટડીમાં રહે છે અને **સને**

**૨૦૦૮ ના જન્મ નોંધણી રજીસ્ટરના અનુક્રમ નં.૭૬૮ ઉપર ભોગબનનારનું નામ બાળક તરીકે લખવામાં આવેલ છે તથા જન્મની નોંધણીની તા.૨૭/૦૬/૨૦૦૮ અને બાળકની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની હોવાની વિગત જાહેર કરેલ છે તેમજ આ ભોગબનનારની જન્મની નોંધણી શ્રીમતી દિવાબેન એ. પટેલ પ્રસુતિ ગૃહ, વિજાપુરની યાદી આવતા નોંધણી કરવામાં આવેલ છે તેમ જણાવી આંક-૫૪ થી રજીસ્ટરના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે અને તેમા અનુક્રમ નં.૭૬૮ ઉપર જન્મની તા.૨૪/૦૬/૨૦૦૮ ની અને જન્મ નોંધણીની તા.૨૭/૦૬/૨૦૦૮ ની દર્શાવવામાં આવેલ છે તેમજ માતા પિતાનું સરનામુ ધનપુરા હોવાનું લખેલ છે તેમજ માહિતી આપનાર તરીકે શ્રીમતી દીવાબેન એ. પટેલ વિજાપુરની વિગત દર્શાવવામાં આવેલ છે**. વધુમાં, **આંક-૫૫ થી ગોવિંદપુરા જુથ ગ્રામ પંચાયત દ્વારા પોલીસ ઇન્સ્પેકટર વિજાપુર નાઓને જન્મના પ્રમાણપત્રની ખરાઇ કરીને જે પત્ર લખેલ તેની સ્થળ પ્રત રજુ થયેલ છે. આવા સંજોગોમાં આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારની જન્મની નોંધણી ગોવિંદપુરા જુથ ગ્રામ પંચાયતમાં કાયદેસર રીતે થયેલ છે તેથી જન્મ નોંધણી રજીસ્ટર અનુસાર ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની હોવાનું આ સરકારી રેકર્ડના આધારે શંકા રહીત સાબીત થાય છે તેમ માનુ છુ**.

વધુમાં, આ કામે ભોગબનનારની જન્મની નોંધણીના મુદ્દા ઉપર તલાટી કમ મંત્રી દિલીપકુમાર અશ્વિનભાઇ નાઓને આરોપી તર્ફે ઉલટતપાસમાં જે પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમા ધનપુરા ગામનો ઉલ્લેખ નથી તે રીતે વિગત રેકર્ડ ઉપર લાવવા માટે પ્રયત્ન કરવામાં આવેલો છે પરંતુ **આ તલાટીની સમગ્ર ઉલટતપાસ દરમ્યાન સને ૨૦૦૮ ના જન્મ નોંધણી રજીસ્ટરના અનુક્રમ નં.૭૬૮ ઉપર જે બાળકના જન્મની નોંધણી થયેલ છે તે આ ભોગબનનાર નથી અને બીજી કોઇ વ્યકિત છે તે રીતે કોઇ વિગત રેકર્ડ ઉપર લાવવામા આવેલી નથી તેમજ તેવી કોઇ વ્યકિતને કે તેવી કોઇ વ્યકિતના માતા પિતાને**

**બચાવના સાક્ષી તરીકે આરોપી દ્વારા તપાસવામાં આવેલા નથી.**

વધુમાં, **બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં આરોપીએ આ આંક-૫૪ વાળા રજીસ્ટરના અનુક્રમ નં.૭૬૮ ઉપર જે બાળકના જન્મની નોંધણી થયેલ છે તે હાલના ભોગબનનાર નથી અને બીજુ કોઈ બાળક છે અને હાલમાં બીજી કોઈ જગ્યાએ રહેતુ હોય અને એક જ નામ વાળી બે વ્યકિતઓ હાય કે જેમા માતા અને પિતા બંનેવના નામ પણ ભોગબનનારના નામ અને તેના માતા-પિતાના નામ સાથે મળતા આવતા હોય તે રીતનો કોઈ બચાવ રજુ કરેલ નથી કે તેવો કોઈ ખુલાસો કરેલો નથી.**

આમ, **ભોગબનનારની જન્મની નોંધણી આંક-૫૪ વાળા દસ્તાવેજમાં થયેલ છે તે ખોટી રીતે કરવામાં આવેલ હોય અથવા ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ હોય અથવા આ નોંધણી વાળુ ભોગબનનાર સિવાય બીજુ કોઈ બાળક હોય તે રીતની વિગત પુરાવામાં કયાંય સાબીત થતી નથી. જેથી આંક-૫૪ વાળા દસ્તાવેજમાં લખેલી વિગત કાયદેસરની સાચી હોવાનું તલાટીની જુબાનીના આધારે સાબીત થાય છે તેમ માનું છું.**

**વ્યવહારના સામાન્ય ક્રમમાં સરકારશ્રીના નીતી નિયમો અનુસાર બાળકનો જન્મ કોઈ પ્રસૃતિ ગૃહ કે હોસ્પીટલમાં કે સરકારી હોસ્પીટલમાં કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં થાય ત્યારે બાળકની જન્મની નોંધણી કરાવવાની જવાબદારી તે પ્રસૃતિ ગૃહ કે હોસ્પીટલ કે સરકારી હોસ્પીટલ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સામુહિક આરોગ્ય કેન્દ્ર કે જયાં બાળકનો જન્મ થયેલ હોય તે સંસ્થાની જવાબદારી અને ફરજમાં આવે છે.** વધુમાં, આ કેસમાં આરોપી દ્વારા આંક-૫૪ વાળા દસ્તાવેજમાં જે શ્રી દીવાબેન એ. પટેલ પ્રસૃતિ ગૃહ, વિજાપુરનો ઉલ્લેખ કરવામાં આવેલો છે તે પ્રસૃતિ ગૃહના કોઈ જવાબદાર કર્મચારીને બચાવના સાક્ષી તરીકે તપાસી આ જન્મ થયેલ બાળકના માતા-પિતા બીજા કોઈ હોય તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તેમજ **આ પ્રસૃતિ ગૃહ દ્વારા આવા કોઈ જન્મની નોંધણી**

**માટે કોઈ પત્ર કે યાદી પંચાયતમાં લખવામાં આવેલ ન હોય તે રીતની વિગત પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આવા સંજોગોમાં સરકારી કચેરીના કામના સામાન્ય દસ્તુર અનુસાર જે રીતે સંસ્થામાંથી જન્મની નોંધણી માટે યાદી/કાગળો આવતા હોય અને સંસ્થાના માણસો યાદી/કાગળો લઈને આવતા હોય તે આધારે પંચાયતમાં જન્મની નોંધણી થતી હોય છે તે મુજબ આ જન્મની નોંધણી થયેલ છે. વધુમાં, **આંક–૫૪ વાળા દસ્તાવેજમાં જન્મની નોંધણી અનુક્રમ નં.૭૬૮ ઉપર થયેલ છે અને તે પાન ઉપર ભોગબનનારની જન્મની નોંધણી થયા બાદ અનુક્રમ નં.૭૬૯ થી બીજા બાળકોની જન્મની નોંધણી થયેલ છે. આમ, રજીસ્ટરમાં છેલ્લુ નામ લખવામાં આવેલ હોય તેવો પણ આ કેસ નથી**. **જેથી તા.૨૭/૦૬/૨૦૦૮ ના રોજ જે જન્મની નોંધણી આ રજીસ્ટરમાં થયેલ છે તે દિવસે ભોગબનનારના માતા–પિતાને જન્મની ખોટી નોંધણી કરાવવા માટેનું કોઈ કારણ હોય તેવુ આ કેસમાં ફરીયાદપક્ષના પુરાવામાં ક્યાંય રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આવા સંજોગોમાં આ મહત્વની બાબતને ધ્યાને લેતાં ભોગબનનારની જન્મની નોંધણી કાયદેસર રીતે શ્રીમતી દીવાબેન એ. પટેલ પ્રસૃતિ ગૃહ, વિજાપુર દ્વારા ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ના રોજ તેઓના પ્રસૃતિ ગૃહમાં થયા બાદ સરકારશ્રીના નીતિ નિયમો અને આદેશ અને પરીપત્રો અનુસાર જન્મની નોંધણી પંચાયતમાં કરવામાં આવેલી છે અને તે આધારે જન્મની નોંધણી થયેલી છે અને તે નોંધણી કરતી વખતે કોઈ શરતચુક કે ભુલ થયેલ નથી. જેથી **આંક–૫૪ વાળો દસ્તાવેજ તેની વિગતે સાબીત થાય છે અને તેના આધારે આંક–૨૧ વાળુ જન્મનું પ્રમાણપત્ર પણ સાબીત થાય છે**.

**આવા સંજોગોમાં આ તમામ બાબતો ધ્યાને લેવામાં આવે તો આંક–૧૮ વાળી ફરીયાદ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ પોલીસમાં આપવામાં આવી તે દિવસે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ ૧ મહિનો અને ૫ દિવસની થાય છે. વધુમાં આંક–૬૧ થી દવાખાના વર્ધી**

**તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ પોલીસમાં આપવામાં આવેલ છે અને તે દવાખાના વર્ધીની તારીખની વિગત ધ્યાને લેવામાં આવે તો પણ ભોગબનનારની ઉંમર દવાખાના વર્ધીના સમયે ૧૭ વર્ષ ૧ માસ અને ૫ દિવસની થાય છે.**

વધુમાં, **આ આંક–૬૧ વાળી દવાખાના વર્ધીની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે એક દિકરાનો જન્મ હોસ્પીટલમાં આપેલ છે. જેથી વ્યવહારના સામાન્ય ક્રમમાં કોઈ પણ બાળકનો જન્મ સ્ત્રી ગર્ભવતી થાય અને ગર્ભાવસ્થા પુરી થાય ત્યારબાદ થતો હોય છે. જેથી વ્યવહારના સામાન્ય ક્રમમાં ગર્ભધારણ થાય ત્યારથી લઈને બાળકનો જન્મ થાય તે વચ્ચે લગભગ ૯ માસ ૧૦ દિવસ જેવો સમય થતો હોય છે. જેથી આ સમયગાળાની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારને બાળકનો જન્મ થયો તે ગર્ભ લગભગ ૯ મહિના ૧૦ દિવસ પહેલા ભોગબનનારના પેટમાં રહેલ હોય તે રીતે અદાલતે વ્યવહારના સામાન્ય ક્રમમાં વૈજ્ઞાનીક નીતિ નિયમો અનુસાર ધ્યાને લેવુ પડે અને તે દ્દષ્ટિકોણથી પણ ધ્યાને લેતાં પણ ભોગબનનારની સાથે જયારે શરીર સંબંધ બાંધવામાં આવેલ છે તે દિવસે ભોગબનનાર સગીર વયના છે તે બાબત પણ આ દ્રષ્ટિકોણથી શંકારહીત સાબીત થાય છે તેમ માનુ છુ.**

**આવા સંજોગોમાં આ તમામ દ્રષ્ટિકોણથી મુલ્યાંકન કરવામાં આવે તો દરેક દ્રષ્ટિકોણથી ગુનો કરવામા આવ્યો તે સમયે ભોગબનનાર સગીર વયના હોવાનું સ્પષ્ટ શંકારહીત સાબીત થાય છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.**

આવા સંજોગોમાં ભોગબનનાર સગીર વયના હોવાની હકીકત સાબીત થતી હોવાથી અને ભોગબનનારે આંક–૬૧ ની દવાખાના વર્ધી અનુસાર બાળકને જન્મ આપેલ છે જે વિગતને ધ્યાને લેતાં તેમજ આંક–૧૮ વાળી ફરીયાદની વિગત ધ્યાને લેતાં આ કેસમાં પોકસો એકટની જોગવાઇ સીધી લાગુ પડે છે તેવુ ઉપરોકત હકીકતની વિગતે સંજોગોને આધિન રજુ થયેલ પુરાવાના આધારે ફરીયાદપક્ષ દ્વારા

સાબીત કરવામાં આવેલુ છે તેમ માનું છું.

(૧૫) આ કામે ભોગબનનારને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ભોગબનનારની સરતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે બનાવ સંદર્ભે તેમજ બાળકનો જન્મ જે રીતે જે સંજોગોમાં થયેલો છે તે સંદર્ભે મહત્વની એવી વિગત જાહેર કરેલ છે જે અક્ષર સહઃ અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> "(૨)આ બનાવ બનેલ તે અરશામાં હું આર્ટસ સેકન્ડરી સ્કુલમાં અભ્યાસ કરતી હતી. હું શાળાએ એકલી જતી હતી. હું શાળાએ જતી હતી તે વખતે મારૂ એકટીવા બંધ થઇ જતાં કૌશીક ઝાલાએ એકટીવા ચાલુ કરવામાં મદદ કરેલી. આ કૌશીકે મને કહેલ કે તને કઇ કામ પડે તો મને કહેજે મારી દુકાન અહીયા નજીકમાં છે. **આ કૌશીક અવાર–નવાર મારી સ્કુલે આવતો હતો અને મને ઉભી રાખવાનો પ્રયત્ન કરતો હતો પરંતુ હું ઉભી રહેતી ન હતી. આ કૌશીકે એક દિવસ મને બળજબરી પૂવર્ક ઉભી રાખેલી અને તેણે કહેલ કે મારો (કૌશીક)નો જન્મ દિવસ છે તેમ કહી તેણે મને ચોકલેટ ખવડાવેલી.કૌશીકે મને ચોકલેટ ખવડાવેલી ત્યારબાદ મને આંખે અંધારા આવી ગયેલા અને હું બેભાન થઇ ગયેલી. હું બેભાન હતી તે સમય દરમ્યાન મારી સાથે શું થયેલું તેની મને ખબર નથી. ત્યારબાદ પણ આ કૌશીક વારંવાર મને ઉભી રાખવાનો પ્રયત્ન કરતો હતો પરંતુ હું ઉભી રહેતી ન હતી. આ કૌશીકે મને એક દિવસ બળજબરી પૂવર્ક ઉભી રાખેલી અને મને મારા ખરાબ ફોટા તેના ફોનમાં બતાવેલા અને ફેસબુકમાં વિડીયો વાઇરલ કરી દઇશ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. આ કૌશીકે મને ચપ્પુ બતાવીને ધમકી આપેલી કે તારા ભાઇને મારી નાખીશ અને તારા પપ્પાને પણ મારી નાખીશ. જો તું ઘરે કહી દઇશ તો ગુંડાઓ લઇને તારા ઘરે તારા ભાઇને અને પપ્પાને મારી નાખીશ તેવી ધમકી આપેલી. આ કૌશીકે મારી સાથે ખરાબ કરેલું તેના ફોટા અને વિડીયોની વાત મારા મમ્મી–પપ્પાને ના કહુ તે માટે ધમકી આપેલી. આ કૌશીકે મારી સાથે ખરાબ કરેલું તેના કારણે મને ગર્ભ રહેલો અને મે એક બાળકને જન્મ આપેલો છે અને તે છોકરો છે. આ છોકરો હાલમાં બાળ ગૃહમાં છે. આ કૌશીકે મને ચોકલેટ ખવડાવીને બેભાન કરીને મને હોટલમાં લઇ ગયેલો હતો. મને હોટલમાં ગાડીમાં લઇ ગયેલો. આ કૌશીકે મને પાંચ થી છ વખતે લઇ ગયેલો હતો. મે આ બધી વાત મારા મમ્મી–પપ્પાને જે તે વખતે કરેલી ન હતી પરંતુ મને દુખાવો ઉપડીયો**

> **ત્યારે આ બધી વાત કરેલી. મે હોસ્પીટલમાં બાળકને જન્મને આપીયો ત્યારપછી વાત કરેલી. મે તે દિવસે સવારે મારા મમ્મીને કહેલું કે હું પીરીયડસમાં થયેલી છે તેથી મને દુખાવો થયેલો છે. મને રાત્રે બ્લડીંગ ચાલુ થયેલું તેથી મારા મમ્મી-પપ્પા ગભરાઈ ગયેલા. પ્રથમ મને એક હોસ્પીટલમાં લઈ ગયેલા ત્યાં ડોકટર હાજર ન હતી. ત્યારબાદ મને સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલા હતા. તે વિજાપુરની સરકારી હોસ્પીટલ હતી. મને બાળકનો જન્મ આ કૌશીકના કારણે થયેલો છે. આ બધુ બન્યા બાદ મે આ બધાની વિજાપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. આ ફરીયાદ આપેલી તેમાં મે સહી કરેલી. મને મારી સહી બતાવામાં આવે તો હું ઓળખી શકુ."**

આમ, ભોગબનનારની સોગંદ ઉપરની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર શાળામાં અભ્યાસ માટે જતા હતા તે રીતે વિગત જણાવેલ છે તેમજ આરોપીએ ભોગબનનારને ચોકલેટ ખવડાવેલ અને ભોગબનનાર બેભાન થઇ ગયેલ. ત્યારબાદ આરોપી ભોગબનનારને હોટલમાં લઈ ગયેલ અને ત્યાં ભોગબનનારની સાથે ખરાબ કામ કરેલ છે. તે સંદર્ભેની ઘણી બધી વિગતો જણાવેલ છે અને આરોપી થકી ભોગબનનારને ગર્ભ રહેલ છે તે રીતની વિગત સરતપાસમાં જણાવેલ છે અને આરોપીએ ભોગબનનારની સાથે જે શરીર સંબંધ બાંધેલ છે તે શરીર સંબંધ થકી ભોગબનનારે બાળકને જન્મ આપેલ છે તે રીતની વિગત જણાવેલ છે.

વધુમાં આરોપીની ઓળખના મુદ્દા ઉપર આ ભોગબનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસના પેરા નં.૯ માં બીજી મહત્વની વિગત જાહેર કરેલ છે કે,

> **"(૯)હું જે કૌશીકની વાત કરૂ છુ તે કૌશીકને હું ઓળખુ છુ. ભોગબનનારને ટીવી સ્કીન પર એક ઇસમ બતાવવામાં આવે છે. જેને કૌશીક તરીકે ઓળખી બતાવે છે. તે વ્યકિતને કોર્ટ રૂબરૂ પુછતા આરોપી પોતે પોતાનુ નામ-મકવાણા કૌશીકસિંહ મહેન્દ્રસિંહ હોવાનું જણાવે છે. આ કૌશીક કે જેણે મારી સાથે દુષ્કર્મ કરેલ હતુ તે છે."**

આમ, **ભોગબનનારે હાલના આરોપી કૌશીકને કોર્ટ રૂબરૂ**

**ભોગબનનારની સાથે દુષ્કર્મ કરનાર વ્યકિત તરીકે સ્પષ્ટ ઓળખી બતાવેલ છે**. વધુમાં આ ભોગબનનારે ડોકટર સમક્ષ પોતાની સાથે જે કોઈ બનાવ બનેલો તેની વિગતો જણાવેલ છે તેમજ બાળકને જન્મ આપ્યા બાદ માતા–પિતાને પણ તમામ વિગતો જણાવેલ છે. આ સિવાય હાલના આરોપી કૌશીકે ભોગબનનારની સાથે જે હોટલમાં જે રૂમમાં દુષ્કર્મ કરેલ છે તે રૂમ પણ બતાવેલ છે.

આવા સંજોગોમાં ભોગબનનારની સરતપાસમાં જણાવેલ આ હકીકતની સામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે સમગ્ર ઉલટતપાસની વિગતો અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> **"(૧૦)હું ધોરણ–૧૨ સાયન્સ પાસ થયેલી છુ. હું કોલેજમાં ભણતી નથી. મારે કોલેજમાં અભ્યાસ માટે એડમીશની કોઈ પ્રક્રિયા ચાલુ નથી. મે ધોરણ–૧૨ નવેમ્બર–૨૦૨૪માં પાસ કરેલું. ધોરણ–૧૨ની પ્રથમ પરીક્ષા માર્ચ મહીનામાં આવે છે. મે માર્ચ–૨૦૨૪માં પરીક્ષા આપેલી. માર્ચ–૨૦૨૪ની પરીક્ષામાં હું નાપાસ થયેલી. મે રીપીટર તરીકે પરીક્ષા આપેલી ન હતી પરંતુ એન.આઈ.યુ.એસ.ની પરીક્ષા આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ મહીનમાં આપેલી છે. આ મહીનો એટલે ૧૧મો મહીનો અને એક વિષયની પરીક્ષા બાકી છે. હું ધોરણ–૧૨માં ત્રણ વિષયમાં નાપાસ થયેલી. મે નવેમ્બર–૨૦૨૪માં અંગ્રેજી અને સંસ્કૃતની પરીક્ષા પાસ કરેલી. માર્ચ–૨૦૨૪માં મે બોર્ડની પરીક્ષા આપી ત્યાં સુધી મારે સ્કુલે જવાનું થયેલું. બોર્ડની પરીક્ષા પછી નીટની પરીક્ષાના કલાસ કરવા માટે સ્કુલે જતી હતી. આ સ્કુલમાં નીટ પરીક્ષાનું ભણાવતાં હતા. મારી સ્કુલમાં મારી સોસાયટીની એક છોકરી ભણતી હતી પરંતુ તે બીજા કલાસમાં હતી. મારે અને તેને જવા–આવવાનો સમય સરખો ન હતો. એ વાત ખરી નથી કે, સ્કુલ છુટીયા બાદ મારે અને મારી સાથે મારી સોસાયટીમાં ભણતી છોકરીને સાથે નીકળવાનું થતુ હતુ. મારા કલાસમાં આશરે પંદર થી વિસ જેટલી છોકરીઓ હતી. આ મારા કલાસની પંદર થીવિસ જેટલી છોકરીઓ સ્કુલ છુટવાનો સમય થાય ત્યારે સાથે નીકળતી હતી.**
>
> **(૧૧) આ બનાવની ફરીયાદ મે તા.૨૯/૭/૨૦૨૫ના રોજ આપેલી. આ ફરીયાદ લેવા માટે હું હોસ્પીટલમાં હતી ત્યારે પોલીસ ત્યાં આવેલી. પોલીસ ફરીયાદ લેવા માટે આવેલી તે સમયે હું અને પોલીસ એમ બે જણા હતા. <u>જો</u>**

મને એવું પુછવામા આવતુ હોય કે આ ફરીયાદ લખવાની શરૂઆત થઈ ત્યારે તમારા મમ્મી–પપ્પા અને દાદા ત્યાં આવી ગયેલા તો હું જણાવુ છુ કે, મારી સહી જ કરાવેલી તે સમયે હું બેભાન જેવી હતી. હું બેભાન હતી તેથી પોલીસ આવેલી કે નહી આવેલી તેની ખબર પડેલી નહી. મે તે સમયે મારા મમ્મી–પપ્પાને કહેલું કે તમે ફરીયાદ કરી દો અને મે તેમાં સહી કરેલી. આંક–૧૮ વાળી ફરીયાદની વિગત મે લખાવેલી પરંતુ હુ તે સમયે બેભાન હતી.હું ભાનમાં આવ્યા બાદ પોલીસે આક–૧૮ વાળી ફરીયાદમાં કોઈ સુધારો વધારો કરવા માટે મને પુછેલું નથી. મે ફરીયાદ આપી અને મને જજ સાહેબ પાસે લઈ ગયા તે સિવાય પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નથી. મે પોલીસમાં ફરીયાદ આપી ત્યારપછી એક–દોઢ મહીના પછી મને નિવેદન અપાવવા માટે જજ સાહેબ પાસે લઈ ગયેલા. એ વાત ખરી નથી કે, પોલીસે મને જજ સાહેબ પાસે કેવી રીતે લખાવવાનું તે સમજાવેલું. એ વાત ખરી નથી કે, મારૂ એકટીવા બંધ થઈ ગયેલું તે વિગત મારા આંક–૧૯ વાળા નિવેદનમાં જજ સાહેબને લખાવેલી નથી. મારૂ આ એકટીવા બંધ થઈ ગયેલું તેની વાત ઘરે જઈને મે મારા મમ્મી–પપ્પા કે દાદા–દાદીને કરેલી ન હતી.આ કૌશીકે મારૂ એકટીવા બંધ થઈ ગયેલું તે મદદ કરી ચાલુ કરી આપેલું તે વાત પણ મે ઘરે જઈને મે મારા મમ્મી–પપ્પા કે દાદા–દાદીને કરેલી ન હતી. એ વાત ખરી છે કે, આ કૌશીક મને લઈ ગયેલો અને મારી સાથે જે કાંઈ કર્યુ તેની વાત આ બાળકનો જન્મ થયો ત્યાં સુધી મે ઘરમાં કોઈને કહેલું નથી. આ કૌશીક આવતો હતો અને મને ઉભી રાખતો હતો તે વાત મારી સાથે સ્કુલમાં ભણતી છોકરીઓ જાણતી ન હતી. આ કૌશીક મારી શાળાના ગેઈટ પાસે આવતો અને ઉભી રાખતો હતો તે વાત મે તે સમયે મારા ઘરવાળાઓને કરેલી નથી. જો મને એવું પુછવામાં આવતુ હોય કે આ કૌશીક તમારા સ્કુલના ગેઈટ પાસે આવીને તમોને ઉભી રાખતો હતો તે બાબતે ફરીયાદ સ્કુલમાં કરેલી છે તો હું જણાવુ છુ કે, સ્કુલે જતાં રસ્તામાં ઉભી રાખતો હતો. એ વાત ખરી છે કે, આ કૌશીક મને રસ્તામાં જે જગ્યાએ ઉભી રાખતો હતો તે જગ્યા મે પોલીસને બતાવેલી નથી. એ વાત ખરી છે કે, આ કૌશીકે મને કઈ તારીખે ચોકલેટ ખવડાવેલી અને હું બેભાન થયેલી તે પોલીસને લખાવેલું નથી. એ વાત ખરી છે કે, આ કૌશીક મને રસ્તામાં ઉભી રાખી મને હેરાન કરતો હતો તેની ફરીયાદ મે મારા ઘરે કરેલી નથી તેમજ સ્કુલમાં પણ કરેલી નથી. એ વાત ખરી નથી કે, આ ફોટા કયારે પાડેલા અને કઈ જગ્યાએ પાડેલા અને ફોટા કેવા હતા તે પોલીસને લખાવેલું નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારા ફોટા ખરાબ હતા તેવું લખાવેલું છે. પોલીસે મને ફોનમાં ફોટા બતાવેલા નથી. એ વાત ખરી છે કે, મારા

ખરાબ ફોટા પાડેલા તેની વાત આ દશ મહીના સુધી મે મારા ઘરમાં કે મારી બહેનપણીઓને કે બીજા કોઇને કરેલી નથી. જો મને એવું પુછવામાં આવતુ હોય કે, તમે ફરીયાદમાં હોટલનું નામ લખાવેલું નથી તો હું જણાવુ છુ કે, મે પોલીસને હોટલનું નામ જણાવેલું અને પછી મને આશ્રમ ચોકડી લઇ ગયેલા. એ વાત ખરી છે કે, આ ચોકલેટ ખવડાવીયા બાદ હું બેભાન થઇ જતાં તે મને કઇ જગ્યાએ લઇ ગયેલો અને મારી સાથે શું કરેલું તેની મને ખબર નથી. હું બેભાન થઇ ગયેલી અને મને હોટલમાં લઇ ગયેલો તે હોટલનું નામ કૌશીકે પોલીસને કહેલું. એ વાત ખરી છે કે, કૌશીકે પોલીસને હોટલના નામની અને રૂમની વિગત જણાવેલી તે પહેલા મને આ હોટલના નામની અને રૂમની વિગતની ખબર ન હતી. હું હોટલમાં પોલીસની સાથે ગયેલી ત્યારે હોટલના મેનેજરે કહેલું કે આ બહેન હોટલમાં આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, મારી હાજરીમાં હોટલના મેનેજરે એવું કહેલ કે આ બેનને બેભાનમાં હાલતમાં લઇને આવેલા. એ વાત ખરી નથી કે, મારી ફરીયાદમાં ''કૌશીકનો જન્મ દિવસ હતો''તેવી વાત લખાવેલી નથી. એ વાત ખરી નથી કે, મે મારી ફરીયાદમાં ''આ કૌશીકે મને ચપ્પુ બતાવીને ધમકી આપેલી કે તારા ભાઇને મારી નાખીશ અને તારા પપ્પાને પણ મારી નાખીશ. જો તું ઘરે કહી દઇશ તો ગુંડાઓ લઇને તારા ઘરે તારા ભાઇને અને પપ્પાને મારી નાખીશ તેવી ધમકી આપેલી''ની વિગત લખાવેલી નથી. એ વાત ખરી નથી કે, મે મારી ફરીયાદમાં'' આ કૌશીક મને પાંચ થી છ વખતે લઇ ગયેલો''ની વિગત લખાવેલી નથી. એ વાત ખરી નથી કે, મે મારી ફરીયાદમાં ''હું સેકન્ડરી સ્કુલ વિજાપુર ખાતે ધોરણ-૧૨માં સાયન્સમાં અભ્યાસ કરતી હોય મારા ઘરેથી એકલી જ શાળામાં જતી હતી તે વખતે આશરે નવેમ્બર-૨૦૨૪માં મારે મકવાણા કૌશીક મહેન્દ્રસિંહ નામના છોકરા સાથે ઓળખાણ થયેલી''ની વિગત લખાવેલી છે. એ વાત ખરી નથી કે, મે મારી ફરીયાદમાં ''અમારી વચ્ચે વાતચીત થતી હતી ત્યારબાદ મારે અને કૌશીક વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલો''ની હકિકત લખાવેલી છે. એ વાત ખરી નથી કે,મારે અને કૌશીક વચ્ચે પ્રેમ સંબંધ હતો તેથી દશ મહીના સુધી મે ઘરમાં કોઇને કહેલું નહી અને પાછળથી આ ખોટી વિગત ઉભી કરેલી છે."

આમ, ભોગબનનારે પોતાની સરતપાસમાં બનાવ સંદર્ભે જે કોઇ વિગતો જણાવેલ છે તે વિગતની સામે આરોપી દ્વારા ઉલટતપાસમાં જે કોઇ વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે અક્ષર સહઃ અત્રે નોંધવામાં આવેલ છે.

આવા સંજોગોમાં ભોગબનનારની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગતો ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર ધોરણ–૧૨ માં અભ્યાસ માટે જતા હતા તે રીતની વિગત સરતપાસમાં તેમજ ઉલટતપાસમાં એક સરખી રહેલ છે અને તેનાથી વિરૂધ્ધની કોઇ વિગત આરોપી તર્ફે ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. જેથી ભોગબનનાર શાળાએ અભ્યાસ માટે જતા હતા તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળતુ હોવાથી ભોગબનનારની જુબાનીના આધારે તે હકીકત સાબીત થાય છે તેમ માનું છું.

વધુમાં, **આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા ભોગબનનાર શાળામાં જતા હતા તે સમયે તેઓની સાથેની અન્ય છોકરીઓ સાથે ભોગબનનારને મળવાનું થતુ હતુ અને સાથે નીકળતા હતા તે રીતે પ્રશ્નો પુછવામાં આવેલ છે પરંતુ આ કેસમાં ફરીયાદપક્ષનો કેસ એવો નથી કે, ભોગબનનાર બહેનપણીઓ સાથે જતી હોય અને સાથે આવતી હોય**. આ સિવાય બનાવના સંજોગો ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે ઘરેથી શાળાએ બહેનપણીઓ સાથે જ આવે અને શાળાએથી બહેનપણીઓ સાથે ઘરે પરત આવવુ જરૂરીયાત હોય તેવુ પણ નથી. **બીજા શબ્દોમાં કહેવામાં આવે તો ભોગબનનારનુ ઘરેથી શાળાએ જવા અને શાળાએથી ઘરે પરત આવવાનું જે કૃત્ય છે તે કે જે ભોગબનનારની અભ્યાસની પ્રવૃતિ છે તેમા ભોગબનનારની સ્વતંત્ર ઈચ્છા હોય છે કે કયારે શાળાએ જવુ, એકલા જવુ કે બહેનપણીઓ સાથે જવુ કે બહેનપણીને લીધા સિવાય જવુ અને તે સંજોગોમાં ભોગબનનાર બહેનપણીઓને પોતાની સાથે લઇને ગયેલ નથી કે ભોગબનનાર બહેનપણી સાથે ગયેલ નથી તેનાથી ફરીયાદપક્ષના કેસને વિરૂધ્ધની કોઇ અસર થતી નથી. આ સિવાય ભોગબનનાર એકલા ગયેલ છે કે બહેનપણીઓ સાથે ગયેલ છે તે બાબતથી આરોપીને બચાવમાં કોઇ લાભ થતો નથી તેમ માનું છું**.

વધુમાં, આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવે છે તેમા તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ ભોગબનનારની

આંક–૧૮ વાળી જે ફરીયાદ થયેલી છે તે ફરીયાદ સંદર્ભે વિગત રેકર્ડ ઉપર આવેલ છે. આરોપી તર્ફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ વિગતે અનુસાર તા.૨૯/૦૭/૨૦૨૫ વાળી ફરીયાદ હોસ્પીટલમાંથી આપવામાં આવેલ છે તે રીતની વિગત ભોગબનનારે ઉલટતપાસમાં જણાવેલ છે અને તે હકીકતની સાથે **આંક–૧૮ વાળી ફરીયાદની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમા ફરીયાદના અંતે "કેમ્પ જનરલ હોસ્પીટલ" તે રીતે લખવામાં આવેલ છે**. આમ, **આંક–૧૮ વાળી ફરીયાદ હોસ્પીટલમાંથી આપવામાં આવેલ છે તે બાબત પુરાવામાં વ્યાજબી રીતે શંકારહીત સાબીત થાય છે તેમ માનું છું**.

આ કામે ભોગબનનારની ઉલટતપાસમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા એવુ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> **"પોલીસ ફરીયાદ લેવા માટે આવેલી તે સમયે હું અને પોલીસ એમ બે જણા હતા. જો મને એવું પુછવામા આવતુ હોય કે આ ફરીયાદ લખવાની શરૂઆત થઈ ત્યારે તમારા મમ્મી–પપ્પા અને દાદા ત્યાં આવી ગયેલા તો હું જણાવુ છુ કે, મારી સહી જ કરાવેલી તે સમયે હું બેભાન જેવી હતી. હું બેભાન હતી તેથી પોલીસ આવેલી કે નહી આવેલી તેની ખબર પડેલી નહી. મે તે સમયે મારા મમ્મી–પપ્પાને કહેલું કે તમે ફરીયાદ કરી દો અને મે તેમાં સહી કરેલી. આંક–૧૮ વાળી ફરીયાદની વિગત મે લખાવેલી પરંતુ હુ તે સમયે બેભાન હતી.હું ભાનમાં આવ્યા બાદ પોલીસે આક–૧૮ વાળી ફરીયાદમાં કોઈ સુધારો વધારો કરવા માટે મને પુછેલું નથી."**

આમ, આંક–૧૮ વાળી ફરીયાદ પોલીસ દ્વારા હોસ્પીટલમાં લખવામાં આવી તે સમયે ભોગબનનાર સંપૂર્ણ ભાનમાં હતી કે અર્ધ બેભાન હતા કે સંપૂર્ણ બેભાન હતા તે મુદ્દા ઉપર ઉલટતપાસ કરવામાં આવેલ છે. આ કેસમાં ભોગબનનારે દવાખાનામાં બાળકને જન્મ આપેલો છે અને આંક–૧૮ વાળી ફરીયાદ જનરલ હોસ્પીટલ, વિજાપુર ખાતે કેમ્પ કરીને પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે.કે. ચૌધરી નાઓએ લીધેલ છે. આમ, આંક–૧૮ વાળી ફરીયાદ લેવામાં આવી તે સમયે ભોગબનનાર હોસ્પીટલમાં દાખલ હતા અને તેઓએ બાળકને જન્મ આપેલો છે. આ વિગતની સાથે આંક–૬૧ વાળી દવાખાના વર્ધી ધ્યાને

લેવામાં આવે તો ભોગબનનાર અપરણીત છે અને બાળકને જન્મ આપેલ છે તે બાબતને દવાખાના વર્ધી તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ "કલાક ૦૦-૪૦ વાગે " આપવામાં આવેલ છે.

**આવા સંજોગોમાં વ્યવહારના સામાન્ય ક્રમમાં કોઈ પણ સ્ત્રીની ડીલીવરી થાય એટલે કે બાળકને જન્મ આપે તે પહેલા ડીલીવરીના છેલ્લા તબકકામાં એટલે કે પ્રસવ પિડા શરૂ થઈ હોય ત્યારે ડોકટર દ્વારા કેટલીક દવાઓ આપવામાં આવતી હોય છે તેવી જ રીતે ડીલીવરી થયા બાદ એટલે કે બાળકનો જન્મ થયા બાદ જે સ્ત્રીની પ્રસૃતિ થયેલ હોય તે સ્ત્રીને ડોકટર દ્વારા બીજી કેટલીક દવાઓ પણ આપવામાં આવતી હોય છે જેમા કેટલીક દવાઓ પેઇનકીલર તરીકે એટલે કે દર્દશામક હોય છે અને કેટલીક એન્ટીબાયોટીક દવાઓ હોય છે અને બીજી કેટલીક દવાઓ જે સ્ત્રીની પ્રસૃતિ થયેલ હોય તેની શારીરીક સ્થિતિ, તંદુરસ્તી અને કોઈ રોગ છે કે કેમ? તેને સંલગ્ન બાબતો જોઇને દવાઓ આપવામાં આવતી હોય છે. આવા સંજોગોમાં આંક-૧૮ વાળી ફરીયાદ ત.ક.અ. એ ભોગબનનાર દવાખાનામાં હતા તે સમયે લીધેલ છે. જયારે ભોગબનનારને કોઈ "સેડેશીવ દવા" કે જે દવાના કારણે વ્યકિતને ઘેન ચડે/ઉંઘ આવે તેવી આપવામાં આવેલ નથી તેવો કોઈ શેરો સારવાર કરનાર ડોકટર પાસેથી મેળવેલ નથી કે તેવુ કોઈ પ્રમાણપત્ર સારવાર કરનાર ડોકટર પાસેથી મેળવેલુ નથી.** વધુમાં, **ભોગબનનારે બાળકને જન્મ આપ્યો, અને ભોગબનનાર દવાખાનામાં આવ્યા ત્યારથી લઈને બાળકને જન્મ આપ્યો તે વચ્ચેના સમયગાળા દરમ્યાન તથા બાળકને જન્મ આપ્યો ત્યારથી લઈને આંક-૧૮ વાળી ફરીયાદ આપવામાં આવી તે વચ્ચેના સમયગાળા દરમ્યાન ડોકટરશ્રી દ્વારા ભોગબનનારને જે કોઈ દવાઓ આપવામાં આવેલ છે તે દવાઓના કારણે ભોગબનનારને કોઈ ઘેન ચઢેલુ નથી અને ભોગબનનાર અર્ધબેભાન અવસ્થામાં આવે તેવી કોઈ દવાઓ આપવામાં આવેલ નથી કે ભોગબનનારના મગજની કાર્ય પ્રણાલીકા ઉપર અસર થાય તેવી કોઈ દવાઓ આપવામાં આવેલ નથી તે રીતે કોઈ પ્રમાણપત્ર સારવાર કરનાર**

**ડોકટર પાસેથી મેળવેલ નથી તેમજ આંક–૧૮ વાળી ફરીયાદમાં ડોકટર પાસેથી પણ તેવો કોઇ શેરો ફરીયાદની શરૂઆતમાં કરવામાં આવી તે સમયે તેમજ ફરીયાદ લેવાની પુરી થઇ ત્યારે તેવો શેરો લેવામાં આવેલો નથી**. આવા સંજોગોમાં આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે અને ઉલટતપાસમાં આરોપીના વિ.વ.શ્રી દ્ધારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ વિગતોને ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે એવુ જણાવેલ છે કે,

"**મારી સહી જ કરાવેલ તે સમયે હું બેભાન જેવી હતી**."

આમ, **આ તમામ પરીબળો જોતાં આ કેસમાં આંક–૧૮ વાળી ફરીયાદ લેવામાં આવી તે સમયે ભોગબનનાર સંપૂર્ણ ભાનમાં હોય તેવુ પુરાવામાં રેકર્ડ ઉપર બચાવપક્ષ દ્ધારા લાવવામાં આવેલુ નથી**. વધુમાં **ભોગબનનાર આંક–૧૮ વાળી ફરીયાદ આપવામાં આવી તે સમયે સંપૂર્ણ બેભાન હોય તે રીતની વિગત પણ રેકર્ડ ઉપર લાવીને સાબીત કરવામાં આવેલ નથી**. **જેથી આ બંનેવ બાબતો જોતાં ભોગબનનારની સ્થિતિ "અર્ધબેભાન અવસ્થા" વાળી હોઇ શકે અથવા તો મહદ અંશે ભોગબનનારના મગજ ઉપર દવાઓની અસર હોય તે રીતે અદાલતે ધ્યાને લેવુ પડે**. **આવા સંજોગોમાં આંક–૧૮ વાળી ફરીયાદમાં ભોગબનનાર દ્ધારા જો કોઇ વિગત લખાવવામાં શરતચુક કરેલ છે અથવા કોઇ વિગત જાહેર કરેલ છે તે સંદર્ભે જો કોઇ અસ્પષ્ટતા થતી હોય તો તેનો ખુલાસો ભોગબનનારે તેઓની જુબાનીમાં કરેલો છે તેવો આ વિશિષ્ટ કેસ છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું ઉપરોકત વિગતના આધારે માનવુ છે**.

આવા સંજોગોમાં ભોગબનનારે આંક–૧૮ વાળી ફરીયાદમાં હાલના આરોપીએ ભોગબનનારને ખાવા માટે ચોકલેટ આપેલ અને ત્યારબાદ ગાડીમાં આશ્રમ ચોકડી બાજુ હોટલમાં લઇ ગયેલ અને ત્યાં શરીર સંબંધ બે વખત બાંધેલ તે રીતની વિગત જણાવેલ છે. આ હકીકતની સાથે ભોગબનનારની સરતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે સરતપાસમાં હાલના આરોપી દ્ધારા

ભોગબનનારને ચોકલેટ ખવડાવવામાં આવેલ અને ત્યારબાદ ભોગબનનારને અંધારા આવી ગયેલ અને બેભાન થઇ ગયેલ તે રીતની વિગત જણાવેલ છે અને ઉલટતપાસમાં પોલીસને કોઇ વિગત લખાવેલ નથી તે બાબતે એવુ સ્પષ્ટ જણાવેલ છે કે,

> **"આ કૌશીક મને રસ્તામાં જે જગ્યાએ ઉભી રાખતો હતો તે જગ્યા મે પોલીસને બતાવેલી નથી. એ વાત ખરી છે કે, આ કૌશીકે મને કઇ તારીખે ચોકલેટ ખવડાવેલી અને હું બેભાન થયેલી તે પોલીસને લખાવેલું નથી."**

આમ, **ભોગબનનારે આરોપી દ્વારા ભોગબનનારને કઇ તારીખે ચોકલેટ ખવડાવવામાં આવેલ તે રીતની વિગત પોલીસને જણાવેલ નથી. તેની સામે ફરીયાદપક્ષના કેસમાં કોઇ પણ જગ્યાએ આરોપીએ ભોગબનનારને કોઇ ચોકકસ તારીખે ચોકલેટ ખવડાવેલી હોય તે રીતની કોઇ તારીખ વાળો કેસ રજુ કરેલો નથી. જેથી ભોગબનનારે આરોપી દ્વારા ચોકલેટ ચોકકસ કઇ તારીખે ખવડાવવામાં આવેલ તેની વિગત જાહેર કરેલ નથી તેના કારણે આરોપીને બચાવમાં કોઇ લાભ થતો નથી અને ફરીયાદપક્ષના કેસમાં કોઇ શંકા ઉપસ્થિત થતી નથી તેમ સ્પષ્ટ માનું છું**.

વધુમાં આ કામે ભોગબનનારે પોતાની સરતપાસમાં હાલના આરોપી ભોગબનનારને વારંવાર રસ્તામાં ઉભા રાખવા માટે પ્રયત્ન કરતા હતા તે રીતે વિગત જણાવેલ છે. આ હકીકતની સામે આરોપી દ્વારા ઉલટતપાસમાં એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> **"આ કૌશીક તમારા સ્કુલના ગેઇટ પાસે આવીને તમોને ઉભી રાખતો હતો તે બાબતે ફરીયાદ સ્કુલમાં કરેલી છે તો હું જણાવુ છુ કે, સ્કુલે જતાં રસ્તામાં ઉભી રાખતો હતો. એ વાત ખરી છે કે, આ કૌશીક મને રસ્તામાં જે જગ્યાએ ઉભી રાખતો હતો તે જગ્યા મે પોલીસને બતાવેલી નથી."**

આમ, આરોપી દ્વારા ઉલટતપાસમાં આ જ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. તેના આધારે ભોગબનનારે શાળામાં આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ ભોગબનનારે કરેલ નથી તેમજ હાલના આરોપી સ્કુલના ગેટ પાસે આવીને ઉભા રહેતા હોય તેવુ પણ આ કેસમાં બનેલ

નથી. વધુમાં ભોગબનનારને સ્કુલ જતા રસ્તામાં આરોપી દ્વારા ઉભા રાખવામાં આવતા હતા. આમ, **ભોગબનનાર ઘરેથી સ્કુલે જતા હતા તે ઘરથી સ્કુલ વચ્ચેના રસ્તામાં આરોપી દ્વારા ભોગબનનારને ઉભા રાખવામાં આવતા હતા. આ બાબતે ભોગબનનારે પોલીસને કોઈ જગ્યા બતાવેલ નથી તેવુ ભોગબનનારે જણાવેલ છે. આ વિગતની સાથે ત.ક.અ. દ્વારા ભોગબનનારને તપાસના કામે આરોપી સ્કુલે જવાના રસ્તા ઉપર જયાં ઉભા રાખતા હતા તે જગ્યા બતાવવા માટે જણાવેલ હોય અને ભોગબનનારે આવી કોઈ જગ્યા બતાવી શકેલા ન હોય તેવુ પુરાવામાં કોઈ પણ જગ્યાએ રેકર્ડ ઉપર બચાવપક્ષ દ્વારા લાવીને સાબીત કરવામાં આવેલ નથી**. આવા સંજોગોમાં ત.ક.અ. ની તપાસની કાર્યરેખાની અંદર જે બાબત આવી છે તેમા ત.ક.અ. દ્વારા જો કોઈ શરતચુક તપાસમાં થયેલ હોય તો તેના કારણે ભોગબનનારને ન્યાયથી વંચીત રાખી શકાય નહી. આવા સંજોગોમાં **ભોગબનનારે આરોપી દ્વારા રસ્તામાં ઉભા રાખવામાં આવતા હતા તે જગ્યા પોલીસને બતાવેલ નથી માત્ર તેટલા કારણથી ફરીયાદમાં જણાવેલ છે તેવો કોઈ બનાવ બનેલો નથી તેવુ કોઈ પણ સંજોગોમાં કોઈ પણ દ્રષ્ટિકોણથી માની શકાય નહિ તેમ માનું છું**.

વધુમાં, આ કામે ભોગબનનારની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે સરતપાસમાં આરોપી દ્વારા ભોગબનનારના ખરાબ ફોટા પાડવામાં આવેલાની વિગત જણાવેલ છે તેમજ ભોગબનનાર પોલીસને આશ્રમ ચોકડી પાસે લઈ ગયેલ અને ત્યાં આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલ તે હોટલ બતાવેલ છે. આવા સંજોગોમાં ભોગબનનારની સાથે આરોપી દ્વારા શરીર સંબંધ એક કરતા વધારે વખત અલગ અલગ સમયે બાંધવામાં આવેલ છે તે રીતની વિગત સરતપાસમાં તેમજ ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવે છે. **બીજા શબ્દોમાં કહેવામાં આવે તો ભોગબનનારની સમગ્ર જુબાની દરમ્યાન ભોગબનનારને કે ભોગબનનારના માતા–પિતાને કે ભોગબનનારના કુટુંબીજનોને આરોપી સાથે કે આરોપીના**

પરીવાર સાથે કોઈ દુશ્મનાવટ કે અદાવત હોય તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. વધુમાં, આરોપી ભોગબનનારને ભુતકાળમાં ક્યારેય કોઈ પણ સમયે મળેલા ન હોય અને ભોગબનનાર તથા આરોપી એકબીજાને આ ફરીયાદ પહેલા ક્યારેય ઓળખતા ન હોય એકબીજાને જોયેલા ન હોય અને બંનેવ એક બીજા માટે અજાણી વ્યકિત હોય તે રીતે પણ કોઈ વિગત પુરાવામાં ઉલટતપાસમાં આરોપી તર્ફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આવા સંજોગોમાં આ બાબતને ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર તથા આરોપી એક બીજાને આંક-૧૮ વાળી ફરીયાદ આપવામાં આવી તે પહેલાથી ઓળખતા હતા તેવુ સ્પષ્ટ થાય છે. વધુમાં, ભોગબનનારે જે હોટલની વિગત જણાવેલ છે તે હોટલમાં ભોગબનનારે પોલીસને લઈ જઈને રૂમ નં.૩૦૩ બતાવેલ છે અને પોલીસે તે જગ્યાનું પંચનામુ કરેલુ છે. આ બાબતે ફરીયાદપક્ષ તરફથી દસ્તાવેજી પુરાવામાં આ હોટલના રજીસ્ટરની નકલ આંક-૬૩ થી રજુ થયેલ છે. આ આંક-૬૩ વાળા રજીસ્ટરની નકલની વિગત ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપી રોયલ ગોલ્ડ હોટલમાં રૂમ નં.૩૦૩ માં તા.૨૮/૧૨/૨૦૨૪ ના રોજ ગયેલા છે તે રીતની વિગત તેમાથી સ્પષ્ટ થાય છે. વધુમાં આંક-૬૩ વાળો દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો તેમા રજીસ્ટરના ધંધા વાળા કોલમમાં "જોબ" ની વિગત લખેલ છે. આ સિવાય હોટલમાં આવવાનો સમય કલાક ૧૧-૦૦ નો અને હોટલમાંથી જવાનો સમય કલાક ૧૨-૪૦ પી.એમ. નો હોવાનું લખવામાં આવેલ છે. વધુમાં આ રજીસ્ટરની સાથે આરોપીએ આ રોયલ ગોસ્ડ હોટલમાં રૂમ લેતી લખતે પોતાના આધારકાર્ડની નકલ આપેલ છે. તેમજ આરોપીની સાથે "દિપીકા પંચાલ" નામની યુવતી ગયેલ છે તેવી વિગત તેમાં જાહેર કરવામાં આવેલ છે. આમ, આરોપી રોયલ ગોલ્ડ હોટલમાં યુવતીઓ સાથે જતા હતા તે રીતની વિગતને આંક-૬૩ વાળા દસ્તાવેજી પુરાવાના આધારે વ્યાજબી સમર્થન મળે છે. જેથી ભોગબનનારનું કથન કે, આરોપી ભોગબનનારને હોટલ રોયલ ગોલ્ડમાં લઈ ગયેલ છે તે હકીકત ઉપરોક્ત આંક-૬૩ વાળો દસ્તાવેજ

વંચાણે લેતા ભોગબનનારના કથનની વિગતના આધારે વ્યાજબી અને માની શકાય તેવી હોવાનું જણાય છે.

આ કામે આરોપી તરફે બી.એન.એસ.એસ. ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં કોઈ પણ જગ્યાએ પોતે ક્યારેય હોટલ રોયલ ગોલ્ડમાં કોઈ યુવતીને લઈને ગયેલ નથી તે રીતની વિગત જાહેર કરેલ નથી. આ સિવાય આરોપી દ્વારા આંક–૬૩ વાળા દસ્તાવેજમાં "દીપીકા પંચાલ" નામની જે યુવતીનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે યુવતીને પોતાના બચાવના સાક્ષી તરીકે તપાસીને પોતાના કાયદેસરના હિત માટે આ હોટલમાં લઈ ગયેલ હોય તે રીતની વિગત બચાવમાં પુરાવામાં રેકર્ડ ઉપર લાવીને સાબીત કરેલ નથી. આવા સંજોગોમાં વ્યવહારના સામાન્ય ક્રમમાં વ્યક્તિ પોતે કાયદા વિરૂધ્ધનું એવું કૃત્ય કરતી હોય કે જે ગુનાની વ્યાખ્યાના વર્તુળમાં આવતું હોય ત્યારે પોતાના બચાવ માટે પ્રથમથી જ કેટલીક પૂર્વ તૈયારી કરતી હોય છે અને તેના ભાગરૂપે આ આંક વાળા દસ્તાવેજમાં "દીપિકા પંચાલ" તે રીતે ખોટું નામ લખાવવામાં આવેલ હોય તે બાબતની સંભાવના નકારી શકાય તેવી નથી. આમ, હાલના આરોપી ભોગબનનારને હોટલ રોયલ ગોલ્ડમાં લઈ જતા હતા તે બાબત વ્યાજબી અને સંજોગોને આધિન માની શકાય તેવી હકીકત હોવાનું અત્રેની અદાલતનું શુદ્ધ બુદ્ધિપૂર્વકનું માનવું છે.

વધુમાં, આ હકીકતની સાથે આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા ભોગબનનારની ઉલટતપાસમાં હોટલના મેનેજર પાસે કે સ્ટાફ પાસે પોલીસે ભોગબનનારની ઓળખ કરાવેલી નથી તે બાબત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. તેવી જ રીતે તપાસ કરનાર અમલદાર ની જુબાનીમાં પણ તપાસ કરનાર અમલદારે હોટલના મેનેજર અને સ્ટાફ મારફતે ભોગબનનાર તેઓની હોટલમાં આવેલ હોય તે રીતની કોઈ ઓળખ કરાવેલ નથી તે વિગત રેકર્ડ ઉપર લાવવા તે મુદ્દા ઉપર સવિશેષ ભાર મુકેલ છે.

વ્યવહારના સામાન્ય ક્રમમાં હોટલમાં વ્યક્તિઓ રૂમ લેતી હોય

અને કેટલાક ટૂંકા કલાકો માટે કે એક બે દિવસ માટે રોકાણ કરી જતી રહેતી હોય છે જેથી સ્વાભાવિક રીતે વ્યવહારના સામાન્ય ક્રમમાં અજાણી વ્યક્તિઓ ક્ષણિક હોટલમાં આવતી જતી જોવા મળતી હોય તો તેનો ચહેરો ઘણી વખત વ્યક્તિને યાદ ન પણ રહે. તેવી જ રીતે હોટલમાં સ્ટાફની કામગીરીના કલાકો મર્યાદિત હોય છે અને તે સંજોગોમાં આરોપી ભોગબનનારને જે સમયે હોટલમાં લઈને ગયેલ હોય તે સમયે જે સ્ટાફ ફરજ બજાવતો હોય તેજ સ્ટાફ ભોગબનનારે ગુના વાળી જગ્યા બતાવી તે સમયે હાજર ન પણ હોઈ શકે અને તે સંજોગોમાં હોટલના સ્ટાફ દ્વારા ભોગબનનારને તેઓની હોટલમાં આવેલ છે તે રીતે ઓળખી બતાવવામાં આવેલ નથી તે કારણથી આરોપીને બચાવમાં કોઈ જ લાભ પ્રાપ્ત થતો નથી.

વધુમાં, આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા સી.સી.ટી.વી. ફૂટેજના મુદ્દા ઉપર પણ ભાર મૂકવામાં આવેલો છે. વ્યવહારના સામાન્ય ક્રમમાં સી.સી.ટી.વી. ફૂટેજ ડી.વી.આર. માં નિયમિત રેકોર્ડ થતું હોય છે પરંતુ આ સી.સી.ટી.વી. ફૂટેજ રેકર્ડ કરવા માટેની ડી.વી.આર.માં ચોક્કસ ક્ષમતા હોય છે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો ડી.વી.આર.માં રેકર્ડિંગની સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ હોય છે. જેથી કેટલાક પ્રકારની ડી.વી.આર.માં ૧૫ દિવસ કરતાં વધારે જુના સી.સી.ટી.વી. ફૂટેજ આપોઆપ ડીલીટ થઈ જતા હોય છે, જ્યારે કેટલીક વધુ ક્ષમતા વાળી ડી.વી.આર.માં ૩૦ દિવસ કરતા વધારે જુના સી.સી.ટી.વી. ફૂટેજ આપોઆપ ડીલીટ થઈ જતા હોય છે તેવી જ રીતે અત્યંત વધારે ક્ષમતા વાળી ડી.વી.આર. માં સી.સી.ટી.વી. ફૂટેજ દિન–૯૦ પછી આપોઆપ ડિલીટ થઈ જતી હોય છે. આવા સંજોગોમાં ભોગબનનારને જે અરસામાં હોટલ રોયલ ગોલ્ડમાં આરોપી લઈ ગયેલાનો આક્ષેપ કરવામાં આવેલ છે તે સમય અને પોલીસે ગુનાબનાવ વાળી જગ્યાનું પંચનામું કરેલ છે તે વચ્ચેનો સમયગાળો જોતા સ્વાભાવિક રીતે સી.સી.ટી.વી. ફૂટેજ ડી.વી.આર. માંથી તેની ક્ષમતાના આધારે આપોઆપ ડીલીટ થઈ ગયેલ હોય અને તેથી આવી

**સી.સી.ટી.વી. ફૂટેજ કોઈપણ સંજોગોમાં મળી શકે નહી. જેથી ત.ક.અમલદારે આવી કોઈ સી.સી.ટી.વી. ફૂટેજ કબજે કરેલ નથી તે વ્યવહારના સામાન્ય ક્રમની વ્યાજબી સામાન્ય બાબત છે. વધુમાં આરોપી તરફે બચાવમાં કોઈપણ જગ્યાએ હોટલ રોયલ ગોલ્ડના કોઈ કર્મચારીને કે માલિકને પોતાના બચાવના સાક્ષી તરીકે તપાસીને આ તમામ સમયગાળાના સી.સી.ટી.વી. ફૂટેજ તેઓ પાસે ઉપલબ્ધ હોય તેવી કોઈ વિગત રેકર્ડ ઉપર લાવીને સાબીત કરેલ નથી. આમ, હોટલ રોયલ ગોલ્ડના સી.સી.ટી.વી. ફૂટેજ કે જે ફરીયાદી બનાવ જે અરસામાં બનેલ હોવાનું જણાવે છે તે બનાવના અરસાના સી.સી.ટી.વી. ફૂટેજ હાલમાં અસ્તિત્વમાં હોય તેવી કોઈ જ વિગત પુરાવામાં રેકર્ડ ઉપર સાબીત થતી નથી. તે સંજોગોમાં જો સી.સી.ટી.વી. ફૂટેજનો પુરાવો હોવાની હકીકત સાબીત થતી ન હોય તો તેવા સી.સી.ટી.વી. ફૂટેજ કબજે લેવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી તેવું મારૂ શૂધ્ધબુધ્ધિપૂર્વકનું માનવું છે.**

**વ્યવહારના સામાન્ય ક્રમમાં પુરૂષ અને સ્ત્રીનો શરીર સંબંધ બંધાય ત્યારબાદ સામાન્ય રીતે ગર્ભ સ્ત્રીને રહેતો હોય છે**. બીજા શબ્દોમાં કોઈ સ્ત્રી ગર્ભધારણ કરી શકતી ન હોય તો આધુનિક મેડિકલ ટ્રીટમેન્ટ એટલે કે આઇ.વી.એફ. દ્વારા સ્ત્રીને ગર્ભ રખાવી અને આઇ.વી.એફ. દ્વારા સ્ત્રીના અંડબીજનુ પુરૂષના શુક્રાણુ દ્વારા ફલન કરાવવામાં આવે અને ત્યારબાદ તેવી સ્ત્રીના ગર્ભાશયમાં મેડિકલ ટ્રીટમેન્ટથી શસ્ત્રક્રિયા દ્વારા તે ગર્ભને ગર્ભાશયમાં પ્રસ્થાપિત કરી અને બાળકને જન્મ આપવામાં આવતો હોય છે. **આ કિસ્સામાં ભોગબનનારને આઇ.વી.એફ. પદ્ધતિ દ્વારા ગર્ભવતી બનાવવામાં આવેલ હોય અને ભોગબનનારે બાળકને જન્મ આપેલ હોય તેવો આરોપીનો બચાવ કોઈ પણ જગ્યાએ આ કેસમાં નથી**.

વધુમાં, **આ કામે આરોપીનું બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલું છે તેમાં હાલના આરોપીએ પોતાના શુક્રાણુ કોઈ વીર્ય બેન્કમાં ડિપોઝિટ કરેલ હોય તેવો કોઈ**

ખુલાસો કરેલ નથી તેમજ હાલના આરોપીએ પોતાના વીર્યનું કોઈ સંસ્થામાં દાન કરેલ હોય તેવો પણ કોઈ ખુલાસો કરી તેને સંલગ્ન દસ્તાવેજી પુરાવો ટ્રાયલ દરમ્યાન કોર્ટના રેકર્ડ ઉપર પોતાના બચાવમાં રજુ કરીને તે વિગત સાબીત કરેલ નથી. આમ, હાલના આરોપી દ્વારા પોતાનું વીર્ય કોઈ વીર્ય બેન્કમાં ડિપોઝિટ કરાવવામાં આવેલ નથી તેમજ હાલના આરોપીએ કોઈ સંસ્થામાં પોતાના વીર્યનું દાન પણ કરેલ નથી. જેથી આ મહત્વની બાબત ધ્યાને લેતા આરોપીના શુક્રાણું આ બે પ્રકારથી કોઈ વ્યક્તિ પાસે ગયેલ નથી તેવી બાબત અદાલતે માની લેવી પડે તેમ માનું છું.

આવા સંજોગોમાં જો આરોપીએ વીર્યદાન કરેલ નથી અને કોઈ વીર્ય બેંકમાં પોતાનુ વીર્ય ડિપોઝિટ કરાવેલ નથી તો તે સંજોગોમાં આરોપીના વીર્યના શુક્રાણુ થકી ડી.એન.એ.ની હાજરી તાજા જન્મેલા બાળકમાં કેવી રીતે આવી તે બાબતનો ખુલાસો કરવાની જવાબદારી આરોપીની રહે છે.

આ હકીકતની સાથે બનાવની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારના જણાવ્યા અનુસાર હાલના આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો છે અને આરોપી થકી ભોગબનનાર ગર્ભવતી થયેલા છે. ભોગબનનારને આઈ.વી.એફ. પદ્ધતિથી ગર્ભવતી બનાવવામાં આવેલ નથી તે બાબત પુરાવામાં રેકર્ડ ઉપર સ્પષ્ટ થયેલ છે અને આરોપીનો તેવો બચાવ નથી. જેથી વ્યવહારના સામાન્ય ક્રમમાં પુરૂષ અને સ્ત્રીનો શરીર સંબંધ બંધાય અને વીર્ય સંખલન સ્ત્રીની યોનીમાં થાય ત્યારબાદ શુક્રાણું દ્વારા સ્ત્રીના અંડબીજનું ફલન થાય ત્યારબાદ સ્ત્રી ગર્ભવતી બનતી હોય છે. આવા સંજોગોમાં ભોગબનનાર ગર્ભવતી બનેલાની વિગત પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે અને આરોપીએ ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત અલગ અલગ સમયે શરીર સંબંધ બાંધેલાની વિગત રજુ કરેલ છે અને આરોપી હોટલ રોયલ ગોલ્ડમાં જતા આવતા હતા તે બાબત પુરાવામાં વ્યાજબી રીતે રેકર્ડ ઉપર આવેલ છે તેમજ ભોગબનનાર તથા આરોપી એકબીજાને

**ફરીયાદ પહેલાથી ઓળખતા હતા તે બાબત પણ પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે જેથી ભોગબનનારની સાથે હાલના આરોપીએ શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળે છે તેમ માનું છું.**

વધુમાં, આ વિગતની સાથે આ કેસના વિશિષ્ટ સંજોગો જોવામાં આવે તો ભોગબનનારે બાળકને જન્મ આપ્યા બાદ આ કેસમાં ફરીયાદ કરવામાં આવેલ છે. **બાળકને જન્મ આપવામાં આવ્યો ત્યારે ભોગબનનાર સગીર વયના હતા તે બાબત પણ પુરાવામાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. આ હકીકતની સાથે આ કેસમાં આરોપીનું ડી.એન.એ. સેમ્પલ લેવામાં આવેલું છે અને આઈડેન્ટીફીકેશન ફોર્મ આંક-૩૮ થી રજુ થયેલ છે. આ આંક-૩૮ વાળા આઈડેન્ટીફીકેશન ફોર્મમાં જે વ્યક્તિનું ડી.એન.એ. માટે સેમ્પલ લેવામાં આવેલ છે તે વ્યક્તિનો ફોટો તથા અંગૂઠાનું નિશાન મેડિકલ ઓફિસર દ્વારા લેવામાં આવેલ છે. જેથી આ આંક-૩૮ વાળા ફોર્મ ઉપર જે ફોટો લગાવવામાં આવેલો છે તે ફોટાની વિગત ધ્યાને લઈ પોલીસે આરોપીના અટક સમયે જે ફોટાઓ પાડેલા તે ફોટાઓની વિગત ધ્યાને લેવામાં આવે તો આંક-૩૮ વાળા ફોર્મ ઉપરનો ફોટો તથા આરોપીના અટક સમયે પાડવામાં આવેલા ફોટાની સાથે સીધો મળતો આવે છે.** વધુમાં આરોપી તરફે કોઈ પણ જગ્યાએ બચાવમાં એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે આંક-૩૮ વાળા ફોર્મ ઉપર જે ફોટો લગાવવામાં આવેલો છે તે હાલના આરોપીનો નથી. તેમજ આ આંક-૩૮ વાળા ફોર્મની નીચે જે અંગૂઠાનું નિશાન અને સહી આરોપીની છે તે આરોપીએ કરેલ નથી અને તે અંગૂઠાનું નિશાન આરોપીનું નથી. જેથી આ મહત્વની બાબતને ધ્યાને લેતા **આંક-૩૮ વાળા ફોર્મની વિગતને ધ્યાને લેતા આરોપીનું ડી.એન.એ. સેમ્પલ મેડિકલ ઓફિસર દ્વારા લેવામાં આવેલ છે તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળે છે તેમ માનું છું.**

વધુમાં, **પોલીસે ભોગબનનારે જે બાળકને જન્મ આપેલો છે તે બાળકનુ ડી.એન.એ. સેમ્પલ મેળવવા માટે યાદી કરેલ અને તે યાદીના**

**આધારે આ તાજા જન્મેલા બાળકનું ડી.એન.એ. મેળવવામાં આવેલ અને તે માટે આઈડેન્ટીફીકેશન ફોર્મ ભરવામાં આવેલ જે આંક–૭૧ થી રજુ થયેલ છે અને આ આંક–૭૧ વાળા ફોર્મમાં તાજા જન્મેલા બાળકનો ફોટો અને બાળક ભોગબનનાર થકી તાજુ જન્મેલું છે તેવી વિગત લખવામાં આવેલ છે અને તેની નીચે ડેકલેરેશન લઈ ભોગબનનારની સહી તથા અંગૂઠાનુ નિશાન પણ છે. જેથી આંક–૭૧ વાળા ફોર્મની વિગત ધ્યાને લેતા ડી.એન.એ. સેમ્પલ આ તાજા જન્મેલા બાળકનું જ લેવામાં આવેલ છે તે વિગત પણ પુરાવામાં સાબીત થાય છે**. આ સિવાય આ હકીકતની સાથે આંક–૯૩ વાળા એફ.એસ.એલ.નો રીપોર્ટ ધ્યાને લેવામાં આવે તો આરોપીનું ડી.એન.એ. સેમ્પલ મેળવવામાં આવેલ તે તથા ભોગબનનાર થકી જે બાળકનો જન્મ થયેલ તેનું ડી.એન.એ. સેમ્પલ મેળવવામાં આવેલ તેનો ફોરેન્સીક સાયન્સનો રીપોર્ટ રજુ થયેલ છે અને તે ડી.એન.એ. પ્રોફાઈલ એફ.એસ.એલ.માં સાચવવામાં આવેલું હતું. ત્યારબાદ પોલીસે ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ મેળવી એફ.એસ.એલ. માટે મેળવેલ અને તે આધારે એફ.એસ.એલ. દ્વારા ડી.એન.એ. રીપોર્ટ આપવામાં આવેલો જે આંક–૯૬ થી રજુ થયેલ છે. આ આંક–૯૬ વાળો રીપોર્ટ ધ્યાને લેવામાં આવે તો તેમાં એવી વિગત દર્શાવવામાં આવેલ છે કે,

"**OBSERVATION(S):**

1. One of the alleles of the amplified loci of Autosomal DNA profile of Exhibit-C1: Blood **(source of Victim)** of this case showed concordance with one of the respective allele in the Autosomal DNA profile of Exhabit-B1: Blood **(source of New born male child of Victim)** of Connected Case No.:DFS/EE/2025/ DNA / 0973.

2. Obligatory non-maternal alleles of the amplified loci of Autosomal DNA profile Exhabit-A1: Blood **(Source of Makwana Kaushiksinh Mahendrasinh)** showed concordance with respictive alleles in the Autosomal DNA profile of Exhabit-B1: Blood **(source of New born male child of Victim)** of Connected Case No.:DFS/EE/2025/DNA/0973.

**CONCLUSION**

From Above observation it is concluded that Autosomal DNA profile of Victim (Source of Exhibit-C1:Blood) of this case and Makawana Kaushiksinh Mahendrasinh (Source of Exhibit-A1: Blood) of Connected Case No.:DFS/EE/2025/DNA/0973 are consistent as **Biological Parents** of New born male child of Victim (source of Exhibit-B1: Blood) of Connected Case No. DFS/EE/2025/DNA/0973."

**આ એફ.એસ.એલ. રીપોર્ટની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે જે બાળકને જન્મ આપેલો છે તે બાળકના બાયોલોજીકલ માતા ભોગબનનાર અને બાયોલોજીકલ પિતા હાલના આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ મકવાણા નાઓ છે તે રીતની વિગત તેમાંથી સ્પષ્ટ થાય છે.** આવા સંજોગોમાં આ મહત્વની બાબતને ધ્યાને લેતા **આંક–૯૬ વાળા એફ.એસ.એલ.ના ડી.એન.એ. રીપોર્ટના આધારે ભોગબનનારે જે બાળકને જન્મ આપેલો છે તે બાળકના બાયોલોજીકલ પિતા હાલના આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ મકવાણા છે તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળે છે તેમ માનું છું.**

વધુમાં **આ કામે આરોપી તરફે આંક–૯૬ વાળા**

**એફ.એસ.એલ. રીપોર્ટમાં જે ડી.એન.એ. પ્રોફાઈલ સાચવવામાં આવેલાની વિગત જાહેર કરવામાં આવેલ છે તે આંક–૯૬ વાળા એફ.એસ.એલ. રીપોર્ટમાં જે ડી.એન.એ. પ્રોફાઇલ સંદર્ભે "Observation(S) And Conclusion" કરીને જે વિગત દર્શાવવામાં આવેલ છે તે વિગતોમાં હાલના આરોપીનું ડી.એન.એ. ન હોય અને બીજા કોઈ વ્યક્તિનું ડી.એન.એ. હોય તે રીતે બચાવ રજુ કરી બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં પોતાનું નવેસરથી ડી.એન.એ. એફ.એસ.એલ.માં મોકલવા અને ફરીથી ડી.એન.એ. પ્રોફાઈલ કઢાવવા માટે કોઈ રજુઆત કરેલ નથી કે તે રીતે આરોપીએ આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન બચાવ રજુ કરેલ નથી**.

આવા સંજોગોમાં આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર થકી જે બાળકનો જન્મ થયેલ છે તે બાળકના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે હાલના આરોપીનું ડી.એન.એ. એફ.એસ.એલ.માં ચકાસણી માટે જતા બાયોલોજીકલ પિતા તરીકે હાલના આરોપી કેવી રીતે આવેલ છે તે બાબતે ખુલાસો માત્ર બે જ વ્યક્તિઓ કરી શકે તેમ છે. **પ્રથમ વ્યક્તિ ભોગબનનાર કહી શકે કે બાળકના પિતા હાલના આરોપી છે કે કેમ? તો તે બાબતે આ કિસ્સામાં ભોગબનનારનું પ્રથમથી જ કથન છે કે બાળકના પિતા કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા છે**. જ્યારે **બીજી વ્યક્તિ આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓ છે કે જે પોતે એવું કહી શકે કે આ બાળકના પિતા તેઓ નથી અથવા તો બાળકનુ ડી.એન.એ. સાથે હાલના આરોપીનું ડી.એન.એ. કેવી રીતે કયા સંજોગોમાં સરખું મળી આવેલ છે અને તે બાળકના બાયોલોજીકલ પિતા કયા કારણથી બનેલા છે**. આ બાબતે આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓની અંગત જાણની હકીકતની બાબત છે અને તે સંજોગોમાં બી.એસ.એ. ની ક.૧૦૯ ની જોગવાઈઓ ધ્યાને લેવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

**"SECTION 109 : Burden of proving fact especially within knowledge. :**
When any fact is especially within the knowledge of any person, the burden of proving that fact is upon him.
**Illustrations.**
(a) When a person does an act with some intention other than that which the character and circumstances of the act suggest, the burden of proving that intention is upon him.
(b) A is charged with travelling on a railway without a ticket. The burden of proving that he had a ticket is on him. "

**આ બી.એસ.એ. ની ક.૧૦૯ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ સ્ત્રી પુરૂષના શુક્રાણુ વિના ક્યારેય ગર્ભવતી થઈ શકે નહીં અને પુરૂષ બીજ/શુક્રાણુ વીર્યનું સ્ખલન કરવામાં આવે ત્યારે પુરૂષના શરીર માંથી વીર્ય બહાર આવતું હોય છે. જેથી હાલના આરોપીના પુરૂષ બીજ/શુક્રાણુ કેવી રીતે કયા સંજોગોમાં તાજા જન્મેલા બાળકના ડી.એન.એ. સાથે મળતા આવેલ છે તો તે બાબતનો ખુલાસો કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે**.

**આ કિસ્સામાં હાલના આરોપી દ્વારા પોતાના વીર્યનું કોઇ સંસ્થામાં દાન કરેલ હોય તેવો કોઈ બચાવ રજુ કરી તેવી વિગત સાબીત કરેલ નથી તેમજ હાલના આરોપીએ કોઈ વીર્ય બેન્કમાં પોતાનું વીર્ય ડિપોઝિટ કરાવેલ હોય અને ત્યાંથી પુરૂષ બીજ/શુક્રાણું અન્ય કોઈ જગ્યાએ ગયેલ હોય તેવો કોઈ બચાવ રજુ કરી તેવી કોઈ વિગત પુરાવામાં સાબીત કરેલ નથી**.

આ સિવાય આ તાજુ જન્મેલું બાળક ભોગબનનાર થકી જન્મેલું નથી તે રીતની વિગત પુરાવામાં રેકર્ડ ઉપર લાવીને પણ સાબીત કરેલ નથી.

**આ સિવાય આ તાજુ જન્મેલું બાળક આરોપી થકી અન્ય કોઈ યુવતી દ્વારા જન્મ આપવામાં આવેલ હોય તે રીતનો પણ બચાવ રજુ કરી તે રીતની વિગત પુરાવામાં રેકર્ડ ઉપર સાબીત કરવામાં આવેલ**

**નથી**.

આમ, **આરોપીએ પોતાના શુક્રાણુ થકી ભોગબનનાર ગર્ભવતી થયેલ નથી તે સંદર્ભે કોઈ બચાવની વિગત રેકર્ડ ઉપર લાવીને સાબીત કરી વ્યાજબી ખુલાસો અદાલતમાં રજૂ કરતા નથી. જેથી આ બનાવના વિશિષ્ટ સંજોગો જોતા બી.એસ.એ. ની ક.૧૦૯ મુજબની આરોપીની અંગત જાણની વિગત રેકર્ડ ઉપર લાવીને આરોપી સાબીત કરતા ન હોય તો આરોપી વિરૂધ્ધ અદાલતે અનુમાન કરવું પડે અને તે સંજોગોમાં બી.એસ.એ. ની ક.૧૦૯ મુજબની જોગવાઈ અનુસાર વિરૂધ્ધનું અનુમાન કરતા ભોગબનનાર જે વિગત જણાવે છે તે વિગત અદાલતે માનવી પડે તેમ માનું છું**.

**આવા સંજોગોમાં ઉપરોક્ત તમામ ચર્ચા ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો, આ કેસમાં ભોગબનનાર થકી જે બાળકનો જન્મ થયેલ છે તે બાળકની બાયોલોજીકલ માતા સગીર ભોગબનનાર છે અને બાયોલોજીકલ પિતા હાલના આરોપી છે તે બાબત સાબીત થાય છે**.

(૧૬) વધુમાં, **આ હકીકતની સાથે આરોપીનો મોબાઇલ પોલીસે તપાસ દરમ્યાન કબજે કરેલ છે અને તે મોબાઈલ એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે પોલીસે મોકલેલ છે અને તે એફ.એસ.એલ.નો રીપોર્ટ આંક–૧૦૦ થી આ કામે રજુ થયેલ છે અને તેને સંલગ્ન ડેટાની સીડી એફ.એસ.એલ. અધિકારીએ તૈયાર કરી રજુ કરેલ છે અને તેમાં ભોગબનનારના ફોટાઓ આરોપીના મોબાઇલમાં છે. આરોપી દ્વારા આ ફોટાઓ પોતાના મોબાઈલમાં કેવી રીતે, કયા કારણથી આવેલ છે તે મુદ્દા ઉપર કોઈ ખુલાસો કરવામાં આવેલો નથી**. વધુમાં આ મહત્વની હકીકતની સાથે ભોગબનનારની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારના લગ્ન કરાવવામાં આવેલ હોય તે રીતની વિગત ભોગબનનારની જુબાનીમાં ક્યાંય રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આ સિવાય ભોગબનનારના માતા–પિતાની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર અપરિણિત હતા તેવું

તેઓએ જણાવેલ છે. **<u>આરોપીનો કોઈપણ જગ્યાએ એવો બચાવ નથી કે ભોગબનનારના લગ્ન થઈ ગયેલ હતા અને ભોગબનનાર પોતાના પતિ થકી ગર્ભવતી થયેલ છે</u>. <u>આવા સંજોગોમાં વ્યવહારના સામાન્ય ક્રમમાં અપરીણીત સ્ત્રી ગર્ભવતી થઈ શકે નહી સિવાય કે અપરીણીત સ્ત્રી સાથે શરીર સંબંધ બાંધવામાં આવેલ હોય. જેથી પુરાવામાં આ રેકર્ડ ઉપર આવેલ તમામ બાબતો ધ્યાનમાં લેતા આરોપીએ સગીર ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત શરીર સંબંધ બાંધી ભોગબનનારને ગર્ભવતી બનાવી બળાત્કાર કરેલ છે તે રીતની વિગતને ભોગબનનારની જુબાની અને તેને સંલગ્ન પુરાવાની બાબત ધ્યાને લેતા તે હકીકત શંકા રહીત સાબીત થાય છે તેમ માનું છું</u>**.

(૧૭) વધુમાં, આ કામે ભોગબનનાર સગીર વયના છે તે હકીકત સાબીત થયેલ છે. સગીર ભોગબનનારે બાળકને જન્મ આપેલ છે તે બાબત પણ સાબીત થયેલ છે. આ તાજા જન્મેલા બાળકના બાયોલોજીકલ પિતા હાલના આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા તથા બાળકની બાયોલોજીકલ માતા સગીર ભોગબનનાર છે તે ડી.એન.એ. રીપોર્ટના આધારે સાબીત થયેલ છે. હાલના આરોપી હોટલ રોયલ ગોલ્ડમાં યુવતીઓ લઈને જતા હતા તે બાબત પણ પુરાવામાં સાબીત થયેલ છે. આરોપીના મોબાઈલમાં ભોગબનનારના ફોટાઓ મળી આવેલ છે તે હકીકત પણ સાબીત થયેલ છે. ભોગબનનાર અપરિણિત છે તે હકીકત પણ સાબીત થયેલ છે. જેથી આ તમામ બાબતોને ધ્યાને લઈ પોકસો એકની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો પોકસો એકટની ક.૨૯ ની જોગવાઈ આ કિસ્સામાં સીધી લાગુ પડે છે કે કેમ? તે બાબતનું મૂલ્યાંકન કરવું પડે અને તે સંજોગોમાં પોક્સો એક્ટની જોગવાઈ અત્રે નોંધવી ખૂબ જ જરૂરી છે અને તે એવી છે કે,

" S.29: **Presumption as to certain offences :- <u>Where a person is prosecuted</u>**

**<u>for committing</u>** or abetting or attempting to commit **<u>any offense under sections 3, 5, 7 and section 9 of this Act</u>**, **<u>the Special Court shall presume, that such person has committed</u>** or abetted or attempted to commit **<u>the offense, as the case may be unless the contrary is proved</u>**. "

આ પોકસો એકની ક.૨૯ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે અને આરોપી સામે જે ગુના અન્વયેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે કલમોની જોગવાઈઓ ધ્યાને લેતા આ કિસ્સામાં ભોગબનનાર સગીર હોવાની હકીકત સાબીત થયેલ છે તે હકીકત, ભોગબનનાર તથા આરોપી એકબીજાને અગાઉથી ઓળખતા હતા તે હકીકત સાબીત થયેલ છે તે હકીકત, આરોપી હોટલ રોયલ ગોલ્ડમાં યુવતીઓને લઈને જતા હતા તે હકીકત પુરાવામાં સાબીત થયેલ છે તે હકીકત, ભોગબનનાર અપરીણીત છે તે હકીકત, આરોપીના મોબાઈલમાં ભોગબનનારના ફોટાઓ એફ.એસ.એલ. રીપોર્ટમાં મળી આવેલાની વિગત જાહેર થયેલ છે તે હકીકત, ભોગબનનારે બાળકને જન્મ આપેલ છે તે હકીકત સાબીત થયેલ છે તે હકીકતની વિગતો જોતા આરોપી વિરૂધ્ધ પોકસો એકટની ક.૨૯ મુજબનું પ્રિઝમશન ડ્રો કરવા માટેનો વ્યાજબી, ટકી શકે તેવો પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રજુ કરીને શંકારહીત સાબીત કરવામાં આવેલ છે. જેથી આ કેસમાં પોકસો એકટની ક.૨૯ મુજબનું પ્રીઝમશન આરોપી વિરૂધ્ધ ડ્રો થયેલાનું સાબીત થયેલાનું અત્રેની અદાલતનું માનવું છે.

**<u>આ કામે પોકસો એકટની ક.૨૯ મુજબનું પ્રીઝમશન આરોપી વિરૂધ્ધ ડ્રો થયા બાદ આરોપી દ્વારા પોતાના બચાવમાં કોઈ પણ જગ્યાએ એવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવીને આવી હકીકત સાબીત કરેલ નથી કે જેના કારણે આ પોક્સો એકટની ક.૨૯ મુજબનું ડ્રો થયેલા પ્રિઝમશનને આરોપી દ્વારા રીબર્ટ કરવામાં આવેલ હોય</u>**. આમ, **<u>આ</u>**

**કેસમાં હાલના આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓ પોક્સો એક્ટની ક.૨૯ મુજબનું પ્રિઝમશન ડ્રો થયેલાનું સાબીત થયા બાદ રીબર્ટ કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે તેમ માનું છું.**

(૧૮) વધુમાં આ કેસમાં આરોપી વિરૂધ્ધ પોક્સો એક્ટની ક.૨૯ મુજબનું પ્રિઝમશન ડ્રો થયેલાની હકીકત સાબીત થયેલ છે જેથી ગુનાહિત માનસ સંદર્ભે પણ અદાલતે પોક્સો એક્ટની ક.૩૦ મુજબની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી બને છે અને તે એવી છે કે,

> " **SECTION 30 : Presumption of culpable mental state :**
>
> (1) **In any prosecution for any offense under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the existence of such mental state** but it shall be a defense for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offense in that prosecution.
>
> (2) **For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability**.
>
> **Explanation.-** In this section, "culpable mental state" includes intention, motive, knowledge of a fact and the belief in, or

reason to believe, a fact.

આમ **પોકસો એકટની ક.૩૦ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ગુનાહિત માનસ સંદર્ભેની છે. આ કેસમાં હાલના આરોપી ભોગબનનાર ના પતિ નથી તેમજ હાલના આરોપીએ પોતાના વીર્યનું દાન કોઈ સંસ્થામાં કરેલ હોય તેવો કોઈ બચાવ સાબીત કરેલ નથી તેમજ હાલના આરોપીએ પોતાના વીર્યને કોઈ વીર્ય બેન્કમાં ડિપોઝીટ કરેલ હોય તે રીતની વિગત પણ સાબીત કરેલ નથી**. ભોગબનનારના કથન મુજબ આરોપીએ ભોગબનનારને અવારનવાર હોટલ રોયલ ગોલ્ડમાં લઈ જઈ શરીર સંબંધ બાંધતો હતો તે રીતની વિગત પુરાવામાં રેકર્ડ ઉપર ભોગબનનારની જુબાનીના આધારે સાબીત થયેલ છે. આ સિવાય આંક-૬૩ વાળા હોટલ રોયલ ગોલ્ડના રજીસ્ટરના ઉતારાની નકલના આધારે હાલના આરોપી હોટલ રોયલ ગોલ્ડમાં યુવતીઓ સાથે જતા હતા તે બાબત પુરાવામાં સાબીત થયેલ છે. **આરોપી પરીણીત હોય અને પોતાની પત્નીને આંક-૬૩ વાળા દસ્તાવેજ મુજબ હોટલ રોયલ ગોલ્ડમાં લગ્ન બાદ લઈને ગયેલ હોય તેવો કોઈ બચાવ લઈને તે હકીકત સાબીત કરેલ નથી**. જેથી આ તમામ બાબતો ધ્યાને લેતા આરોપીનું ગુનાહીત માનસ હોવાની બાબતનું પ્રિઝમશન ક.૩૦ ની જોગવાઈ અનુસાર અદાલતે આરોપી વિરૂધ્ધ કરવું પડે. આવા સંજોગોમાં ઉપરોક્ત તમામ સમગ્ર ચર્ચાની વિગતે પોકસો એકટની ક.૩૦ મુજબનું પ્રિઝમશન આરોપી વિરૂધ્ધ ડ્રો થયેલાનું સાબીત થયેલાનું અત્રેની અદાલત માને છે.

આરોપી આ પોકસો એકટની ક.૩૦ મુજબનું પ્રિઝમશન આરોપી વિરૂધ્ધ ડ્રો થયા બાદ રીબર્ટ કરવામા સદંતર નિષ્ફળ નિવડેલા છે તેમ માનુ છું.

(૧૯) આ કામે સાહેદ રાકેશકુમાર બાબુભાઇ પટેલને આંક-૨૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ ઉપરની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો

તેઓ પોતાના પરીવાર સાથે રહે છે અને તેઓની ભોગબનનાર દિકરીને પેટમાં દુઃખાવો થયેલો જેથી સાહેદની માતા સાહેદ બંનેવને લઇને વિજાપુર સીવીલ હોસ્પીટલમાં લઇ ગયેલા અને ત્યાં ડોકટરે ભોગબનનારની ચકાસણી કરતા ભોગબનનારની સારવાર કરાવેલી ત્યારે ભોગબનનારે એવુ જણાવેલ કે કૌશીક નામનો છોકરો છે તે સિવાય ભોગબનનાર સાથે મારે બીજી કોઇ વાત થયેલી નથી.

આમ, બાળકનો જન્મ થયા બાદ તેના માતા-પિતાએ જે પુછપરછ કરેલ ત્યારે બાળકના પિતા આ કામના આરોપી કૌશિક હોવાની વિગત સગીર ભોગબનનારે તેના માતા-પિતાને પ્રથમ વખત જણાવેલ છે. **આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કોઇ પણ જગ્યાએ ભોગબનનારે બાળકને હોસ્પીટલમાં જન્મ આપ્યો તે પહેલા ભોગબનનારે તેના માતા-પિતાને તે ગર્ભવતી છે અને ગર્ભસ્થ શીશુના બાયોલોજીકલ પિતા હાલના આરોપી છે તેવુ જણાવેલ છે તેમ છતાં તેઓએ બાળકનો જન્મ થતા પહેલા પોલીસમાં ફરીયાદ કરેલ ન હોય તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આમ, **બાળકનો જન્મ થયો તે પહેલા આ સાહેદની જાણમાં ભોગબનનાર ગર્ભવતી હતા તે રીતની કોઇ વિગત પુરાવામાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. તે સિવાય વિશેષ કોઇ વિગત સાહેદની જુબાનીમાં રેકર્ડ ઉપર આવતી નથી તેમ માનું છું.

(૨૦) આ કામે સાહેદ ભારતીબેન વા/ઓ રાકેશકુમાર પટેલ નાઓને આંક-૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું સાહેદ ભોગબનનારની માતા છે. આ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ ભોગબનનારને પેટમાં દુઃખતુ હોવાથી ભોગબનનારના પિતા તથા સસરા ભોગબનનારને લઇને હોસ્પીટલમાં ગયેલા અને ત્યારબાદ ખબર પડેલ કે ભોગબનનાર સર્ગભા છે અને હોસ્પીટલ ગયા પછી હોસ્પીટલમાં એક દિકરાને જન્મ આપેલો હતો. **આ સાહેદ**

**ભોગબનનારની માતા છે અને તેઓની સમગ્ર ઉલટતપાસમાં કોઈ પણ જગ્યાએ ભોગબનનારે બાળકને જન્મ આપ્યો તે પહેલા ભોગબનનાર સર્ગભા છે તે રીતની જાણ આ સાહેદને હોય તેવુ ઉલટતપાસમાં કયાંય રેકર્ડ ઉપર લાવવામાં આવેલુ નથી. વધુમાં હાલના આરોપી થકી ભોગબનનાર ગર્ભવતી થયેલ છે તેની જાણ અગાઉથી આ સાહેદને હોય તેવુ પણ ઉલટતપાસમાં કયાંય રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આવા સંજોગોમાં સાહેદની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેતાં ભોગબનનાર અપરીણીત હોવાની વિગત સાહેદે જણાવેલ છે અને તે હકીકતને ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી. જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં ભોગબનનારને પેટમાં દુઃખાવો થતા હોસ્પીટલ લઈ જવામાં આવેલા. ત્યારબાદ ભોગબનનારે બાળકને જન્મ આપેલ તે સમયે ભોગબનનાર ગર્ભવતી હોવાની અને આરોપી કૌશિક થકી ભોગબનનાર ગર્ભવતી બનેલ અને બાળકના પિતા હાલના આરોપી છે તે રીતની જાણ આ સાહેદને થયેલ છે. તે સિવાય વિશેષ કોઈ વિગત તેઓની જુબાનીમાં રેકર્ડ ઉપર આવતી નથી તેમ માનું છું.

(૨૧) આ કામે ડો.અમિતકુમાર હિંમતલાલ પટેલ નાઓને આંક–૨૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ડોકટરની સોગંદ ઉપરની જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ જનરલ હોસ્પીટલ, વિજાપુર ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન રાત્રીના સાડા અગીયાર વાગ્યાના અરસામાં ભોગબનનારને તેના સગાઓ પેટથી નીચેના ભાગે દુઃખાવા સાથેની ફરીયાદ સાથે લાવેલા અને ભોગબનનારે રાત્રીના કલાક ૧૧–૪૩ વાગે એક પૂરૂષ બાળકને જન્મ આપેલ હતો. ડોકટરે આ જે હકીકત જણાવેલ છે તે હકીકતની સામે **આરોપી તર્ફે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તે ઉલટતપાસમાં આ ભોગબનનારે કોઈ બાળકને જન્મ આપેલ ન હોય તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તેમજ ભોગબનનાર સિવાય બીજા**

કોઈ વ્યકિતએ બાળકને જન્મ આપેલ હોય અને ખોટી રીતે તે બાળકને ભોગબનનારે જન્મ આપેલો હોય તે રીતની કોઇ વિગત રજુ કરવામાં આવેલ નથી. આમ, આ ડોકટરની જુબાનીના આધારે તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ ભોગબનનારને રાત્રીના કલાક ૧૧-૩૦ ના અરસામાં લાવવામાં આવેલા અને તે સમયે સગીર ભોગબનનારે તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના કલાક ૧૧-૪૬ વાગ્યાના અરસામાં એક પુરૂષ બાળકને જન્મ આપેલો તે રીતની વિગતને ડોકટરની જુબાનીના આધારે સમર્થન મળતુ હોવાથી તે વિગત શંકારહીત સાબીત થાય છે તેમ માનું છું.

વધુમાં, આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા ભોગબનનારની ઉંમર સંદર્ભે એવી મહત્વની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> "ભોગબનનારના સગાઓએ ભોગબનનારની ઉંમર શરૂઆતમાં ૨૦ વર્ષની ઉંમર લખાવેલી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ઉંમરના કોઈ દસ્તાવેજ આપી શકેલા નહી જેથી પોલીસમાં વર્ધી લખાવેલી."

આમ, આ વિગતની સાથે ડોકટરે સરતપાસમાં જે મહત્વની વિગતો જણાવેલ છે તે પણ અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> "સદર ભોગબનનાર અમારી હોસ્પીટલમાં આવેલ ત્યારે ભોગબનનારનું નામ ભુલથી ખોટું લખાવેલ હતુ તેની વિગત કેસ પેપર્સમાં જુના નામ અને નવા નામ તરીકે છે. પોલીસે આધાર કાર્ડ માંગેલું ત્યારે નવું નામ લખાવેલું. હું આજરોજ મારી સાથે બાળકને જી.એમ.ઈ.આર.હોસ્પી. વડનગર ખાતે રીફર કરેલ તેની રીફર ચીટ લાવેલ છુ. આ બાળક જન્મયા બાદ આ લોકોએ બાળકની કસ્ટડી લેવાની ના પાડેલી હતી."

આમ, આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારને શરૂઆતમાં જયારે દવાખાનામાં સારવાર માટે લાવવામાં આવેલા ત્યારે ભોગબનનારનું નામ ખોટું લખાવવામાં આવેલ હતુ અને તેનો કોઈ દસ્તાવેજી આધાર રજુ કરવામાં આવેલ ન હતો. તે સંજોગોમાં વ્યવહારના સામાન્ય ક્રમમાં કુવારી યુવતી કોઈ બાળકને જન્મ આપતી

હોય અને તે યુવતી કોઇ ખોટી રીતે ગર્ભવતી બનેલ હોય ત્યારે સમાજમાં આબરૂ ન જાય અને સગીર બાળકનું જીવન બરબાદ ન થાય તે બાબતને ધ્યાને લઈ સગીર બાળકના માતા–પિતા અને વડીલો બાળકનું ખોટુ નામ હોસ્પીટલમાં લખાવતા હોય છે અને ખોટી ઉંમર લખાવતા હોય છે. જેથી કરી બાળક જન્મ બાદ બાળકને ગેરકાયદેસર રીતે ત્યજી શકાય. જેથી આ કિસ્સામાં ભોગબનનારનું ખોટું નામ શરૂઆતમાં હોસ્પીટલમાં લખાવવામાં આવેલ છે તે વ્યવહારના સામાન્ય ક્રમમાં ઉપરોકત વિગત જોતાં માની શકાય તેવી બાબત છે અને તેથી જ ભોગબનનારની ઉંમર શરૂઆતમા પ્રથમ ખોટી લખાવવામાં આવેલ છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

વધુમાં આ કેસમાં ભોગબનનારે બાળકને જન્મ આપેલ છે અને સરકારશ્રીના નિયમો અનુસાર બાળકના જન્મની નોંધણી કરાવવાની જવાબદારી હોસ્પીટલના શીરે મુકવામાં આવેલ છે. જેથી હોસ્પીટલ દ્વારા જે યુવતી બાળકને જન્મ આપે છે તે યુવતીની ઓળખ અંગેના જરૂરી આધાર પુરાવા હોસ્પીટલે લેવા પડે અને આ કિસ્સામાં જે તે સમયે ભોગબનનારના ઓળખ અંગેના દસ્તાવેજી પુરાવાઓ પ્રથમ વખત ભોગબનનારનું જે ખોટુ નામ હોસ્પીટલમાં આપવામાં આવેલ ત્યારે તેઓને આપવામાં આવેલ ન હતા. જેથી ડોકટર દ્વારા પોલીસમાં વર્ધી જે પ્રથમ વખત માહીતી જાહેર કરવામાં આવેલ તે આધારે આપવામાં આવેલ છે. ત્યારબાદ પાછળથી પોલીસ સમક્ષ ભોગબનનારનું સાચુ નામ જાહેર થયેલુ છે અને ભોગબનનારનું આધારકાર્ડ પોલીસે માંગેલુ ત્યારે સાચુ નામ અને તેની વિગત જાહેર થયેલ છે. જેથી, આ કિસ્સામાં આ જ ભોગબનનારે આ જ બાળકને જન્મ આપેલ છે તે રીતની વિગત ડોકટરની જુબાનીના આધારે શંકારહીત સાબીત થયેલ છે.

વધુમાં, ડોકટરની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેતાં બાળકનો જન્મ જે રીતે થયેલ છે અને જે સંજોગોમાં ભોગબનનારને હોસ્પીટલમાં બાળકના જન્મ માટે લાવવામાં આવેલા છે તે સંજોગો

**જોતાં, સવયંભૂ એ હકીકત સ્પષ્ટ કરે છે કે, ભોગબનનારની સાથે શારીરીક શોષણ થયેલુ છે અને તે શારીરીક શોષણના પરીણામ સ્વરૂપે સગીર ભોગબનનાર ગર્ભવતી બનેલા છે અને સગીર ભોગબનનારની અણસમજના કારણે આ ગર્ભાવસ્થા લંબાતા બાળકને જન્મ આપવાની સગીર ભોગબનનારને ફરજ પડેલ છે તેમ માનું છું.**

વધુમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્બારા ભોગબનનારે જે બાળકને જન્મ આપેલ છે તે ડીલીવરી સંદર્ભે એવી હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે કે,

> **"ભોગબનનારને જે ડીલીવરી થયેલ છે તે નોર્મલ ડીલીવરી થયેલ. ડીલીવરી થયા બાગ ભોગબનનાર સ્થિર થયેલા."**

આમ, ભોગબનનારને ડીલીવરી નોર્મલ થયેલ છે માત્ર તેટલા કારણથી ભોગબનનાર પુખ્તવયના છે તેવું કોઇ પણ દ્રષ્ટિકોણથી માની શકાય નહી.

**સર્ગભા સ્ત્રી બાળકને જન્મ આપે તે સમયે પ્રસવ પીડા શરૂ થયા બાદ બાળક ગર્ભાસયમાં કેવી સ્થિતિમાં છે તે બાબત તથા સગર્ભા સ્ત્રીના આવશ્યક શરીરના પેરામીટર્સ જેવા કે બ્લ્ડ પ્રેશર, હૃદયના ધબકારા, બાળકના હૃદયના ધબકારા, શરીરમાં લોહીનું પ્રમાણ તથા બીજા કોઇ મેડિકલ કોમ્પ્લીકેશન છે કે કેમ? તે રીતની ઘણી બધી બાબતો ધ્યાને લીધા બાદ માતા અને બાળક બંનેવના જીવનું જોખમ નોર્મલ ડીલીવરીમાં છે કે કેમ અને જો જોખમ છે તો સીઝર કરી બાળક લેવાથી કોઇ જોખમ નથી તે બાબત ડોકટર વસ્તુ, સ્થિતિ તેમજ તે સમયના સંજોગોને આધારે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિના આધારે નિર્ણય કરી ડીલીવરીની આગળની જરૂરી સારવારની પ્રક્રિયા હાથ ધરતી હોય છે. જેથી ભોગબનનારે નોર્મલ ડીલીવરીથી બાળકને જન્મ આપેલ છે તે આ કિસ્સામાં આરોપીને બચાવમાં કોઇ પણ દ્રષ્ટિકોણથી ભોગબનનારની ઉંમરના મુદ્દા ઉપર કોઇ પણ રીતે મદદરૂપ થાય તેવી બાબત નથી તેમ માનું છું.**

આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્બારા સદરહું ડોકટરની

ઉલટતપાસ કરવામાં આવેલ છે. આ ઉલટતપાસમાં આરોપીના વિ.વ. શ્રી દ્વારા કેટલીક મહત્વની વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે અને તે એવી છે કે,

> **"ભોગબનનારને મારી પાસે સારવાર માટે લાવવામાં આવ્યા ત્યારે ભોગબનનાર સભાન અવસ્થામાં હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે ગભરાયેલ હતી અને પ્રશ્નોના જવાબ ઓછા આપતી હતી. એ વાત ખરી છે કે, આ બે-અઢી દિવસની સારવાર દરમ્યાન ભોગબનનાર થોડાક કોન્સીયસ થયેલા."**

આમ, આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો આરોપીના વિ.વ.શ્રી ઉલટતપાસમાં ડોકટરની જુબાની દરમ્યાન આ હકીકત રેકર્ડ ઉપર લાવેલા છે. જેથી આ બાબતને ગંભીરતાથી ધ્યાને લેવી જોઈએ અને આ રેકર્ડ ઉપર લાવેલી બાબત આરોપીને બંધનકર્તા રહે છે. આ હકીકતની સાથે ભોગબનનારની ઉલટતપાસમાં આ આરોપીના જ વિ.વ.શ્રી દ્વારા એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ હતી કે,

> **"જો મને એવુ પુછવામાં આવતુ હોય કે આ ફરીયાદ લખવાની શરૂઆત થઈ ત્યારે અમારા મમ્મી પપ્પા અને દાદા ત્યાં આવી ગયેલા તો હું જણાવુ છે કે, મારી સહિ જ કરાવેલ તે સમયે હું બેભાન જેવી હતી. હું બેભાન હતી તથા પોલીસ આવેલ કે ન આવેલ તેની ખબર પડેલ નહિ."**

આમ, ભોગબનનાર જે તે સમયે સંપૂર્ણ ભાનમાં ન હતા તે રીતની વિગત ભોગબનનારની ઉલટતપાસમાં આરોપીના વિ.વ.શ્રી રેકર્ડ ઉપર લાવેલા છે અને તે જ વિગત સંદર્ભે આ ડોકટર દ્વારા સારવાર કરવામાં આવેલ છે તે ડોકટરની ઉલટતપાસ દરમ્યાન પણ આરોપીના વિ.વ.શ્રી આવી વિગત રેકર્ડ ઉપર લાવેલા છે કે,

> **"એ વાત ખરી છે કે, આ બે-અઢી દિવસની સારવાર દરમ્યાન ભોગબનનાર થોડાક કોન્સીયસ થયેલા."**

આમ, **આ બાબતને ધ્યાને લેવામાં આવે તો બે થી અઢી દિવસની સારવાર દરમ્યાન ભોગબનનાર સંપૂર્ણ સભાન અવસ્થામાં**

**હતા તેવુ આ ડોકટર પણ જણાવતા નથી**. વધુમાં ભોગબનનારની સારવાર આ સમય દરમ્યાન ચાલુ હતી જેથી ભોગબનનારને હોસ્પીટલમાં સારવાર માટે લાવવામાં આવેલા ત્યારબાદ બે થી અઢી દિવસ સુધી ભોગબનનાર સારવાર હેઠળ હતા તે દરમ્યાન થોડાક જ કોન્સીયસ હતા તેવુ ડોકટરની જુબાનીના આધારે તે હકીકતને સમર્થન મળતુ હોવાથી તે હકીકત સાબીત થાય છે તેમ માનું છું.

**આવા સંજોગોમાં આ વિગતની સાથે ભોગબનનારે આંક-૧૮ વાળી જે ફરીયાદ આપેલ છે તે ફરીયાદની વિગત ધ્યાને લેવામાં આવે અને ડોકટર દ્વારા આ જ ભોગબનનાર બે થી અઢી દિવસ દરમ્યાન થોડાક કોન્સીયસ હતા તે રીતે જે વિગત જણાવેલ છે તેને ધ્યાને લેતા આંક-૧૮ વાળી ફરીયાદ ભોગબનનારે સંપુર્ણ સભાન અવસ્થામાં લખાવેલ નથી તે રીતે અદાલતે ધ્યાને લેવુ પડે તેમ માનું છું**.

વધુમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા ડોકટરની ઉલટતપાસમાં એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> **"એ વાત ખરી છે કે, આ બે-અઢી દિવસની સારવાર દરમ્યાન ભોગબનનાર થોડાક કોન્સીયસ થયેલા. ભોગબનનારને જે ડીલીવરી થયેલી તે નોર્મલ ડીલીવરી થયેલી. ડીલીવરી થયા બાદ ભોગબનનાર સ્થીર થયેલા. એ વાત ખરી છે કે, ત્યારબાદ મે ભોગબનનારને તબીયત પુછતાં તેણે જવાબ આપેલા. એ વાત ખરી છે કે, ભોગબનનારે આ સમય દરમ્યાન કોઇ દુષ્કર્મ તેની સાથે થયેલ હોય તેવી વિગત મને લખાવેલી નથી."**

આમ, આ વિગતને ધ્યાને લેવામાં આવે તો આ ડોકટરને, ભોગબનનારે જે બાળકનો જન્મ આપેલો છે તે બાળક સંદર્ભે ભોગબનનારના કાયદેસરના લગ્ન થયેલ હોય અને તે રીતે ગર્ભવતી બનેલી હોય અને ભોગબનનારના લગ્ન થયેલાની વાત ભોગબનનાર કે તેઓના માતા-પિતાએ જણાવેલ હોય તેવુ આ કિસ્સામાં નથી. **ડોકટર સારવાર કરતો હોય છે ત્યારે દર્દીની શારીરીક સ્થિતિ અને તબિયત વિશે જો કોઇ બાબત પુછે તો દર્દી ડોકટરને જણાવતી હોય છે. આવા સંજોગોમાં ભોગબનનારે કે ભોગબનનારના માતા-પિતાએ ડોકટરને**

**ભોગબનનારની સાથે દુષ્કર્મ થયેલ છે તેની કોઇ વિગત જણાવેલ નથી. જેથી માત્ર તેટલા કારણથી ભોગબનનારની સાથે કોઇ દુષ્કર્મ થયેલ નથી તેવુ કોઇ પણ દ્રષ્ટિકોણથી માની શકાય નહિ.**

વધુમાં, **બીજા દ્રષ્ટિકોણથી આ હકીકતને ધ્યાને લેવામાં આવે તો, ડોકટર દ્વારા પોલીસમાં વર્ધી આપવામાં આવેલ છે તથા ડોકટરને સગીર ભોગબનનારની સાથે દુષ્કર્મ થયેલ છે તેવી વસ્તુ સ્થિતિનું જ્ઞાન થયેલ છે તેથી ડોકટરે પોલીસને ટેલીફોન વર્ધી આપીને જાણ કરેલી છે.** જેથી આ કિસ્સામાં ભોગબનનાર દવાખાનામાં દાખલ થયા અને બાળકને જન્મ આપ્યો તે સમયગાળા દરમ્યાન ભોગબનનાર સાથે દુષ્કર્મ થયેલ છે તે રીતની વિગત ડોકટર સમક્ષ અને હોસ્પીટલમાં અને પોલીસ સમક્ષ જાહેર થયેલ વિગતો છે તેવુ મારૂ ડોકટરની જુબાનીના આધારે માનવુ છે.

(૨૨) આ કામે ડો. દિપાલીબેન પરાગભાઇ નાઇને આંક–૩૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ડોકટરની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો આ ડોકટએ આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા તથા તાજા જન્મેલા બાળકનું ડી.એન.એ. સેમ્પલ મેળવેલ છે. સદરહું ડોકટરની સરતપાસની વિગતો ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો ડોકટરે પોતાની જુબાનીમાં સરતપાસમાં મહત્વની એવી વિગત જાહેર કરેલ છે કે,

> **"(૨)તા.૨૯/૭/૨૦૨૫ના રોજ જનરલ વિજાપુર ખાતે મેડીકલ ઓફિસર તરીકે હાજર હતી. તે દરમ્યાન વિજાપુર પોલીસ સ્ટેશના પો.કો.બટુકસિંહ રાઠોડ બં.નં.૪૩૫નાઓ રાત્રીના ક.૮:૧૦ વાગયે વિજાપુર પોલીસ સ્ટેશનની ચાદી સાથે આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ મકવાણા ઉ.વ.૨૯ રહે. કોટડી (સમાધીપુરા) તા.વિજાપુરવાળાનાઓનું ડી.એન.એ.સેમ્પલ લેવા માટે મારી સમક્ષ લાવેલા. આ કૌશીકસિંહના ડી.એન.એ.સેમ્પલ માટે પો.કો.બટુકસિંહ રાઠોડ બં.નં.૪૩૫ તથા સ્ટાફ નર્સ રાવલ રીન્કુબેન આર.ની હાજરીમાં ઈ.ડી.ટી.એ.વેકયુટીમાં ત્રણ એમ.એલ.તાજુ લોહી કૌશીકસિંહનું લેવામાં આવેલ હતુ.**
> **(૩) આ કૌશીકસિંહના સેમ્પલ લીધા બાદ તેને સીલબંધ**

> **કરી લેબલ કરી ફોરેન્સીક તપાસ માટે વિજાપુર પોલીસને આપવામાં આવેલ હતુ.**
> **(૪) આ કૌશીકસિંહના સેમ્પલ લીધેલ તે પહેલા કૌશીકસિંહનો કેસ કઢાવવામાં આવેલો હતો.**
> **(૫) મે કૌશીકસિંહના ડી.એન.એ.સેમ્પલનું ફોર્મ ભરેલ હતુ. તેમાં જરૂરી વિગતો ભરેલી અને કૌશીકસિંહનું ડેકલેરેશન લીધેલ અને તેમાં કૌશીકસિંહનો અંગુઠો તથા સહી લેવામાં આવેલા. આ ફોર્મમાં કૌશીકસિંહનો ફોટો લગાડેલો."**

આમ, આ ડોકટરે આરોપીનું ડી.એન.એ. સેમ્પલ લેવા માટે તેઓ સમક્ષ લાવવામાં આવેલા ત્યારે આ ડોકટરે આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓનો કેસ કઢાવેલો ત્યારે ડી.એન.એ. સેમ્પલ લેવા માટેનું ફોર્મ ભરેલ તથા આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણાના ડેકલેરેશનની વિગત લીધેલ તથા અંગુઠો અને સહિ લીધેલ અને આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણાનો ફોટો ફોર્મમાં ભરેલો ત્યારબાદ આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણાનું તાજુ લોહી ડી.એન.એ. સેમ્પલ માટે લેવામાં આવેલ અને આ સંદર્ભે આંક–૩૬ થી મેડિકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે. આંક–૩૭ થી ડી.એન.એ. સેમ્પલ લેવા માટેની યાદી રજુ કરેલ છે તથા **આંક–૩૮ થી આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા કે જેઓનું ડી.એન.એ. સેમ્પલ લેવામાં આવેલ તેનુ આઈડેન્ટીફીકેશન ફોર્મ રજુ કરેલ છે**. વધુમાં આરોપીનું ડી.એન.એ. સેમ્પલ લેતી વખતે આરોપીને તેની કાનુની સલાહ આપેલ પરંતુ ફોર્મમાં તેની નોંધ કરેલ નહી. જેથી આ મહત્વની બાબતને ધ્યાને લેવામાં આવે તો આ કિસ્સામાં આંક–૧૬ થી આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓનું મેડિકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે અને તેમા આરોપીને તા.૨૯/૦૭/૨૦૨૫ ના રાત્રીના કલાક ૮–૧૦ વાગ્યાના અરસામાં હોસ્પીટલ લાવવામાં આવેલા અને ત્યાં આરોપીનું લોહીનું સેમ્પલ લેવામાં આવેલ તે રીતની વિગત ડોકટરે પોતાના સર્ટીફીકેટમાં જાહેર કરેલ છે. આ સિવાય આંક–૩૭ થી આરોપીને ડી.એન.એ. સેમ્પલ માટે મેડિકલ

ઓફિસર જનરલ હોસ્પીટલ, વિજાપુર ખાતે લઈ જઈ અને ડી.એન.એ. સેમ્પલ લેવા માટે પોલીસે જે યાદી કરેલ તે યાદી રજુ કરેલ છે. **આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા આ આંક–૩૭ વાળી યાદી કરવામાં આવી તે સમયે અને આરોપીનું ડી.એન.એ. સેમ્પલ ડોકટરે તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના કલાક ૮–૧૦ વાગ્યાના અરસામાં લીધુ તે અરસામાં આરોપી વિજાપુર પોલીસની કસ્ટડીમાં ન હતા તે રીતે કોઈ બચાવ સમગ્ર કેસ દરમ્યાન કયાય લાવેલા નથી**. વધુમાં, આ ડી.એન.એ. સેમ્પલ લેવામાં આવેલ તે સમયગાળા દરમ્યાન આરોપી હોસ્પીટલમાં ન હોય અને બીજી કોઈ જગ્યાએ હોય તે રીતનો બચાવ પણ રજુ કરવામાં આવેલ નથી. આમ, **પોલીસ જે વ્યકિતને ડી.એન.એ. લેવા માટે વિજાપુર જનરલ હોસ્પીટલમાં લઈ ગયેલ તે સમયે હાલના આરોપી પોલીસ કસ્ટડીમાં હતા તેવુ માનવુ પડે. વધુમાં આ ડોકટર દ્વારા જે વ્યકિતનું ડી.એન.એ. સેમ્પલ "કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા" ના નામથી લેવામાં આવેલ છે તે વ્યકિતનું આઈડેન્ટીફીકેશન ફોર્મ ભરેલ જે આંક–૩૮ થી રજુ કરેલ છે. આ આંક–૩૮ વાળુ ફોર્મ ધ્યાને લેવામાં આવે તો તેમા મેડિકલ ઓફિસરે જે વ્યકિતનું બ્લડ સેમ્પલ ડી.એન.એ. માટે મેળવેલ તે વ્યકિતનો ફોટો ફોર્મ ઉપર લગાવેલ છે. આ ફોટા ઉપર પોતાની સહિ તથા પોતાનો હોદ્દાનો સીકકો લગાવેલો છે તેમજ જે વ્યકિતનું બ્લડ સેમ્પલ મેળવેલ છે તેના અંગુઠાનું નિશાન પણ મેળવેલ છે. આમ, આંક–૩૮ વાળા આઈડેન્ટીફીકેશન ફોર્મમાં જે વ્યકિતનો ફોટો લગાવેલો છે તે વ્યકિત હાલના આરોપી છે કે કેમ? તે સંદર્ભે અત્રેની અદાલતે આરોપીનો અટક સમયનો ફોટો કે જે ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલો છે તેની સાથે સરખાવતા હાલના આરોપીનો જ ફોટો આંક–૩૮ વાળા આઈડેન્ટીફીકેશન ફોર્મ ઉપર લગાવવામાં આવેલો છે તેવુ સ્પષ્ટ થાય છે. જેથી આ ડોકટરે આ આંક–૩૮ વાળુ આઈડેન્ટીફીકેશન ફોર્મ ભરી હાલના આરોપીનું જે ડી.એન.એ. પ્રોફાઈલીંગ માટે લોહી ડી.એન.એ. સેમ્પલ માટે મેળવેલ છે તેવુ શંકારહીત સાબીત થાય છે**.

વધુમાં, આ કામે આંક–૩૮ વાળા ફોર્મમાં નીચે આરોપીના અંગુઠાનું નિશાન લગાવવામાં આવેલ છે. આરોપી તર્ફે કોઈ પણ જગ્યાએ એટલે કે ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા સાહેદોની જુબાનીમાં તેમજ બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં કોઈ પણ જગ્યાએ આ અંગુઠાનું નિશાન આરોપીનું નથી અને બીજી કોઈ વ્યકિતનું છે તે રીતે બચાવ રજુ કરેલો નથી. વધુમાં આંક–૩૮ વાળા ફોર્મમાં જે અંગુઠાનું નિશાન છે તે આરોપીનું નથી તે વિગત રેકર્ડ ઉપર લાવવા માટે હાલના આરોપી દ્વારા ફીંગરપ્રિન્ટ એકસપર્ટ પાસે ફોર્મ ઉપરના અંગુઠાના નિશાનને પોતાના અંગુઠાના નિશાનની સાથે સરખામણી કરી એફ.એસ.એલ.નો રીપોર્ટ મેળવવા માટે કોઈ અરજી આપેલ નથી. જેથી આંક–૩૮ વાળા ફોર્મ ઉપરના અંગુઠાનું નિશાનની બાબતે ધ્યાને લેતાં આરોપી આંક–૩૮ વાળા ફોર્મ ઉપરના અંગુઠાનું નિશાન પોતાનું છે તે ગર્ભીત રીતે કબુલ મંજુર રાખે છે અને જેથી આંક–૩૮ વાળા ફોર્મ ઉપરના આરોપીના અંગુઠાના નિશાન સંદર્ભે આરોપીને બી.એસ.એ.ની ક.૧૨૧ મુજબ "રૂલ ઓફ એસ્ટોપલ બાય કન્ડકટ" નો બાધ નડે છે તેમ માનું છું.

વધુમાં, આ કામે ડોકટરની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ જગ્યાએ હાલના આરોપીનો અંગુઠો બળજબરીથી લેવામાં આવેલો હોય તે રીતે કોઈ વિગત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આ સિવાય આરોપીને અટક કર્યા બાદ તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ કોર્ટમાં રજુ કરવામાં આવેલ તે સમયે પણ આરોપી દ્વારા આરોપીના કોઈ અંગુઠાનું નિશાન બળજબરીથી ડોકટરે લીધેલ હોય તેવી કોઈ વિગત તે સમયે જાહેર કરેલ નથી અને જેથી આંક–૩૮ વાળા ફોર્મ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી કાયદેસરની અને યોગ્ય હોવાનું ઉપરોકત ચર્ચાની વિગતે શંકારહીત સાબીત થાય છે તેમ માનું છું.

વધુમાં, આ કામે આરોપી દ્વારા ડેકલેરેશન આપવામાં આવેલુ છે અને આ ફોર્મમાં કોઈ પણ જગ્યાએ કોઈ સમજ આપવા માટેનું કોલમ

હોય અને તે કોલમ ખાલી રાખવામાં આવેલ હોય તેવુ આંક-૩૮ વાળુ ફોર્મ જોતાં જણાઇ આવતુ નથી. વધુમાં હાલના ડોકટરને હાલના આરોપી વિરૂધ્ધ ખોટુ બોલવા માટેનું કોઇ કારણ હોય તેવુ પણ જણાતુ નથી. આ સિવાય ડોકટરે આ આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓનું બ્લડ સેમ્પલ ડી.એન.એ. માટે મેળવેલુ છે તે વ્યવહારના રોજબરોજની કામગીરીના દસ્તુર પ્રમાણેનું વર્તન છે કે કેમ? તે બાબતનું મુલ્યાંકન પણ કરવુ પડે. આ હકીકત સંદર્ભે બી.એસ.એ.ની ક.૧૪ ની જોગવાઇ અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> **"ક.૧૪ઃ- વ્યવસાયિક દસ્તૂરના અસ્તિત્વની પ્રસ્તુતતાઃ-**
> અમુક કૃત્યુ થયું છે કે નહિં એવો પ્રશ્ન હોય, ત્યારે જે દસ્તૂર મુજબ જે સ્વાભાવિક રીતે થયું હોય તે દસ્તૂરનું અસ્તિત્વ પ્રસ્તુત હકીકત છે.
> **ઉદાહરણ**
> "ક" "ખ" ની વતી ભાડું વસૂલ કરવાની જવાબદારી લે છે. "ગ" પાસેથી લેણું નીકળતુ "ખ" નું ભાડું વસુલ ન કરવા માટે "ખ" "ક" ઉપર દાવો માંડે છે. "ગ" પાસે "ખ" નું ભાડુ લેણું હતું એ વાતનો "ક" ઈન્કાર કરે છે. પોતાની પાસે "ખ" નું ભાડું લેણું હોય એવું "ગ" નું કથન સ્વીકૃતિ છે અને "ગ" પાસે "ખ" નું ભાડું લેણું હતુ તે વાતનો "ક" ઈન્કાર કરતો હોય, તે સદરહું કથન "ક" ની વિરૂધ્ધ પ્રસ્તુત હકીકત છે."

આમ, આ બી.એસ.એ. ની ક.૧૪ ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો આરોપીનું બ્લડ સેમ્પલ લેવા માટે પોલીસે યાદી કરી આરોપીનું બ્લડ સેમ્પલ મેળવતા હોય ત્યારે નિયત નમુનાનું ફોર્મ ભરી ડોકટર દ્વારા સેમ્પલ મેળવવામાં આવતુ હોય છે અને તે સમયે જરૂરી જે કોઇ કાળજી રાખવાની થતી હોય તે કાળજી ડોકટર દ્વારા રાખવામાં આવતી હોય છે. જેથી ડોકટરના જણાવ્યા અનુસાર ડોકટરે આ આરોપીના ડી.એન.એ. સેમ્પલ માટે કાનુની સલાહ આપેલાની જે વિગત જણાવેલ છે તે સ્વાભાવિક રીતે માની શકાય તેવી હકીકત છે અને તેથી આંક-૩૮ વાળા આઇડેન્ટીફીકેશન વાળા ફોર્મની વિગતો

તેને સંલગ્ન કરવામાં આવેલ કાર્યવાહી બી.એસ.એ.ની ક.૧૪ ની કાર્યવાહી જોતાં ડોકટરની રોજીંદી કામગીરીના દસ્તૂર પ્રમાણે કરવામાં આવેલ કામગીરી છે તેવુ મારૂ શંકારહીત શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે. આમ, **આ તમામ બાબતો ધ્યાને લેતાં તથા આ તમામ ચર્ચાઓની વિગતો ધ્યાને લેતાં આંક–૩૮ વાળા આઈડેન્ટીફીકેશન ફોર્મમાં જે બ્લડ સેમ્પલ ડી.એન.એ. પ્રોફાઈલ માટે મોકલવામાં આવેલ છે તે હાલના આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણાનું જ લેવામાં આવેલ છે અને તેને ડોકટર દ્વારા શીલબંધ કરી એફ.એસ.એલ.માં મોકલવા માટે આપવામાં આવેલ છે તેવુ શંકારહીત સાબીત થાય છે તેમ માનું છું**.

વધુમાં સદરહું ડોકટરની સરતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો આ ડોકટરે ભોગબનનારે જે બાળકને હોસ્પીટલમાં જન્મ આપેલ તે તાજા જન્મેલા બાળકનું ડી.એન.એ. સેમ્પલ લીધેલ છે અને તે માટે તેઓએ પોતાની સરતપાસમાં મહત્વની એવી હકીકત જણાવેલ છે કે,

> **"(૯) ભોગબનનારને તાજુ જન્મે પુરૂષ બાળક અમારી હોસ્પીટલમાં જન્મ બાદ સારવાર માટે હતુ. તા.૨૯/૭/૨૦૨૫ના રોજ રાત્રીના ક.૮:૧૨ વાગ્યે પી.સી.બટુકસિંહ રાઠોડ બં.નં.૪૩૫ વિજાપુર પોલીસ સ્ટેશનનાઓ પોલીસ યાદી સાથે વિજાપુર સીવીલ હોસ્પીટલ ખાતે તાજા જન્મેલા બાળકના ડી.એન.એ. સેમ્પલ સારૂ આવેલ હતા. ત્યારબાદ મે તાજા જન્મેલા બાળકનું ડી.એન.એ.સેમ્પલીંગ બાળ નિષ્ણાંત ડોકટરશ્રી ચંદ્રેશ પટેલની મદદથી સાક્ષી પો.કો.બટુકસિંહ રાઠોડ બં.ન.૪૩૫ તથા સ્ટાફ નર્સ રાવલ રીન્કુબેન આર.ની હાજરીમાં ઈ.ડી.ટી.એ.વેકયુટીમાં ત્રણ એમ.એલ. તાજુ લોહી તાજા જન્મેલા બાળકનું લીધેલ હતુ.**
> **(૧૦) આ તાજા જન્મેલા બાળકનું સેમ્પલ લીધા બાદ તેને સીલબંધ કરી લેબલ કરી ફોરેન્સીક તપાસ માટે વિજાપુર પોલીસને આપવામાં આવેલ હતુ.**
> **(૧૧) આ તાજા જન્મેલા બાળકનો સેમ્પલ લીધેલ તે પહેલા તાજા જન્મેલા બાળકનો કેસ કઢાવવામાં આવેલો હતો.**
> **(૧૨) મે તાજા જન્મેલા બાળકના ડી.એન.એ.સેમ્પલનું ફોર્મ ભરેલ હતુ. તેમાં જરૂરી વિગતો ભરેલી અને તાજા**

**જન્મેલા બાળકની માતાનું ડેકલેરેશન લીધેલ અને તેમાં તાજા જન્મેલા બાળકની માતાનો અંગુઠો તથા સહી લેવામાં આવેલા. આ ફોર્મમાં તાજા જન્મેલા બાળકનો ફોટો લગાડેલો."**

આમ, આ મહત્વની બાબતો ધ્યાને લેવામાં આવે તો ડોકટર દ્વારા તાજા જન્મેલા બાળકનું ડી.એન.એ. સેમ્પલ મેળવેલ છે અને તે માટેની યાદી આંક-૪૦ થી રજુ કરેલ છે. ડી.એન.એ. સેમ્પલ માટેનું મેડિકલ ફોર્મ આંક-૩૯ થી રજુ કરેલ છે તથા ડી.એન.એ. સેમ્પલ લેવા માટે બાળકનું આઈડેન્ટીફીકેશન ફોર્મ આંક-૪૧ થી રજુ કરેલ છે. આવા સંજોગોમાં આ મહત્વની બાબતની સાથે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા બાળકના ડી.એન.એ. સંદર્ભે ઉલટતપાસમાં બ્લડગ્રૂપ સંદર્ભે એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

**"એ વાત ખરી છે કે, મે આ કૌશીકસિંહ તથા તાજા જન્મેલા બાળકનું બ્લડ ગૃપ કયુ છે તેની ચકાસણી કરેલી નથી."**

આમ, **આ ડોકટર દ્વારા તાજા જન્મેલા બાળકનું બ્લડગ્રૂપ તથા આરોપીના બ્લડગ્રૂપની ચકાસણી કરેલ નથી તે રીતની વિગત ડોકટરે સ્વીકારેલ છે. આ હકીકતને ધ્યાને લઈ આંક-૪૦ વાળી યાદી ધ્યાને લેવામાં આવે તો પોલીસે ડી.એન.એ. સેમ્પલ લેવા માટે યાદી કરેલ છે તેમા બાળકનું બ્લડગ્રૂપ કયું છે તેની ચકાસણી કરવા માટેની કામગીરી કરવા માટે જણાવેલ નથી. તેવી જ રીતે આરોપીનું ડી.એન.એ. સેમ્પલ મેળવવા માટે આંક-૩૭ વાળી યાદી કરેલ છે અને તેમા આરોપીનું બ્લડગ્રૂપની ચકાસણી કરવા માટે જણાવેલ નથી. તે સંજોગોમાં પોલીસે જે કામગીરી કરવા માટે યાદી કરેલ તેટલી જ કામગીરી ડોકટરે કરેલ છે**. વધુમાં આ તાજા જન્મેલા બાળકનું આઈડેન્ટીફીકેશન ફોર્મ આંક-૪૧ થી રજુ થયેલ છે. આ આંક-૪૧ વાળુ આઈડેન્ટીફીકેશન ફોર્મ જોવામાં આવે તો ભોગબનનારે જે બાળકને જન્મ આપેલ છે તે તાજા જન્મેલા નવજાત શીશુનું ડી.એન.એ સેમ્પલ લેવામાં આવેલ છે તે માટે ભરવામાં આવેલ

આઈડેન્ટીફીકેશન ફોર્મ છે. વધુમાં **આ ડોકટરે જે બાળકનું ડી.એન.એ. સેમ્પલ મેળવેલ તેના ઓળખ માટે ફોટો આંક-૪૧ વાળા ફોર્મ ઉપર લગાવેલો છે અને ત્યાં પોતાની સહિ તથા હોદ્દાનો સીકકો લગાવેલો છે. તાજુ જન્મેલુ નવજાત શીશુંની માતા એટલે કે ભોગબનનારની સંમતિ મેળવવામાં આવેલ છે અને તેમા ભોગબનનારનું નામ, ભોગબનનારની સહિ અને ભોગબનનારના અંગુઠાનું નિશાન રજુ કરવામાં આવેલ છે. આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા કોઈ પણ જગ્યાએ આંક-૪૧ વાળા ડી.એન.એ. પ્રોફાઈલ માટેના આઈડેન્ટીફીકેશન ફોર્મમાં જે બાળક દર્શાવવામાં આવેલ છે તે બાળક ભોગબનનારે જે બાળકને જન્મ આપેલ છે તે નથી અને બીજુ કોઈ છે તે રીતની વિગત રજુ કરેલ નથી**. આમ, **આંક-૪૧ વાળા આઈડેન્ટીફીકેશન ફોર્મમાં જે બાળકનો ફોટો આપવામાં આવેલો છે તે જ બાળકને ભોગબનનારે હોસ્પીટલમાં જન્મ આપેલો છે અને જેથી આંક-૪૧ વાળુ ફોર્મ તથા ડોકટરની જુબાનીના આધારે ભોગબનનારે હોસ્પીટલમાં જે બાળકને જન્મ આપેલો છે તે બાળકનું ડી.એન.એ. પ્રોફાઈલ કઢાવવા માટે આંક-૪૧ વાળુ આઈડેન્ટીફીકેશન ફોર્મ ભરી બ્લડ સેમ્પલ લેવામાં આવેલ અને તેને શીલબંધ કરી એફ.એસ.એલ.માં ચકાસણી માટે મોકલવામાં આવેલ છે તેવી હકીકત શંકારહીત સાબીત થયેલ છે તેમ માનું છું**.

વધુમાં આ કામે પોલીસે આંક-૪૦ વાળી જે યાદી કરેલ છે તે યાદીની વિગત અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> "ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક.૧૩૭(૨), ૬૪(૨) (એમ) તથા પોકસો એકટની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબના ગુનાના કામે ફરીયાદીશ્રી ભોગબનનાર ઉ.વ.૧૭ વર્ષ ૦૧ માસ ૦૫ દિવસ (જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮) રહે. વિજાપુર સ્નેહકુંજ રોયલ સોસાયટી મકાન નં.૩૮, તા.વિજાપુર, જી.મહેસાણા મુળ રહે. ધનપુરા પટેલ વાસ, તા.વિજાપુર, જી.મહેસાણા વાળી સાથે તહોમતદાર કૌશિકસિંહ મહેન્દ્રસિંહ મકવાણા નાએ સંભોગ કરી ફરીયાદીને ગર્ભવતી બનાવી ફરીયાદીએ બાળકને જન્મ આપેલ હોઈ જે સંબંધે ઉપરોકત નંબરથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ. **આ કામે ભોગબનનારે**

બાળકને જન્મ આપેલ જે બાળકના પિતા બાબતે ચોકકસ માહિતી મેળવવા સારૂ ડી.એન.એ. કરાવવું જરૂરી હોઈ ભોગબનનાર તેમજ જન્મેલ બાળકના ડી.એન.એ. લગત સેમ્પલો લઈ આપવા વિનંતી છે. તા.૨૯/૦૭/૨૦૨૫."

**આ કામે આ યાદીની વિગત ધ્યાને લેવામાં આવે તો ત.ક.અ. એ. આંક–૪૦ વાળી યાદી કરી મેડિકલ ઓફિસર જનરલ હોસ્પીટલ, વિજાપુર નાઓને બે વ્યકિતઓના ડી.એન.એ. સેમ્પલ લેવા માટે યાદી કરેલ હતી જે પૈકી એક સેમ્પલ "ભોગબનનાર" તથા બીજુ સેમ્પલ "તાજુ જન્મેલું બાળક" તે રીતે બે વ્યકિતઓના ડી.એન.એ. સેમ્પલ મેળવવા માટે યાદી કરેલ હતી. જે પૈકી આ ડોકટર નાઈ દિપાલીબેન નાઓએ માત્ર તાજા જન્મેલા બાળકનું ડી.એન.એ. સેમ્પલ લીધેલ છે અને ભોગબનનારનું સેમ્પલ તે દિવસે લીધેલ નથી**. આવા સંજોગોમાં પાછળથી **આ ત.ક.અ. ના ધ્યાન ઉપર ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ ડોકટર દ્વારા લેવામાં આવેલ નથી તેવી હકીકત આવતા ભોગબનનારનું પાછળથી ડી.એન.એ. સેમ્પલ લેવડાવેલુ છે. આમ, જે તે સમયે ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ આ ડોકટર દ્વારા લેવામાં આવેલ નથી પરંતુ ત.ક.અ. દ્વારા તપાસમાં પુરતી કાળજી રાખેલ છે અને તે સંજોગોમાં ડોકટરની બેદરકારીના કારણસર ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ લઈ શકાયેલ નહિ માત્ર તેટલા કારણથી ફરીયાદપક્ષના કેસને ન માનવો જોઈએ તે વ્યાજબી અને ઉચિત નથી**. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો, ડી.એન.એ. સેમ્પલ પોલીસે તપાસ દરમ્યાન એકત્રીત કરેલ છે અને એફ.એસ.એલ. દ્વારા ડી.એન.એ. સેમ્પલની ચકાસણી કરેલ છે. જેથી આ ત્રણેય ડી.એન.એ. સેમ્પલ સંદર્ભે કે જે પૈકી કોઈ એક ડી.એન.એ. સેમ્પલ સંદર્ભે કે તમામ ડી.એન.એ. સેમ્પલ સંદર્ભે આરોપીને તકરાર હોય કે ડી.એન.એ. સેમ્પલ બદલી નાંખવામાં આવેલ છે અથવા ડી.એન.એ. સેમ્પલ સાથે કોઈ છેડછાડ કરવામાં આવેલ છે તેવી બાબત અદાલત માને તેવુ જો આરોપી ઈચ્છતા હોય તો તે બાબત રેકર્ડ ઉપર લાવીને સાબીત

કરવાનો સાબીતીનો બોજો આરોપીના શીરે રહેલો છે.

આવા સંજોગોમાં બી.એન.એ. ની ક.૧૦૪ ની જોગવાઇ અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> **"SECTION 104 : Burden of proof. :**
> **Whoever desires any Court to give judgment** as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist, and **when a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person**.
> **Illustrations.**
> **(a)** A desires a Court to give judgment that B shall be punished for a crime which A says B has committed. A must prove that B has committed the crime.
> **(b)** A desires a Court to give judgment that he is entitled to certain land in the possession of B, by reason of facts which he asserts, and which B denies, to be true. A must prove the existence of those facts. "

આમ, આ બી.એસ.એ.ની ક.૧૦૪ ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો આરોપી પોતે જે હકીકત અદાલત માને તેવુ ઇચ્છતો હોય એટલે કે આ ડી.એન.એ. સેમ્પલ આરોપીનુ નથી અથવા જે તે બાળક/વ્યકિતનું નથી અથવા ડી.એન.એ. સેમ્પલ સાથે છેડછાડ કરવામાં આવેલ છે તો તે બાબત રેકર્ડ ઉપર લાવીને સાબીત કરવાનો સાબીતીનો બોજો આરોપીના શીરે રહેલો છે. **આ કિસ્સામાં હાલના આરોપી દ્વારા બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં પોતાનું ડી.એન.એ. સેમ્પલ ફરીથી આપી એફ.એસ.એલ. માં ચકાસણી કરાવવા માટે કોઇ રજુઆત કરેલ નથી કે ભોગબનનાર તથા બાળકનું નવેશરથી ડી.એન.એ. સેમ્પલ મેળવી આરોપીના ડી.એન.એ. સેમ્પલ સાથે સરખાવવા માટે કોઇ રજુઆત કરેલ નથી કે તેવી કોઇ અરજી આપેલ નથી**. જેથી **આ કિસ્સામાં ડી.એન.એ. સેમ્પલ**

**ડોકટર દિપાલી નાઈ દ્વારા જે એકત્રીત કરવામાં આવેલ છે તે કાયદેસર રીતે એકત્રીત કરવામાં આવેલ છે અને તે સેમ્પલ આરોપીના તેમજ તાજા જન્મેલા બાળકના છે તેવુ તમામ દ્રષ્ટિકોણથી મુલ્યાંકન કરતા શંકારહીત સાબીત થાય છે તેમ માનું છું.**

(૨૩) આ કામે ડો. ચિરાગ નારાયણભાઈ અંસારી નાઓને આંક – ૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ડોકટરની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ તેઓ જી.એમ.ઈ.આર.એસ. હોસ્પીટલ, વડનગર ખાતે ફરજ બજાવતા હતા દરમ્યાન જનરલ હોસ્પીટલ, વિજાપુર નાઓની ચીટ સાથે કલાક ૧–૦૬ એ.એમ. વાગ્યે તાજુ જન્મેલું બાળક કે જેની ઉંમર ૩ દિવસની હતી તેને વુમન પોલીસ કોન્સ્ટેબલ દક્ષાબેન દયાભાઈ બ.નં.૧૬૦૨ વિજાપુર પોલીસની યાદી સાથે સારવાર માટે લાવેલા અને બાળકને જરૂરી સારવાર આપેલ અને તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૪–૦૦ વાગ્યાની આસપાસ બાળકને હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ કરવામાં આવેલ તે સિવાય વિશેષ કોઈ વિગત તેઓની જુબાનીમાં રેકર્ડ ઉપર આવતી નથી તેમ માનું છું.

(૨૪) આ કામે પંચ ગીરીશભાઈ મોતીભાઈ ભટોળ નાઓને આંક–૪૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૪૯ થી આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ તથા મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે. સદરહું પંચે પોતાની સરતપાસમાં જે વિગતો જણાવેલ છે તે પૈકીની કેટલીક વિગતો અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> **"(૨) ગઈ તા.૨૯/૭/૨૦૨૫ ના રોજ હું વિજાપુર પો.સ્ટે.માં સાંજના ક.૫:૦૦ વાગ્યે ગયેલ. ત્યારબાદ બીજા પંચ તરીકે સુનિતાબેન અમૃતભાઈ ડોડીયા મુખ્ય સેવીકા આઈ.સી.ડી.એસ.ઘટક વિજાપુર નાઓ આવેલા હતા. ત્યારે વિજાપુર પોલીસે અમોને સમજ કરેલ કે સદર ગુન્હાના કામે આરોપીની શરીર સ્થિતી તેમજ આરોપી**

**મોબાઈલ રજુ કરતો હોય તે કબજે કરવા માટે પંચનામું કરવાનું છે તેવી સમજ કરેલી જેથી મે તથા મારી સાથેના બીજા પંચ સુનિતાબેને પંચમાં રહેવા માટે હા પાડેલી. ત્યાં હાજર આરોપીનું અમો પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનું નામ કૌશીકસિંહ મહેન્દ્રસિંહ મકવાણા ઉ.વ.૨૯, ધંધો–ટ્રાવેલ્સ રહે. કોટડી તા.વિજાપુરવાળા હોવાનું જણાવેલું. તેમના શરીરે જોતાં નેવી બ્લ્યુ કલરનો આખી બાયનો શર્ટ પહેરેલો અને કમરે આછા વાદળી કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ હતુ. આરોપીને શરીરે ફેરવીને જોતાં તેના શરીરે કોઈ ઈજાના નિશાન તે સમયે મને જોવા મળેલા નહી. આ આરોપીને બીમારી સંદર્ભે પુછતાં તેઓને પોતાને કોઈ બીમારી નથી તેમ જણાવેલ હતુ. આરોપી કૌશીકસિંહના ખિસ્સામાંથી એક મોબાઈલ આરોપીએ કાઢેલો. આ મોબાઈલ જોતાં તે સેમસંગ કંપનીનો એસ–અલ્ટ્રા–૨૩ મોડલનો હતો. આ મોબાઈલમાં પાસવર્ડ હતો. આ મોબાઈલનો પાસવર્ડ આરોપીને પુછતાં આરોપીએ પાસવર્ડ– ૧૮૧૨ જણાવેલો હતો. આ મોબાઈલ બે સીમકાર્ડવાળો હતો અને તે મોબાઈલ ચેક કરતાં તેમાં એક સીમકાર્ડ જીઓ કંપનીનું નાખેલું હતુ અને સીમકાર્ડનો બીજો સ્લોટ ખાલી હતો. ત્યારબાદ આ મોબાઈલનો આઈ.એમ.ઈ.આઈ.નંબર ચેક કરેલો. આ મોબાઈલને એરોપ્લેન મોડમાં મુકીને થેલીમાં મુકવામાં આવેલો અને મારી તથા બીજા પંચની કાપલીમાં સહી કરાવેલી અને સાહેબે પણ સહી કરેલી અને તે મોબાઈલ સાથે મુકવામાં આવેલી અને તેને સીલ કરી કબ્જે લેવામાં આવેલો. આ બાબતનું પંચનામું કરવામાં આવેલું. આ પંચનામું સાંજના સાડા છ વાગ્યાની આસપાસ પુરૂ થયેલું. આ પંચનામાની પ્રિન્ટ કાઢેલી અને તેમાં મારી સહી કરેલી.**

આ તબક્કે વિ.એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને પુછવામાં આવેલું કે તે સમયે કોઈ વિડીયોગ્રાફિ અને ફોટોગ્રાફિ કરેલી ? આ બાબતે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા વાંધો રજુ કરવામાં આવેલો છે અને લીડીંગ કવેશ્ચન (સુચક પ્રશ્ન) પુછવા સામે વાંધો વ્યકત કરેલો છે. જેથી આ બંને બાબત ધ્યાને લેતાં અને પંચ દ્વારા સરતપાસમાં જે વિગતો જણાવવામાં આવેલી છે તે ધ્યાને લેતાં આ વાંધો સુચક પ્રશ્નની વ્યાખ્યના વર્તળમાં ઉપરની સરતપાસની વિગતની જોતાં આવતી નથી. જેથી વાંધો ગ્રાહ્ય રાખવામાં આવતો નથી.

**મારી હાજરીમાં ફોટોગ્રાફિ અને વીડીયોગ્રાફી કરવામાં આવેલી હતી. આ ફોટોગ્રાફિ અને વિડીયોગ્રાફિ વખતે હું તથા મારી સાથેના બીજા પંચ સુનિતાબેન અને પી.આઈ. સાહેબ હાજર હતા. આ સિવાય કૌશીકસિંહ પણ હાજર હતા.**

**(૩) મને માર્ક–૫/૫ વાળુ આરોપીનું શરીર સ્થીતીનું તેમજ મોબાઈલ કબ્જે કર્યાનું અસલ પંચનામું**

**બતાવવામાં આવે છે.જે જોઇને જણાવુ છુ કે અમારી રૂબરૂ કરેલ તે જ પંચનામું છે. જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે તથા પંચ નં.૨ તરીકે સુનિતાબેનએ મારી હાજરીમાં સહી કરેલ હોય હું તેમની સહી ઓળખી બતાવુ છુ. જે માર્ક–૫/૫ વાળા અસલ પંચનામાને રજુ દાખલ આંક–૪૯ આપવામાં આવે છે.**

**(૪) મારી રૂબરૂ કબ્જે કરેલ આરોપીનો મોબાઈલ મને બતાવવામાં આવે તો હું ઓળખી બતાવુ છુ.**

**મને મુદામાલ આર્ટીકલ નં.૧ કે જે સીલબંધ હાલતમાં છે તે સીલ કોર્ટ રૂબરૂ તોડી ખોલીને બતાવવામાં આવે છે. તેમાંથી એક મોબાઈલ નીકળેલ છે જે જોઇને જણાવું છુ કે, આ તે જ મોબાઈલ છે જે આરોપી કૌશીકસિંહે રજુ કરેલો હતો. મને મુદામાલ આર્ટીકલ નં.૧ સાથે નીકળેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે તથા પંચ નં.૨ તરીકે સુનિતાબેન ડોડીયાની સહી છે જે બંને સહીઓ હું ઓળખી બતાવુ છુ. જે રજુ દાખલ આંક–૫૦ આપવામાં આવે છે."**

વધુમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા સદરહું પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે તે સમગ્ર ઉલટતપાસ અત્રે અક્ષરસહઃ નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

"(૫) એ વાત ખરી છે કે, પાતળા કુવાની ઓફિસમાંથી કયા સાહેબે મને પંચમાં રહેવા માટે જણાવેલું તેનું નામ આંક–૪૯ વાળા પંચનામાં લખેલો નથી. મારા ઉપરી અધિકારીએ મને પંચમાં રહેવા માટે જવા સારૂ કોઈ લેટર આપેલો નથી. મે પંચનામાંની કોપી એક જ વખતે વાંચેલી છે. મે આ પંચનામાની કોપી જુબાની આપવા માટે આવ્યો તે પહેલા વાંચેલી. એ વાત ખરી છે કે, આંક–૪૯ વાળા પંચનામાં વિડીયોગ્રાફિ તથા ફોટોગ્રાફિ કરેલી હોય તેવી વિગત લખેલી નથી. એ વાત ખરી છે કે, આંક–૪૯ વાળા પંચનામાં આરોપીએ મોબાઇલ કાઢીને આપેલો તે વિગત લખેલી નથી. એ વાત ખરી છે કે, આ મોબાઇલમાં કોઈ વાંધાજનક ચિજવસ્તુ હોય તેવું મે જોએલું નથી અને પોલીસે મને બતાવેલ નથી. એ વાત ખરી નથી કે, હું પોલીસ સ્ટેશન ગયેલો નથી અને મારી હાજરીમાં કોઈ પંચનામું થયેલું નથી. આ મોબાઇલમાંથી કોઈ છોકરા–છોકરીના ફોટા કે વિડીયો હોય તેવું પોલીસે મને બતાવેલું નથી."

આવા સંજોગોમાં સદરહું પંચની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો સદરહું પંચ પાતાળ કુવા પેટા વિભાગમાં મદદનીશ ઇજનેર વિજાપુરમાં

મદદનીશ ઈજનેર તરીકે નોકરી કરે છે અને તેઓને તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ પંચમાં રહેવા જવા માટે ઉપરી અધિકારીએ જાણ કરેલ અને તે આધારે તેઓ ગયેલ છે. આમ, આ પંચની સમગ્ર જુબાનીમાં કોઈ પણ જગ્યાએ આ પંચ પોતે જે કચેરીમાં ફરજ બજાવતા હોવાનું જણાવે છે ત્યાં ફરજ બજાવતા નથી અને બીજી કોઈ કચેરીમાં બીજા કોઈ હોદ્દો ઉપર ફરજ બજાવતા હોય તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે તેવો કોઈ બચાવ આરોપી તર્ફે રજુ કરવામાં આવેલો નથી. આમ, સદરહું પંચ સરકારી વિભાગના સરકારી કર્મચારી છે. જેથી તેઓને સ્વાભાવિક રીતે ખોટુ બોલવા માટેનું કોઈ કારણ હોઈ શકે નહિ તેવુ મારૂ સૌપ્રથમ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

વધુમાં,સદરહું પંચની જુબાની અનુસાર તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યાના અરસામાં વિજાપુર પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ત્યાં પંચ સુનિતાબેન અમૃતભાઈ ડોડીયા નાઓ પણ હાજર હતા અને પોલીસે આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ કરવાનું હોવાની વિગતની સમજ આપેલી તેમજ આરોપી પોતાનો મોબાઈલ રજુ કરતા હોવાથી તે કબજે કરવાનો હોય તે બાબતનું પંચનામુ કરવાનું છે તે રીતની સમજ આપેલ. ત્યારબાદ **સદરહું પંચ દ્વારા પંચનામુ શરૂ કરતા પહેલા જે વ્યકિતની શરીર સ્થિતિનું પંચનામુ કરેલ તેનુ નામ પુછેલ અને તે વ્યકિતએ પોતાનું નામ કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા હોવાનું જણાવેલુ**. વધુમાં, **આ પંચનામા દ્વારા આરોપીએ પોતાના ખિસ્સામાંથી એક સેમસંગ કંપનીનો એસ અલ્ટ્રા-૨૩ મોડલનો કાઢીને આપેલ અને મોબાઈલનો પાસવર્ડ આરોપીએ ૧૮૧૨ નો જણાવેલ અને તે મોબાઈલ તે મોબાઈલ પંચનામુ કરી કબજે કરવામાં આવેલ**. વધુમાં આ સમગ્ર કામગીરીની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવેલ અને આ સમગ્ર કામગીરી દરમ્યાન આરોપી પણ હાજર હતા તેવુ સદરહું પંચે જણાવેલ છે. **આ સિવાય મુદ્દામાલ આર્ટીકલ નં.૧ જે મોબાઈલ છે તે સદરહું પંચે આરોપી દ્વારા રજુ કરવામાં આવેલ મોબાઈલ છે તે રીતે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ**

**છે અને આ મોબાઇલ સાથેની પંચસ્લીપમાં પોતાની તથા બીજા પંચ સુનિતાબેન અમૃતભાઇ ડોડીયા નાઓની સહિ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને આ સમગ્ર કાર્યવાહીનું આંક–૪૯ વાળુ પંચનામુ કરવામાં આવેલ તે રીતની વિગત જણાવેલ છે. આમ, આંક–૪૯ વાળા પંચનામાની કાર્યવાહી સદરહું પંચની હાજરીમાં કરવામાં આવેલ છે તે રીતની વિગત અદાલત રૂબરૂ સ્પષ્ટ જણાવે છે**.

આરોપી તર્ફે ઉલટતપાસમાં સદરહું પંચને પંચનામામાં રહેવા માટે કયા અધિકારીએ જણાવેલ તેની વિગત પંચનામામાં લખેલ નથી તે વિગત રેકર્ડ ઉપર લાવેલ છે પરંતુ વ્યવહારના સામાન્ય ક્રમમાં પંચનામુ જે હેતુ માટે કરવામાં આવતુ હોય તે હેતુ સંલગ્ન બાબતો જ પંચનામામાં લખવાની હોય છે. જેથી પંચને પંચનામામાં હાજર રહેવા માટે કયા અધિકારીએ જણાવેલ તે વિગત આંક–૪૯ વાળા પંચનામામાં લખવી જરૂરી નથી. જેથી આવી વિગત લખેલ નથી તેના કારણે પંચનામુ ખોટુ છે તેવુ કોઇ પણ દ્રષ્ટિકોણથી માની શકાય નહિ.

વધુમાં, આંક–૪૯ વાળા પંચનામાની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવેલ હોય તેવી વિગત લખેલ નથી પરંતુ વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી કરવાનો હેતુ ભુતકાળમાં કેટલાક પંચનામાની કાર્યવાહી દરમ્યાન જે કાર્યવાહી થયેલ હોય તે સંદર્ભે પંચો ફરી જતા હતા જેથી વૈજ્ઞાનિક પધ્ધતિનો વિકાસ થતા વિડીયો રેકોર્ડીંગ, ફોટોગ્રાફી અસ્તિત્વમાં આવતા તે પંચનામા માટે વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી કરવુ ફરજીયાત ઠરાવેલ છે જેથી વાસ્તવિક સમયે ખરેખર પંચો હાજર હતા અને પંચનામામાં જણાવવામાં આવેલ છે તેવી કોઇ ચીજ વસ્તુ કે વ્યકિતની શરીર સ્થિતિની વિગત ધ્યાને લેવામાં આવેલ છે કે કેમ? તે રીતની વિગતની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવાની હોય છે. વધુમાં **આંક–૪૯ વાળા પંચનામામાં જે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે તેની વિગત લખેલ છે અને આંક–૪૯ વાળા પંચનામાની કાર્યવાહીની વિડીયોગ્રાફી થયેલ છે. જેથી પંચનામામાં આવી વિડીયોગ્રાફીનો ઉલ્લેખ કરેલ નથી માત્ર તેટલા કારણથી**

**આંક-૪૯ વાળુ પંચનામુ ખોટુ અને બનાવટી છે તેવુ કોઈ પણ દ્રષ્ટિકોણથી માની શકાય નહિ. આવા સંજોગોમાં સદરહું પંચની જુબાનીના આધારે આંક-૪૯ વાળુ પંચનામુ તેની વિગતે શંકારહીત સાબીત થાય છે તેમ માનું છું.**

(૨૫) આ કામે પંચ પ્રજાપતિ રાકેશભાઈ ભગાભાઈ નાઓને આંક-૫૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૫૨ થી ગુના બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે. સદરહું પંચની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ વિજાપુર પોલીસ સ્ટેશનમાં સાંજના કલાક ૪-૪૫ વાગે ગયેલા અને તે સમયે ત્યાં બીજા પંચ તરીકે હેતલબેન ઘનશ્યામભાઈ ત્રિવેદી પણ સાથે હાજર હતા અને પોલીસે આ પંચોને સમજ આપેલ કે ભોગબનનાર ગુના બનાવવાળી જગ્યા બતાવવા માંગે છે અને તે બાબતનું પંચનામુ કરવાનું છે. જેથી આ પંચોએ પંચમાં રહેવા માટે સ્વખુશી દર્શાવેલી. આ સિવાય સદરહું પંચો દ્વારા ભોગબનનારનું નામ પુછી ખાત્રી પણ કરેલ હતી. ઉલટતપાસમાં કોઈ પણ જગ્યાએ આ પંચો દ્વારા ભોગબનનારનું નામ પુછી ખાત્રી કરવામાં આવેલ નથી તે રીતે કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. વધુમાં પંચોની ઉલટતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમા કોઈ પણ જગ્યાએ આ પંચો સાથે ગુના બનાવવાળી જગ્યાએ પહોંચેલા ન હોય તે રીતે પણ કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આવા સંજોગોમાં સદરહું પંચોની જુબાનીની વિગતને અત્યંત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો

> "અમો વિજાપુર પોલીસ સ્ટેશનથી તા.૧/૮/૨૦૨૫ના રોજ સાંજના ક.૪:૧૦ વાગ્યે ભોગબનનાર અમો પંચો તથા પોલીસ સ્ટાફ સાથે પોલીસની ગાડી નં.જીજે. ૧૮.જી.બી.૬૬૪૩માં નીકળેલા. પોલીસની ગાડીમાં ભોગબનનાર પાછળના ભાગે તથા અમો પંચો વચ્ચેની સીટમાં બેઠેલા હતા. ભોગબનનાર જે મુજબ જણાવતાં હતા તે મુજબ જતાં હતા. **ભોગબનનાર અમોને આશ્રમ**

> **ચોકડી મહુડીરોડ વિજાપુરની બતાવેલી. આશ્રમ ચોકડી ખાતે ભોગબનનારે રોયલ ગોલ્ડ હોટલ બતાવેલી. જે હોટલ અસ્ટવિનાયક આર્કેડ નામના કોમ્પ્લેક્ષમાં બતાવેલી હતી. આ હોટલમાં ભોગબનનાર અમોને હોટલના પાછળના ભાગેથી લીફટમાં બેસાડીને ત્રીજા માળે લઈ ગયેલા હતા."**

આમ, આ મહત્વની બાબતો ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર, પંચો તથા પોલીસ સ્ટાફના માણસો સરકારી વાહનમાં આ હોટલ રોયલ ગોલ્ડમાં ભોગબનનારના જણાવ્યા મુજબ ગયેલા છે તે રીતની વિગતને સીધુ સમર્થન મળે છે. આરોપી તર્ફે સદરહું પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તે ઉલટતપાસમાં એવુ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> "અમે હોટલ ઉપર લગભગ સાડા ચાર વાગ્યાની આસપાસ પહોંચેલા. એ વાત ખરી છે કે, આંક–૫૧ વાળા પંચનામાં અમે ક.૪:૩૦ વાગ્યે હોટલ ઉપર પહોંચેલા હોય અને બીજા ભાગનું પંચનામું ત્યાં શરૂ કરવામાં આવેલ હોય તેવી વિગત લખેલી નથી. એ વાત ખરી છે કે, આંક–૫૧ વાળા પંચનામામાં ભોગબનનાર શરીરે કેવી દેખાતી હતી અને કેવા કપડાં પહેરેલા હતા તેની વિગત લખેલી નથી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં હોટલના સ્ટાફ મારફત ભોગબનનાર હોટલમાં આવેલા તેવી કોઇ ઓળખ કરાવેલી નથી. એ વાત ખરી છે કે, આંક–૫૧ વાળા પંચનામામાં જણાવેલ હોટલ રોયલ ગોલ્ડની આજુબાજુ શું આવેલું છે તેની વિગત પંચનામાં લખેલી નથી. એ વાત ખરી છે કે, આંક–૫૧ વાળા પંચનામામાં રૂમ નં.૩૦૩ ની લંબાઇ–પહોળાઇની વિગત લખેલી નથી. એ વાત ખરી નથી કે, હું ગુન્હાવાળી જગ્યાએ ગયેલો નથી અને મે તૈયાર પંચનામાં સહી કરેલી છે."

આમ, **ઉલટતપાસમાં આ તમામ બાબતો ધ્યાને લેવામાં આવે તો બીજા ભાગનું પંચનામુ કયારે શરૂ કરવામાં આવેલ તેનો સમય લખવામાં આવેલો નથી માત્ર તેટલા કારણથી પંચનામુ ખોટુ અથવા પાછળથી ઉભુ કરેલ હોય તે રીતે મુલ્યાંકન કરી શકાય નહિ**. વધુમાં, **પંચનામામાં ભોગબનનારનો શરીરનો દેખાવ લખવામાં આવેલો નથી પરંતુ પંચોની જુબાની દરમ્યાન પંચોએ ભોગબનનારનું નામ પુછી ઓળખની ખાત્રી કરેલી છે. તે સંજોગોમાં પંચનામામાં કોઈ પણ**

**જગ્યાએ ભોગબનનારના શરીરનું વર્ણન લખવુ જરૂરી અને ફરજીયાત નથી. જેથી આવુ કોઇ વર્ણન લખવામાં આવેલ ન હોવાના કારણે આંક–૫૧ વાળુ પંચનામુ ગેરકાયદેસરનું થતુ નથી. વધુમાં આંક–૫૧ વાળુ પંચનામુ ગુના બનાવવાળી જગ્યાનું પંચનામુ છે, ઓળખ પરેડનું પંચનામુ નથી**. આવા સંજોગોમાં આંક–૫૧ વાળા પંચનામાનો હેતુ ભોગબનનાર સાથે ભોગબનનારના જણાવ્યા મુજબ જે સ્થળે બનાવ બનેલો છે તે સ્થળની ભૌગોલિક પરિસ્થિતિ રેકર્ડ ઉપર લાવવાની છે. આમ, **ભોગબનનારે હોટલ રોયલ ગોલ્ડના રૂમ નં.૩૦૩ માં બનાવ બનેલો છે તે વિગત જણાવી ગુના બનાવવાળી જગ્યા રૂમ નં.૩૦૩ નો બતાવેલો છે આમ, આ રોયલ ગોલ્ડ હોટલમાં રૂમ નં.૩૦૩ આવેલ ન હોય તેવો આરોપીનો કોઇ બચાવ નથી તેમજ આ પંચની ઉલટતપાસમાં કોઇ પણ જગ્યાએ હોટલ રોયલ ગોલ્ડમાં રૂમ નં.૩૦૩ આવેલ નથી તેવી કોઇ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. વધુમાં રૂમ નં.૩૦૩ ની લંબાઇ અને પહોળાઇ લખવામાં આવેલ નથી તો તેના કારણે પંચનામુ કાયદા વિરૂધ્ધનું બનતુ નથી. આવા સંજોગોમાં **પંચનામુ કરવાનો મુખ્ય હેતુ વાસ્તવિક સ્થળ સ્થિતિની પરિસ્થિતિ અદાલતના રેકર્ડ ઉપર આવે માત્ર કેટલો જ હોય છે અને તે સંજોગોમાં આંક–૫૧ વાળુ પંચનામુ ભોગબનનારે જે ગુના બનાવવાળી જગ્યા બતાવેલ છે તે જગ્યાએ પંચો ભોગબનનારની સાથે ગયેલ છે અને તે જગ્યા જોયા બાદ આંક–૫૧ વાળુ પંચનામુ કરવામાં આવેલ છે તે રીતની વિગતને વ્યાજબી, શંકારહીત સમર્થન મળતુ હોવાથી આંક–૫૧ વાળુ ગુના બનાવવાળી જગ્યાનું પંચનામુ તેની વિગતે સાબીત થાય છે તેમ માનું છું**.

(૨૬) આ કામે સાહેદ દિલીપકુમાર અશ્વિનભાઇ પટેલ નાઓને આંક–૫૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૫૪ થી જન્મ નોંધણીના રજીસ્ટરની ખરી નકલ રજુ થયેલ છે. આવા સંજોગોમાં સદરહું સાહેદની સમગ્ર જુબાનીનું

ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ ગામ ધનપુરા, તા.વિજાપુરના છે અને તેઓ તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હોવાથી સને ૨૦૦૮ ના જન્મ નોંધણી રજીસ્ટના આધારે ભોગબનનારની ઉંમર સંદર્ભે જુબાની આપવા આવેલ છે અને તેઓએ જરૂરી દસ્તાવેજો ભોગબનનારની ઉંમર સંદર્ભે રજુ કરેલ છે. આ સાહેદના જણાવ્યા અનુસાર ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની જન્મ નોંધણી રજીસ્ટરમાં લખવામાં આવેલ છે અને જન્મની નોંધણી તા.૨૭/૦૬/૨૦૦૮ ના રોજ શ્રીમત દિવાબેન એ પટેલ પ્રસૃતિગૃહની યાદીના આધારે કરવામાં આવેલ છે. આમ, આ ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની છે અને તે બાબત અત્રેની અદાલત દ્વારા અગાઉ કારણોમાં ચર્ચાની શરૂઆતમાં આ સાહેદની જુબાનીનું પણ કેટલીક બાબતોમાં મુલ્યાંકન કરેલ છે. જેથી તે મુદ્દા ઉપર ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની સાબીત થયેલાની હકીકતને અદાલતે માનેલુ છે. જેથી વિશેષ કોઇ ચર્ચા આ તબકકે ફરીથી કરવામાં આવતી નથી.

(૨૭) આ કામે ત.ક.અ. ચૌધરી કમલેશકુમાર કાવજીભાઇ નાઓને આંક–૫૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ત.ક.અ. ની જુબાનીની વિગતો ધ્યાને લેવામાં આવે તો સદરહું ત.ક.અ. એ પોતાની સરતપાસમાં ખૂબજ મહત્વની એવી હકીકત જણાવેલ છે કે,

> **"બાદ આ કામે એફ.એસ.એલ. ખાતે ડી.એન.એ. કરાવવા સારૂ સીવીલ હોસ્પીટલમાંથી તાજા જન્મેલા બાળક તથા આરોપીના ડી.એન.એ.સેમ્પલો મેળવી રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.માં મોકલેલા. જે તે સમયે ભોગબનનારનું ડી.એન.એ.સેમ્પલ લેવાયેલ ન હોવાથી પાછળથી ભોગબનનારનું ડી.એન.એ.સેમ્પલ વિજાપુર હોસ્પી.માંથી લઇ એફ.એસ.એલ.માં રવાનગી નોંધ સાથે મોકલી આપેલો. આ ડી.એન.એ.સેમ્પલ ચકાસણી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કર્યા બાદ રીપોર્ટ આવેલો. જેમાં આ ડી.એન.એ.રીપોર્ટ અનુસાર ડી.એન.એ.મેચ થતુ હતુ."**

આમ, ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ જે તે સમયે લેવામાં આવેલ નથી તે બાબત ત.ક.અ. ના ધ્યાન ઉપર આવતા તેઓએ ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ વિજાપુર હોસ્પીટલમાં લેવડાવી રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.માં મોકલી આપેલ. આવા સંજોગોમાં ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ આ ત.ક.અ. એ લેવડાવેલુ છે તે બાબત સ્પષ્ટ થાય છે. આ સિવાય સદરહું ત.ક.અ. એ. ગુનાની સંપૂર્ણ તપાસ કરેલ છે અને તપાસના આધારે આ ત.ક.અ. ને મહત્વની એવી હકીકત માલુમ પડેલ કે,

> **"મે સદર કેસની સંપૂર્ણ તપાસ કરેલી છે તે આધારે મને એવું માલુમ પડેલું છે કે, ફરીયાદ ખરી છે અને નવજાત શીશુંના પિતા ડી.એન.એ.રીપોર્ટના આધારે આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ મકવાણાનાઓ પોતે છે."**

આમ, આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો હાલના ત.ક.અ. ને આરોપી વિરૂધ્ધ ખોટી તપાસ કરવા માટેનું કોઈ કારણ હોય તેવી કોઈ બાબત ઉલટતપાસમાં આરોપીના વિ.વ.શ્રી રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. આ સિવાય હાલના ત.ક.અ. એ જે તપાસ કરેલ છે તેમા કાયદાની પ્રક્રિયા બહાર જઈ અને કોઈ તપાસ કરેલ હોય તેવી કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

વધુમાં ભોગબનનારે ફરીયાદ આપી તે સમયે સભાન અવસ્થામાં હતા કે બેભાન અવસ્થામાં હતા તે સંદર્ભે જે પ્રશ્નો પુછવામાં આવેલ છે તે અનુસંધાને સારવાર કરનાર ડોકટર અમિતકુમાર હિંમતલાલ પટેલ નાઓની આંક-૨૮ ની સોગંદ ઉપરની જુબાનીની ઉલટતપાસ અનુસાર ભોગબનનાર બે થી અઢી દિવસ સારવાર દરમ્યાન થોડા કોન્સીયસ થયેલ હતા અને આ ભોગબનનારની સભાન અવસ્થાના સંદર્ભે અત્રેની અદાલત દ્વારા અગાઉ ચર્ચામાં વિગતવારનું મુલ્યાંકન કરેલ છે જેથી તે બાબતનું ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. વધુમાં ત.ક.અ. ની ઉલટતપાસમાં ભોગબનનારનો જન્મ કરાવનાર ડોકટરનું નામ આંક-૨૧ વાળા દસ્તાવેજમાં લખવામાં

આવેલુ નથી તે વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. પરંતુ વ્યવહારના સામાન્ય ક્રમમાં ભોગબનનારનો જન્મ હોસ્પીટલમાં થયેલો છે કે કેમ? તેમજ કઇ તારીખે થયેલ છે અને સરકારશ્રી દ્વારા નિર્ધારીત કરેલ નિયત નમુનામાં જે વ્યકિતને માહિતી હોય તેટલી જ માહિતી જન્મની નોંધણીના સમયે પુરી પાડવાની હોય છે. આવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો અનુસાર જન્મ કરાવનાર પ્રસૃતિગૃહના ડોકટરનું નામ તથા પ્રસૃતિ દરમ્યાન હાજર રહેનાર સ્ટાફનું નામ લખવુ ફરજીયાત હોય અને તેનું કોઇ કોલમ રજીસ્ટરમાં આવતુ હોય તેવુ અત્રેની અદાલતને આરોપીના વિ.વ.શ્રી બતાવી શકેલા નથી. જેથી આંક-૨૧ વાળા દસ્તાવેજમાં પ્રસૃતિ કરનાર ડોકટરનું નામ તથા તે પ્રસૃતિ દરમ્યાન સ્ટાફ કોણ હાજર હતુ તેનુ નામ લખવામાં આવેલ નથી તે કારણથી આંક-૨૧ વાળો દસ્તાવેજ ગેરકાયદેસરનો બનતો નથી તેમ માનું છું.

વધુમાં આ ત.ક.અ. ની ઉલટતપાસ દરમ્યાન આરોપીના વિ.વ.શ્રી દ્વારા

> "મારી તપાસ દરમ્યાન ભોગબનનારની હોટલ રોયલ ગોલ્ડના રજીસ્ટરમાં સહિ લેવામાં આવેલ હોય તેવો કોઇ દસ્તાવેજ મને મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન રોયલ ગોલ્ડ હોટલમાંથી ભોગબનનારનું કોઇ ઓળખપત્ર કે તેની નકલ મળી આવેલી નથી. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન હાલના આરોપી ભોગબનનારને રોયલ ગોલ્ડ હોટલમાં લઇ ગયેલ હોય તેવો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો મળી આવેલો નથી. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન ભોગબનનાર તથા આરોપી બંને રોયલ ગોલ્ડ હોટલમાં ગયેલા હોય તેવી કોઇ સી.સી.ટી.વી.ફુટેજ મને તપાસ દરમ્યાન મળી આવેલી નથી."

આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો, **<u>ફરીયાદપક્ષનો કોઇ પણ જગ્યાએ એવો કેસ નથી કે ભોગબનનાર આરોપી સાથે હોટલ રોયલ ગોલ્ડમાં ગયેલા ત્યારે રજીસ્ટરમાં ભોગબનનારે સહી કરેલ છે તેમજ ભોગબનનારની સમગ્ર જુબાની દરમ્યાન કોઇ પણ જગ્યાએ ભોગબનનારે હોટલ રોયલ ગોલ્ડમાં રજીસ્ટરમાં સહિ કરેલ હોય તેવી</u>**

**કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આમ, **ભોગબનનારે હોટલ રોયલ ગોલ્ડમાં રજીસ્ટરમાં કોઈ પણ જગ્યાએ સહિ કરેલ હોય તેવા કોઈ દસ્તાવેજનું અસ્તિત્વ રેકર્ડ ઉપર સાબીત થતુ ન હોય તો તેવો દસ્તાવેજ કબજે કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી તેમ માનું છું**.

વધુમાં, **ભોગબનનારની સમગ્ર જુબાની દરમ્યાન કોઈ પણ જગ્યાએ ભોગબનનારે પોતાના ઓળખપત્રની કોઈ નકલ હોટલ રોયલ ગોલ્ડમાં આપેલ હોય તેવી કોઈ વિગત જણાવેલ નથી**. **આરોપીએ બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબના વધારાના નિવેદનમાં કોઈ પણ જગ્યાએ ભોગબનનારનું ઓળખપત્ર હોયલ રોયલ ગોલ્ડમાં આપવામાં આવેલ હોય તે રીતની વિગત જણાવેલ નથી. આવા સંજોગોમાં જો કોઈ ઓળખપત્ર હોટલ રોયલ ગોલ્ડમાં આપવામાં આવેલાની વિગત રેકર્ડ ઉપર આવતી ન હોય તો સ્વાભાવિક રીતે તેવો કોઈ દસ્તાવેજ કબજે કરવાનો તપાસ દરમ્યાન પ્રશ્ન ઉપસ્થિત થતો નથી**.

વધુમાં, આ કામે સી.સી.ટી.વી. ફુટેજ સંદર્ભે આરોપીના વિ.વ.શ્રી દ્વારા પોલીસને ભોગબનનાર તથા આરોપી સાથે હોટલમાં ગયેલ હોય તેવા કોઈ સી.સી.ટી.વી. ફુટેજ મળી આવેલ નથી તેવુ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે પરંતુ અત્રેની અદાલત દ્વારા આ મુદ્દા ઉપર અગાઉ ચર્ચાના કારણોમાં વિગતવારની ચર્ચા કરેલ છે અને તેમા સી.સી.ટી.વી. ફુટેજ સ્વાભાવિક રીતે તેવી તારીખથી સ્ટોરેજની કેપેસીટી અનુસાર સી.સી.ટી.વી. ફુટેજ ૩૦ દિવસ કે ૬૦ દિવસની કે ૯૦ દિવસની સમયમર્યાદામાં રહેતી હોય છે અને ત્યારબાદ તે આપોઆપ ડીલીટ થઈ જતી હોય છે. આ કેસમાં કોઈ પણ જગ્યાએ ફરીયાદપક્ષનો એવો કેસ નથી કે ભોગબનનારને હોટલ રોયલ ગોલ્ડમાં લઈ ગયા બાદ દિન–૩૦ કે દિન–૬૦ કે દિન–૯૦ ની અંદર ગુનો દાખલ થયેલ હોય અને પોલીસ તપાસમાં ગયેલ હોય અને સી.સી.ટી.વી. ફુટેજ મળી શકે તેમ હોવા છતાં પોલીસે સી.સી.ટી.વી. ફુટેજ કબજે લીધેલ ન હોય.

વધુમાં, આ કામે ભોગબનનારની ઓળખ હોટલ રોયલ ગોલ્ડના સ્ટાફ પાસે કરાવવામાં આવેલ નથી તે સંદર્ભે વિગત રેકર્ડ ઉપર લાવવા માટે પ્રયત્ન કરવામાં આવેલ છે પરંતુ અત્રેની અદાલત દ્વારા ભોગબનનારની જુબાનીના મુલ્યાંકન સમયે આ બાબતે વિગતવારની ચર્ચા કરીને નિર્ણિત કરવામાં આવેલ છે. જેથી તે મુદ્દા ઉપર ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

વધુમાં, આ કામે ત.ક.અ. ની ઉલટતપાસમાં એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> **"મારી તપાસ દરમ્યાન આરોપીએ ભોગબનનારના બિભત્સ ફોટા પાડેલા હોય તેવો કોઈ પુરાવો મને મળી આવેલો નથી."**

આમ, આ મહત્વની બાબતોને ધ્યાને લેતાં પોલીસને તપાસ દરમ્યાન કોઇ બિભત્સ ફોટાઓ મળી આવેલા નથી તે વિગત રેકર્ડ ઉપર ધ્યાને લેવા પાત્ર થાય છે પરંતુ તે દરેક કેસના આગવા અલગ વિશિષ્ટ સંજોગો ઉપર આધારિત ગુણદોષને સ્પર્શતી બાબત છે. આ કિસ્સામાં ભોગબનનારે બાળકને જન્મ આપેલો છે અને તે બાળકનું ડી.એન.એ. ભોગબનનાર તથા આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ મકવાણાના ડી.એન.એ. સાથે મળતુ આવેલ છે અને તે આધારે ભોગબનનારે જે બાળકને જન્મ આપેલો છે તે બાળકના બાયોલોજીકલ પિતા હાલના આરોપી છે તેવુ ડી.એન.એ. રીપોર્ટના આધારે સાબીત થાય છે. જેથી હાલના કેસના સંજોગો અલગ વિશિષ્ટ પરિસ્થિતિ રજુ કરે છે. જેથી બિભત્સ ફોટાઓ મળી ન આવવાથી ફરીયાદપક્ષના કેસને વિરૂધ્ધની કોઇ અસર થતી નથી તેમ માનું છું.

વધુમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા એફ.એસ.એલ. કચેરીની કામગીરી સંદર્ભે એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> **"એ વાત ખરી છે કે, એફ.એસ.એલ.કચેરીમાં કેટલા દિવસ પછી કાર્યવાહી થયેલી તે હું કહી શકુ નહી."**

**<u>આ બાબતને ધ્યાને લેવામાં આવે તો સેમ્પલ માંથી</u>**

**ડી.એન.એ. એકત્રીત કરવાની બાબત અલગ પ્રકારની વૈજ્ઞાનિક પધ્ધતિ કે વૈજ્ઞાનિક પ્રક્રિયાને સુચિત કરે છે. આવા સંજોગોમાં આરોપીના વિ.વ.શ્રીએ કોઈ પણ જગ્યાએ એવુ વૈજ્ઞાનિક પધ્ધતિથી સાબીત થયેલાનું રેકર્ડ ઉપર લાવી શકેલા નથી કે વ્યકિતના શરીરમાંથી લોહી લીધા બાદ કેટલા દિવસમાં તેની ચકાસણી કરવામાં આવે તો ડી.એન.એ. મળી શકે અને તે સમયમર્યાદા બહાર લોહીની ચકાસણી કરવામાં આવે તો ડી.એન.એ. મળી શકે નહિ**. કોઈ હાડકુ મળી આવેલુ હોય તો તેમાંથી પણ ડી.એન.એ. મળી શકે છે. આમ, આ વેજ્ઞાનિક પધ્ધતિની બાબત અને વેજ્ઞાનિક પ્રક્રિયાની બાબત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી અને **એફ.એસ.એલ. કચેરી દ્વારા જરૂરી વેજ્ઞાનિક પધ્ધતિથી ચકાસણી કર્યા બાદ ડી.એન.એ. રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે. આવા સંજોગોમાં એફ.એસ.એલ. કચેરીને ખોટો રીપોર્ટ તૈયાર કરવા માટેનું કોઈ કારણ હોઈ તેવુ કયાંય રેકર્ડ ઉપર આવતુ નથી**. વધુમાં, **એફ.એસ.એલ. કચેરી દ્વારા ખોટો ડી.એન.એ. રીપોર્ટ બનાવવામાં આવેલ હોય તેવુ આરોપી દ્વારા પુરાવામાં રેકર્ડ ઉપર લાવીને સાબીત કરવામાં આવેલુ નથી** અને તે સંજોગોમાં એફ.એસ.એલ. કચેરીમાંથી કેટલા સમય પછી ચકાસણી થયેલ છે તે આ કેસની વિષય વસ્તુ સંદર્ભે મહત્વ ધરાવતી બાબત નથી તેમ માનું છું.

વધુમાં, આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા આંક–૯૪ વાળી સી.ડી.માં જે ફોટાઓ છે તે ફોટાઓ સંદર્ભે પ્રશ્ન પુછવામાં આવેલ છે. જેથી કેટલીક મહત્વની વિગતો રેકર્ડ ઉપર આવેલ છે તે અત્રે નોંધવી ખૂબજ મહત્વની છે અને તે એવી છે કે,

> **"મને આંક–૯૪ વાળી સી.ડી. ચાલુ કરી બતાવવામાં આવે છે, તેમાના ઈમેજ ફોલ્ડર માંથી એક ફોટો યુવક તથા યુવતીનો સંયુકત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે ફોટામાં આરોપી તથા ભોગબનનાર છે અને તે ફોટામાં જે દેખાય છે તે મુજબ તે સમયે કોઈ ધમકી આપવામાં આવેલી હોય તેવી પરીસ્થિતી જણાતી નથી અને ફોટામાં કોઈ બીભસ્તા હોય તેવું પણ તેમાં દેખાતું**

> **નથી. એ વાત ખરી છે કે, આ ફોટામાં ભોગબનનાર ગભરાઈ ગયેલી હોય તેવું દેખાતું નથી. મને આંક-૯૪ વાળી સી.ડી. ચાલુ કરી બતાવવામાં આવે છે, તેમાના ઈમેજ ફોલ્ડર માંથી એક ફોટો યુવક તથા યુવતીનો સંયુકત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે ફોટામાં આરોપી તથા ભોગબનનાર છે અને તે ફોટામાં જે દેખાય છે તે મુજબ તે સમયે કોઈ ધમકી આપવામાં આવેલી હોય તેવી પરીસ્થિતી જણાતી નથી અને ફોટામાં કોઈ બીભસ્તા હોય તેવું પણ તેમાં દેખાતું નથી. એ વાત ખરી છે કે, આ ફોટામાં ભોગબનનાર ગભરાઈ ગયેલી હોય તેવું દેખાતું નથી."**

આમ, **આ ઉલટતપાસમાં જે વિગતો આરોપીના વિ.વ.શ્રી દ્વારા પુછવામાં આવેલ છે તેમા કોઈ પણ જગ્યાએ આરોપીનો મોબાઈલ નથી તેવુ સમગ્ર ઉલટતપાસમાં કયાંય રેકર્ડ ઉપર લાવવામાં આવેલુ નથી. વધુમાં આ મોબાઈલની વિગતો પોલીસે મોબાઈલ કબજે કર્યા બાદ મોબાઈલમાં નાંખવામાં આવેલ હોય તેવી પણ કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આ સિવાય એફ.એસ.એલ. રીપોર્ટ અનુસાર આ ફોટાઓમાં કોઈ છેડછાડ થયેલ નથી તેવુ જાહેર થયેલ છે. તો તે સંજોગોમાં પોકસો એકટની જોગવાઈ ધ્યાને લેતાં સગીર ભોગબનનારના ફોટાઓ આરોપી પાસે હોવાનું રેકર્ડ ઉપર સ્પષ્ટ થયેલ છે તો તે સંજોગોમાં સગીર ભોગબનનારના ફોટાઓ આરોપી પાસે મળી આવેલા છે જેથી હાલના આરોપી ભોગબનનારની સાથે હતા તેવુ અદાલતે શંકારહીત માનવુ પડે તેમ માનું છું**.

વધુમાં, ભોગબનનારને ધમકી આપવામાં આવેલ હોય કે ગભરાઈ ગયેલ હોય તે સંદર્ભે પ્રશ્નો ત.ક.અ. ને પુછવામાં આવેલ છે પરંતુ આ કિસ્સામાં ભોગબનનાર સગીર વયના છે અને જેથી સગીર વયના ભોગબનનાર દ્વારા કોઈ પરિસ્થિતિમાં શું પ્રતિભાવ આપવામાં આવેલ છે તે અત્રેની અદાલત દ્વારા મુલ્યાંકન કરવાની બાબત નથી પરંતુ ભોગબનનારના ફોટાઓ આરોપી સાથે છે તે પુરાવામાં ધ્યાને લેવા પાત્ર હકીકત છે તેમ માનું છું.

(૨૮) આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલના સમર્થનમાં ૨૦૨૫ ક્રિ.લો.જ. પાન નં.૪૬૬૦ ગન ઉરંગ વિ. સ્ટેટ ઓફ ત્રિપુરાના ચુકાદા ઉપર આધાર રાખેલો છે. સદરહું ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ગંભીરતાથી ધ્યાને લીધા અને હાલના કેસના સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કિસ્સામાં ભોગબનનાર સગીર વયના છે તે હકીકત શંકારહીત સાબીત થયેલ છે. વધુમાં આ કિસ્સામાં સગીર ભોગબનનારે બાળકને જન્મ આપેલ છે અને આ જન્મ હોસ્પીટલમાં થયેલ છે અને બાળકના ડી.એન.એ.ને ભોગબનનારના ડી.એન.એ. તથા આરોપીના ડી.એન.એ. સાથે સરખાવવામાં આવેલ છે અને એફ.એસ.એલ.ના રીપોર્ટના આધારે સગીર ભોગબનનારે હોસ્પીટલમાં જે બાળકને જન્મ આપેલો છે તે બાળકની બાયોલોજીકલ માતા હાલના ભોગબનનાર તથા બાયોલોજીકલ પિતા હાલના આરોપી કૌશિક મહેન્દ્રસિંહ મકવાણા નાઓ છે. વધુમાં, આ કેસમાં બળનો પ્રયોગ કરવામાં આવેલ હોય તે રીતના આક્ષેપો નથી અને તેવો ફરીયાદપક્ષનો કેસ નથી તેમજ ભોગબનનારે જે જુબાની આપેલી છે તે જુબાનીની વિગત અને સગીર ભોગબનનારે બાળકને જન્મ આપેલ છે તે વિગતને ધ્યાને લેતાં હાલના કેસના સંજોગો અલગ પડે છે અને સગીર ભોગબનનારની જુબાની વિશ્વાસપાત્ર તેમજ માનવાલાયક હોવાનું અત્રેની અદાલતનું શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે. જેથી હાલના કેસના સંજોગો અલગ પડે છે.

આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલના સમર્થનમાં ૨૦૨૫ ક્રિ.લો.જ. પાન નં.૨૮૪૯ જીતેન્દ્ર પટેલ વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલો છે. તે ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ગંભીરતાથી ધ્યાને લીધા. સદરહું ચુકાદાની વિગત ધ્યાને લેવામાં આવે તો તે ચુકાદામાં આરોપીને બીડા એડીશ્નલ સેસન્સ જજ, બલોદાબજાર નાઓએ સેસન્સ કેસ નં.૨/ ૨૦૦૮ ના કામે તકસીરવાન ઠરાવેલા હતા. જયારે હાલના કેસમાં આરોપી સામે પોકસો એકટ અન્વયેનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને

તે પોકસો એકટ અન્વયેના ગુનાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. પોકસો એકટ સને ૨૦૧૨ ના વર્ષમાં અમલમાં આવેલ છે અને પોકસો એકટમાં ક.૨૯ તથા ક.૩૦ માં પ્રિઝમશનની જોગવાઈ આવેલ છે. જેથી આ ચુકાદામાં સને ૨૦૦૮ ના વર્ષમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવ્યા તે સમયે પોકસો એકટ અમલમાં ન હતો. જેથી સ્વાભાવિક રીતે પોકસો એકટની જોગવાઈ સંદર્ભેનું મુલ્યાંકન થયેલ ન હોય. હાલના કેસમાં પોકસો એકટની ક.૨૯ તથા ક.૩૦ ની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસમાં ભોગબનનાર સગીર છે અને સગીર ભોગબનનારે હોસ્પીટલમાં બાળકને જન્મ આપેલો છે અને તે બાળકનું ડી.એન.એ. એફ.એસ.એલ.માં ચકાસતા બાળકની બાયોલોજીકલ માતા તરીકે ભોગબનનાર અને બાયોલોજીકલ પિતા તરીકે હાલના આરોપી છે અને **જેથી પોકસો એકટની ક.૨૯ અને ક.૩૦ નું પ્રિઝમશન આ કેસમાં આરોપી રીબર્ટ કરી શકતા નથી અને જેથી હાલના કેસમાં આરોપી સામે જે કાયદા અન્વયે તહોમતનામુ ફરમાવવામાં આવેલુ છે તેના કારણે પોકસો એકટની ક.૨૯ અને ક.૩૦ નું પ્રિઝમશન ડ્રો થવાથી હાલના કેસની વિગતો અલગ પડે છે**.

આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલના સમર્થનમાં ૨૦૧૩ (૧) ક્રાઈમ્સ પાન નં.૩૬૭ છત્તીસગઢ હાઈકોર્ટના ધી સ્ટેટ ઓફ છત્તીસગઢ વિ. દિપકકુમાર અને વિગેરેના ચુકાદા ઉપર આધાર રાખેલો છે. સદરહું ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ગંભીરતાથી ધ્યાને લીધા. સદરહું ચુકાદામાં એડીશ્નલ સેસન્સ જજ બલોદાબજાર નાઓએ સેસન્સ કેસ નં.૪૯૨/૨૦૦૨ ના કામે તા.૨૪/૦૭/૨૦૦૩ ના રોજ ચુકાદો આપેલો છે અને તેમા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે પરંતુ હાલના કેસના સંજોગો ધ્યાને લેવામાં આવે તો હાલના કેસમાં આરોપી સામે પોકસો એકટ અન્વયેનો ગંભીર ગુનાનો આક્ષેપ છે અને પોકસો એકટ અન્વયેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. પોકસો એકટ સને ૨૦૧૨ ના વર્ષમાં અમલમાં આવેલો છે અને પોકસો એકટની ક.૨૯ અને ક.૩૦ નું પ્રિઝમશન ડ્રો

કરવા માટેની સ્પષ્ટ જોગવાઈ છે અને હાલના કેસમાં આ પ્રિઝમશન આરોપી વિરૂધ્ધ ડ્રો થયેલાની સાબીત થયેલાની હકીકતને અદાલતે માનેલી છે. વધુમાં પોકસો એકટ ૨૦૧૨ માં સગીરની ઉંમર ગણવા સંદર્ભે ક.૩૪ માં જોગવાઈ કરવામાં આવેલ છે અને ક.૩૪ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો જુવેનાઈલ કેસ એન્ડ જસ્ટીસ એકટ ૨૦૧૫ ની જોગવાઈ અનુસાર સગીરની ઉંમર ગણવાની થાય છે. **<u>જેથી જુવેનાઈલ કેર એન્ડ જસ્ટીસ એકટની ક.૨(૧૨) ની જોગવાઈ અનુસાર જે સગીરે ૧૮ વર્ષ પુરા કરેલા નથી તેને બાળક તરીકે ગણાવાના છે અને જુવેનાઈલ કેર એન્ડ જસ્ટીસ એકટની ક.૯૪ ની જોગવાઈ અનુસાર સગીરને જુવેનાઈલ તરીકે ગણાવા માટે જે દસ્તાવેજો ધ્યાને લેવાના થાય છએ તે પૈકીના દસ્તાવેજો પૈકી આંક-૨૧ થી ભોગબનનારની જન્મની નોંધણીનું પ્રમાણપત્ર રજુ થયેલ છે અને તે મુજબ ભોગબનનારનો જન્મ હોસ્પીટલમાં થયેલો છે તથા ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ રજુ થયેલ છે તેમજ ભોગબનનારના આધારકાર્ડની નકલ રજુ થયેલ છે. વધુમાં પોકસો એકટની ક.૩૪(૨) અનુસાર સ્પે. કોર્ટ દ્વારા ભોગબનનાર સગીર છે કે કેમ? તે બાબતનું મુલ્યાંકન કરવાનું રહે છે અને આ કિસ્સામાં રજુ થયેલ પુરાવાઓ અને સાહેદોની જુબાનીની વિગતોને ધ્યાને લઈ ભોગબનનાર સગીર છે તે રીતની બાબત નિર્ણિત કરવામાં આવેલ છે</u>**. આમ, હાલના ચુકાદાના કેસના સંજોગો અને તે સમયે અમલમાં રહેલ કાયદાની જોગવાઈ તથા હાલના કેસના સંજોગો અને આ બનાવ સમયે અમલમાં રહેલ કાયદાની કાયદાકીય વિશિષ્ટ જોગવાઈઓ બંનેવ અલગ પડે છે.

આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા ૨૦૧૩ (૩) જી.એલ. આર. પાન નં.૧૯૨૧ અમરસિંહભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલો છે. **<u>તે ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો તે બનાવની ફરીયાદ તા.૧૪/૦૫/૧૯૯૦ ના રોજ દાખલ કરવામાં આવેલ હતી</u>**. આમ,

તા.૧૪/૦૫/૧૯૯૦ ના રોજ ફરીયાદ દાખલ કરવામાં આવી તે સમયે પોકસો એકટ અમલમાં ન હતો. **જયારે પોકસો એકટ સને ૨૦૧૨ ના વર્ષમાં અમલમાં આવેલો છે અને પોકસો એકટમાં ક.૨૯ અને ક.૩૦ મુજબનું પ્રિઝમશન ડ્રો કરવાની સ્પષ્ટ જોગવાઇ છે**. આ ક.૨૯ અને ક.૩૦ ના પ્રિઝમશન અનુસાર કેટલીક પ્રાથમિક વખત ફરીયાદપક્ષ તરફથી રજુ થતા પુરાવા આધારે આરોપી વિરૂધ્ધ ચોકકસ પ્રકારેનો ગુનો કરેલાની વિગત અદાલતે માની લેવાની છે. આમ, આ ગુના સમયે અમલમાં રહેલા કાયદાની કાયદાકીય જોગવાઇ વિશિષ્ટ પ્રકારની છે. વધુમાં હાલના કેસમાં આરોપી સામે પોકસો એકટ અન્વયેના ગુનાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને જેથી પોકસો એકટની જોગવાઇ અનુસાર વ્યકિત સગીર છે કે કેમ? તે કેવી રીતે નિર્ણિત કરવુ તે બાબતે પોકસો એકટની ક.૩૪ ની જોગવાઇ ધ્યાને લેવી પડે અને પોકસો એકટની ક.૩૪(૧) ની જોગવાઇ ધ્યાને લેતાં જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીસ એકટ ૨૦૧૫ માં વ્યકિતને સગીર ગણવા માટે જે દસ્તાવેજો ધ્યાને લેવાનું જણાવવામાં આવેલુ છે તે પ્રકારના દસ્તાવેજી પુરાવાઓ આ કેસમાં ઉપલબ્ધ છે અને તેનું પુરાવાકીય મુલ્યાંકન અત્રેની અદાલત દ્વારા કરવામાં આવેલ છે અને તે આધારે ભોગબનનાર બનાવ સમયે સગીર હોવાનું સાબીત થયેલાનું અદાલતે માનેલુ છે. આ સિવાય પોકસો એકટની ક.૩૪(૨) માં કોઇ વ્યકિત સગીર છે કે કેમ? તે બાબત સ્પે. કોર્ટ દ્વારા રજુ થયેલ પુરાવાના આધારે વ્યકિત સગીર છે કે કેમ? તેનો નિર્ણય કરવાનો રહે છે અને આ કેસમાં અત્રેની અદાલત દ્વારા ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની વિગત તથા ભોગબનનારના જન્મના દાખલાની વિગતને ધ્યાને લેતાં પોકસો એકટની ક.૩૪ તથા જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીસ એકટની ક.૯૪ની લાગુ જોગવાઇઓને ધ્યાને લેતાં ભોગબનનાર સગીર હોવાનું માનેલું છે. **સને ૧૯૯૦ ના વર્ષમાં જે કાયદાકીય જોગવાઇઓ અમલમાં હતી તેના કરતા કાયદાકીય પરિસ્થિતિ આ બનાવ સમયે બદલાય છે**.

આ સિવાય આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલના

સમર્થનમાં ક્રિ.લો.જ. ૨૦૧૨ એન.ઓ.સી. નં.૪૭૫ પાન નં.૭૧. કે જે ચુકાદાની નકલ રજુ કરેલી નથી પરંતુ માત્ર એક પાન રજુ કરેલ છે અને દલીલમા ઉલેખ્ખ કરેલો છે તે ચુકાદા ઉપર આધાર રાખેલો છે. સદરહું ચુકાદાનુ જે નોધ વાળુ પાન રજુ કરેલ છે તે આધારે માર્ગદર્શક સિધ્ધાંતને ગંભીરતાથી ધ્યાને લીધો પોકસો એકટ સને ૨૦૧૨ ના વર્ષમાં અમલમાં આવેલો છે અને ત્યારબાદ પોકસો એકટની ક.૩૪(૧) માં સગીરની ઉંમરની ગણતરી કયા આધારે કરવી તે માટે સુધારો કાયદામાં લાવવામાં આવેલો છે અને ક.૩૪(૧) મુજબ જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીસ એકટ ૨૦૧૫ ની જોગવાઇઓ ધ્યાને લઇ ભોગબનનાર સગીર છે કે કેમ? તેનો નિર્ણય કરવાનો રહે છે અને આ કિસ્સામાં જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીસ એકટ ૨૦૧૫ માં જે દસ્તાવેજી દર્શાવવામાં આવેલા છે તે વર્તુળના દસ્તાવેજો આ કેસમાં રજુ થયેલા છે અને પોકસો એકટની ક.૩૪(૨) ની જોગવાઇઓ પણ ધ્યાને લેવી પડે અને તે સંજોગોમાં આ બનાવ બન્યો તે સમયે અમલમાં રહેલ કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં ભોગબનનાર સગીર વયના હોવાનું આ કેસમાં સાબીત થયેલુ છે.જેથી હાલના કેસના સંજોગો, કાયદાકીય બાબતના મુદ્દા ઉપર અલગ પડે છે.

આ કામે આરોપી તર્ફે પોતાની દલીલના સમર્થનમાં ૨૦૨૫ ક્રિ.લો.જ. (એન.ઓ.સી.) પાન નં.૬૫૪ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નઝીરમીયાં સદરમીયાં મલેક અને બીજાના ચુકાદા ઉપર આધાર રાખેલો છે. **સદરહું ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ગંભીરતાથી ધ્યાને લીધા અને તે ચુકાદામાં બનાવ સને ૧૯૯૭ પહેલાનો હતો અને તે સમયે પોકસો એકટ અમલમાં ન હતો. સદરહું ચુકાદો ફોજદારી અપીલ નં.૧૦૦૬/૧૯૯૭ ના કામે તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલો છે**. આમ, **રજુ કરેલ ચુકાદામાં બનાવના સમયે પોકસો એકટ અમલમાં ન હતો તેથી સ્વાભાવિક રીતે પોકસો એકટની જોગવાઇ આ ચુકાદા સમયે ધ્યાને લેવાયેલ ન હોય**. પોકસો એકટ સને ૨૦૧૨ ના વર્ષમાં અમમાં આવેલો છે અને સને ૨૦૧૨ ના વર્ષમાં પોકસો એકટ

અમલમાં આવ્યા બાદ પાછળથી સગીર કેવી રીતે ગણવા તે મુદ્દા ઉપર કાયદામાં સુધારો કરવામાં આવેલો છે અને તે આધારે પોકસો એકટની ક.૩૪(૧) મુજબ વ્યકિત સગીર છે કે કેમ? તે બાબતનો નિર્ણય જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીસ એકટ ૨૦૧૫ ની જોગવાઇઓ ધ્યાને લઇ સગીર અંગેનો નિર્ણય કરવાનો રહે છે અને જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીસ એકટ ૨૦૧૫ ની ક.૯૪ ની જોગવાઇ ધ્યાને લેતાં જયારે સગીરની ઉંમર સંદર્ભે દસ્તાવેજી પુરાવો ઉપલબ્ધ હોય તો તેને ધ્યાને લેવાનો રહે છે અને તે જોગવાઇ અનુસાર આ કેસમાં ભોગબનનારની જન્મની નોંધણીનો દાખલો રજુ થયેલ છે તેમજ ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. જેથી આ કેસમાં ભોગબનનારની ઉંમર સંદર્ભેનો દસ્તાવેજી પુરાવો ઉપલબ્ધ છે. જેથી જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીસ એકટ ૨૦૧૫ ની જોગવાઇ અનુસાર પોકસો એકટની ક.૩૪(૧) અને પોકસો એકટની ક.૩૪(૨) ની જોગવાઇઓ ધ્યાને લેતાં ભોગબનનાર સગીર વયના હોવાનું આ કેસમાં સાબીત થયેલુ છે અને તેથી પોકસો એકટની ક.૨૯ અને પોકસો એકટની ક.૩૦ મુજબનું પ્રિઝમશન કે આરોપીએ ગુનો કરેલ છે તે સંદર્ભે અદાલતે સાબીત થયેલાનું માનેલુ છે. જેથી રજુ કરવામાં આવેલ ચુકાદાના બનાવ સમયે અમલમાં રહેલ કાયદા અને કાયદાકીય જોગવાઇ તથા હાલના કેસમાં બનાવ જે સમયે બનેલો છે તે સમયે અમલમાં રહેલ કાયદો અને કાયદાકીય જોગવાઇમાં તફાવત આવે છે. જેથી હાલના કેસના સંજોગો અલગ પડે છે.

આ કામે આરોપી તર્ફે પોતાની દલીલના સમર્થનમાં ક્રિ.લો.જ. એન.ઓ.સી. પાન નં.૬૪૩ સ્ટેટ ઓફ ગુજરાત વિ. વિરેન્દ્રસિંહ અજીતસિંહ મકવાણાના ચુકાદા ઉપર આધાર રાખેલો છે. સદરહું ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ગંભીરતાથી ધ્યાને લીધા. **<u>તે ચુકાદામાં આરોપી સામે પોકસો એકટ અન્વયેના ગુનાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ ન હતુ અને ભોગબનનારની ઉંમર ૨૦(વીસ) વર્ષની હતી</u>**. વધુમાં હાલના કેસમાં આરોપી સામે પોકસો એકટ

અન્વયેના ગુનાનું તહોમતનામુ મુકવામાં આવેલુ છે. પોકસો એકટની ક.૩૪(૧) તથા પોકસો એકટની ક.૩૪(૨) ની જોગવાઇઓ સાથે વાંચતા જુવેનાઇલ કેર એન્ડ જસ્ટીલ એકટ ૨૦૧૫ ની ક.૯૪ની જોગવાઇ અનુસાર ભોગબનનાર સગીર વયના છે જે સંદર્ભેનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે અને તે અનુસાર ભોગબનનાર સગીર વયના હોવાની હકીકત સાબીત થયેલ છે તેમજ ભોગબનનારને દવાખાને લઇ જવામાં આવેલ અને ત્યાં સગીર ભોગબનનારે બાળકને જન્મ આપેલો છે અને બાળકનુ ડી.એન.એ. મેળવવામાં આવેલ અને એફ.એસ.એલ.માં ચકાસણી માટે મોકલવામાં આવેલ ત્યાં આરોપીના ડી.એન.એ. સેમ્પલ તથા ભોગબનનારના ડી.એન.એ. સેમ્પલ સાથે સરખામણી કરતા હાલના આરોપી કૌશિક મહેન્દ્રસિંહ મકવાણા આ બાળકના પિતા હોવાનું એફ.એસ.એલ. રીપોર્ટમાં ડી.એન.એ.ના આધારે સાબીત થયેલ છે તેમજ બાળકની બાયોલોજીકલ માતા હાલના ભોગબનનાર છે તેવુ એફ.એસ.એલ.ના ડી.એન.એ. રીપોર્ટના આધારે સાબીત થયેલ છે. જેથી **આ કિસ્સામાં બાળકમાં ડી.એન.એ.મા હાલના આરોપીનું કયા સંજોગોમાં આવેલ છે તે બાબતે આરોપીએ આ કેસમાં કોઇ પણ જગ્યાએ ખુલાસો કરી અદાલતને બતાવી શકેલા નથી**. જેથી ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધવામાં આવેલ છે તે બાબત શંકારહીત સાબીત થયેલ છે. વધુમાં આ કેસમાં આરોપી સામે કોઇ વિડીયો કે ફોટો વાયરલ કરી દેવામાં આવેલો હોય તેવુ તહોમતનામુ ફરમાવવામાં આવેલુ નથી. જેથી પોકસો એકટની ક.૨૯ અને ક.૩૦ મુજબનું પ્રિઝમશન આ કેસમાં ડ્રો કરતા આરોપીએ ગુનો કરેલાની હકીકત અદાલતે માની લેવી પડે. જેથી હાલના કેસમાં અમલમાં રહેલ કાયદાની જોગવાઇને કારણે કેસની વિગતે અલગ પડે છે.

(૨૯) આવા સંજોગોમાં આ તમામ બાબતો અને ચર્ચાને ધ્યાને લેવામાં આવે તો અને તમામ પુરાવાઓ એકી સાથે ગંભીરતાથી વંચાણે લેતા ભોગબનનાર સગીર વયના હોવાની હકીકત સાબીત થયેલ છે.

જેથી પોકસો એકટ અન્વયેની જોગવાઈઓ આ કિસ્સામાં સીધી લાગુ પડે છે. ભોગબનનારની જુબાની ધ્યાને લેતાં તે વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોવું અત્રેની અદાલતે માનેલુ છે. ભોગબનનારની જન્મ તારીખ બાબતો દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે અને તે માની શકાય તેવો અને સાબીત થયેલો પુરાવો છે. આ સિવાય મેડિકલ એવીડન્સમાં આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તે રીતની વિગત સાબીત થયેલ છે.

વધુમાં, આ કામે ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેવામાં આવે તો આ કિસ્સામાં ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની હોવાનું સાબીત થયેલ છે. આ કામે ભોગબનનારનો જન્મ હોસ્પીટલમાં થયેલો છે અને ભોગબનનારના જન્મની નોંધણી હોસ્પીટલ દ્વારા કરાવવામાં આવેલ છે અને તે નોંધણીના આધારે આંક-૨૧ વાળુ ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે અને તેથી ભોગબનનારની જન્મ તા.૨૪/૦૬/૨૦૦૮ ની સાચી હોવાનું શંકારહીત સાબીત થયેલ છે.

(૩૦) આ કામે ભોગબનનારે તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ વિજાપુર હોસ્પીટલમાં બાળકને જન્મ આપેલ છે તે હકીકત શંકારહીત સાબીત થયેલ છે.

(૩૧) આ કામે ભોગબનનારને હોસ્પીટલમાં લઈ જવામાં આવેલા અને ત્યાં ભોગબનનારે બાળકને જન્મ આપેલ અને સગીર ભોગબનનારે બાળકને જન્મ આપ્યો ત્યારબાદ સગીર ભોગબનનારને હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતા તે બાબત પણ સાબીત થયેલ છે.

(૩૨) સગીર ભોગબનનાર શાળાએ ભણવા માટે પોતે ઘરેથી એકલા જતા હતા તે બાબત પણ સાબીત થયેલ છે.

(૩૩) ભોગબનનાર તથા આરોપીના ફોટાઓ આરોપીના મોબાઈલમાં એફ.એસ.એલ.માં મળી આવેલ છે અને તે બાબતનો રીપોર્ટ એફ.એસ.એલ. દ્વારા રજુ કરવામાં આવેલો છે અને તે આધારે હાલના આરોપી ભોગબનનારને અગાઉથી ઓળખતા હતા તે બાબત સાબીત થયેલ છે.

વધુમાં આરોપીના મોબાઈલમાં ભોગબનનારનો ફોટો કેવી રીતે, કયા સંજોગોમાં આરોપી સાથે આવેલો તે બાબતે આરોપી ખુલાસો કરવા માટે સદંતર નિષ્ફળ નિવડેલ છે.

(૩૪) સગીર ભોગબનનારે જે બાળકને જન્મ આપેલ છે તે બાળકનું ડી.એન.એ. સેમ્પલ હોસ્પીટલમાં ડોકટર દ્વારા લેવામાં આવેલ છે તે બાબત સાબીત થયેલ છે.

(૩૫) હાલના આરોપી કૌશિક મહેન્દ્રસિંહ મકવાણા નાઓનું ડી.એન.એ. સેમ્પલ હોસ્પીટલમાં લેવામાં આવેલ છે તે બાબત સાબીત થયેલ છે.

(૩૬) ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ હોસ્પીટલમાં લેવામાં આવેલ છે તે બાબત સાબીત થયેલ છે.

(૩૭) એફ.એસ.એલ. રીપોર્ટના આધારે ભોગબનનારે તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ વિજાપુર જનરલ હોસ્પીટલમાં જે બાળકને જન્મ આપેલ છે તે બાળકના બાયોલોજીકલ પિતા હાલના આરોપી કૌશિક મહેન્દ્રસિંહ મકવાણા તથા બાળકની બાયોલોજીકલ માતા હાલના સગીર ભોગબનનાર છે તે હકીકત શંકારહીત એફ.એસ.એલ.ના ડી.એન.એ. રીપોર્ટના આધારે સાબીત થયેલ છે.

(૩૮) હાલના આરોપીએ પોતાનું વીર્ય કે શુક્રાણું કોઇ વીર્ય બેંકમાં

ડીપોઝીટ કરેલ હોય તેવી કોઇ વિગત કે બચાવ આરોપી સાબીત કરી શકેલા નથી.

હાલના આરોપીએ પોતાનુ વીર્ય કે શુક્રાણુંનું દાન કોઇ હોસ્પીટલમાં કે કોઇ ખાનગી વ્યકિતને સારવારના હેતુ માટે કરેલુ હોય તેવો કોઇ બચાવ લાવેલા નથી તે તેવી કોઇ વિગત સાબીત કરેલી નથી.

(૩૯) આવા સંજોગોમાં આ તમામ બાબતો ધ્યાને લેતાં આરોપીએ કરેલ દુષ્કર્મના કારણે ભોગબનનાર ગર્ભવતી બનેલા છે અને તેના કારણે ભોગબનનારે બાળકને તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ વિજાપુર જનરલ હોસ્પીટલમાં જન્મ આપેલો છે તે રીતની વિગત શંકારહીત સાબીત થાય છે તેમ માનું છું.

(૪૦) વધુમાં, **આ કામે ભોગબનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ અને સંમતિ સંદર્ભે જે રજુઆત કરવામાં આવેલ છે તો કોન્ટ્રાકટ એકટની જોગવાઇ અનુસાર કોઇ પણ કરાર કરવા માટે સંમતિ આપવા માટે સગીર વ્યકિત સક્ષમ હોતી નથી તેવુ કોન્ટ્રાકટ એકટમાં દર્શાવવામાં આવેલ છે. જેથી કોન્ટ્રાકટ એકટની જોગવાઇ અનુસાર સગીર વ્યકિત સંમતિ આપવા માટે સક્ષમ નથી તેવુ કાયદામાં ગણવામાં આવે છે.**

આવા સંજોગોમાં આ બાબતની સાથે પોકસો એકટનું પ્રિએમ્બલ ધ્યાને લેવામાં આવે અને પોકસો એકટને અમલમાં લાવવાનો હેતુ ધ્યાને લેવામાં આવે તો તેમા સગીર બાળક સાથે થતા જાતિય ગુનાઓ સંદર્ભે સગીરોને રક્ષણ આપવાનો કાયદાનો મુખ્ય હેતુ છે. જેથી આ કેસમાં ભોગબનનારની સંમતિની બાબત કોઇ પણ દ્રષ્ટિકોણથી કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતા ટકવાપાત્ર રહેતી નથી.

આમ, ઉપરોકત તમામ ચર્ચાઓ ગંભીરતાથી ધ્યાને લેતાં આરોપી પોકસો એકટની ક.૨૯ અને ક.૩૦ મુજબનું પ્રિઝમશન રીબર્ટ

કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે અને ફરીયાદપક્ષ દ્વારા જે પુરાવાઓ રજુ થયેલા છે તેના આધારે જે વિગતો સાબીત થયેલાનું અત્રેની અદાલતે વિસ્તૃત ચર્ચાના આધારે માનેલુ છે. તેથી તે તમામ બાબતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલા પુરાવાના આધારે એ હકીકત સાબીત કરવામાં આવેલ છે કે,બનાવ સમયે અને બનાવના અરસામાં સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી, કાયદેસરના વાલીની પરવાનગી લીધા સિવાય, સગીર ભોગબનનારને આરોપીએ પોતાની સાથે ગેરકાયદેસર રીતે લઈ જઇ, એક કરતાં વધારે વખત સગીર ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધી, તેમ કરી આરોપીએ ભોગબનનારની સાથે બળાત્કાર કરી, જાતીય સતામણી કરી, અપહરણ કરી, ભોગબનનારની સાથે બળાત્કાર કરી ગર્ભવતી બનાવેલી જેથી સગીર ભોગબનનારે આરોપીએ કરેલા બળાત્કારના કારણે હોસ્પીટલમા બાળકને જન્મ આપેલો છે અને તેમ કરી આરોપીએ ગુનો કરેલો છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપુ છું.

**મુદ્દા નં.૨:–**

(૭૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે નીચે મુજબની વિગતો સાબીત કરવામાં આવેલ છે.

૧. ભોગબનનાર સગીર વયના છે તે હકીકત શંકારહીત જન્મ નોધણીના પ્રમાણપત્રના દસ્તાવેજી પુરાવાના આધારે સાબીત થયેલી છે.

૨. આ કામે ભોગબનનારે તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ વિજાપુર હોસ્પીટલમાં બાળકને જન્મ આપેલ છે તે હકીકત શંકારહીત સાબીત થયેલ છે.

૩. આ કામે ભોગબનનારને હોસ્પીટલમાં લઇ જવામાં આવેલા અને ત્યાં ભોગબનનારે બાળકને જન્મ આપેલ અને સગીર ભોગબનનારે બાળકને જન્મ આપ્યો ત્યારબાદ સગીર ભોગબનનારને હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે સારવાર માટે દાખલ કરવામાં આવેલ

હતા તે બાબત પણ સાબીત થયેલ છે.

૪. સગીર ભોગબનનાર શાળાએ ભણવા માટે પોતે ઘરેથી એકલા જતા હતા તે બાબત પણ સાબીત થયેલ છે.

૫. ભોગબનનાર તથા આરોપીના ફોટાઓ આરોપીના મોબાઈલમાં એફ.એસ.એલ.માં મળી આવેલ છે અને તે બાબતનો રીપોર્ટ એફ.એસ.એલ. દ્બારા રજુ કરવામાં આવેલો છે અને તે આધારે હાલના આરોપી ભોગબનનારને અગાઉથી ઓળખતા હતા તે બાબત સાબીત થયેલ છે.

વધુમાં આરોપીના મોબાઈલમાં ભોગબનનારનો ફોટો કેવી રીતે, કયા સંજોગોમાં આરોપી સાથે આવેલો તે બાબતે આરોપી ખુલાસો કરવા માટે સદંતર નિષ્ફળ નિવડેલ છે.

૬. સગીર ભોગબનનારે જે બાળકને જન્મ આપેલ છે તે બાળકનું ડી.એન.એ. સેમ્પલ હોસ્પીટલમાં ડોકટર દ્બારા લેવામાં આવેલ છે તે બાબત સાબીત થયેલ છે.

૭. હાલના આરોપી કૌશિક મહેન્દ્રસિંહ મકવાણા નાઓનું ડી.એન.એ. સેમ્પલ હોસ્પીટલમાં લેવામાં આવેલ છે તે બાબત સાબીત થયેલ છે.

૮. ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ હોસ્પીટલમાં લેવામાં આવેલ છે તે બાબત સાબીત થયેલ છે.

૯. એફ.એસ.એલ. રીપોર્ટના આધારે ભોગબનનારે તા.૨૮/૦૭ /૨૦૨૫ ના રોજ વિજાપુર જનરલ હોસ્પીટલમાં જે બાળકને જન્મ આપેલ છે તે બાળકના બાયોલોજીકલ પિતા હાલના આરોપી કૌશિક મહેન્દ્રસિંહ મકવાણા તથા બાળકની બાયોલોજીકલ માતા હાલના સગીર ભોગબનનાર છે તે હકીકત શંકારહીત એફ.એસ.એલ.ના ડી.એન.એ. રીપોર્ટના આધારે સાબીત થયેલ છે.

૯. હાલના આરોપીએ પોતાનું વીર્ય કે શુક્રાણું કોઇ વીર્ય બેંકમાં ડીપોઝીટ કરેલ હોય તેવી કોઇ વિગત કે બચાવ સાબીત કરી શકેલા નથી. તેમજ હાલના આરોપીએ પોતાનુ વીર્ય કે શુક્રાણુંનું દાન કોઇ

હોસ્પીટલમાં કે કોઈ ખાનગી વ્યકિતને સારવારના હેતુ માટે કરેલુ હોય તેવો કોઈ બચાવ લાવેલા નથી તે કે તેવી કોઈ વિગત સાબીત કરેલી નથી.

આવા સંજોગોમાં આ તમામ બાબતો ધ્યાને લેતાં આરોપીએ કરેલ બળાત્કાર/દુષ્કર્મના કારણે ભોગબનનાર ગર્ભવતી બનેલા છે અને તેના કારણે ભોગબનનારે બાળકને તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ વિજાપુર જનરલ હોસ્પીટલમાં જન્મ આપેલો છે તે રીતની વિગત શંકારહીત સાબીત થાય છે.

આમ, ફરીયાદપક્ષ દ્વારા આ તમામ બાબતો પુરાવાથી શંકા રહીત સાબીત કરવામાં આવેલી છે. આરોપી દ્વારા પોક્સો એક્ટની ક.૨૯ અને ક.૩૦ મુજબનું પ્રિઝમશન ડ્રો થયા બાદ રીબર્ટ કરવામાં આવેલું નથી.

વધુમાં, એફ.એસ.એલ. ના ડી.એન.એ. રીપોર્ટના આધારે સગીર ભોગબનનારે જે બાળકને જન્મ આપેલો છે બાળકના પિતા હાલના આરોપી છે. **હાલના આરોપીએ સગીર ભોગબનનારની સાથે કોઈ લગ્ન કરેલ હોય તેવુ કયાંય પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ કોઈ જ્ઞાતિ કે ધાર્મિક વિધીથી કે રીત રીવાજ મુજબ સગીર ભોગબનનાર આરોપીના પત્ની થતા હોય તેવુ પણ નથી**. જેથી આ સગીર ભોગબનનારે જે બાળકને જન્મ આપેલો છે તે આરોપીએ સગીર ભોગબનનાર સાથે કરેલ બળાત્કાર/દુષ્કર્મના કારણે ગર્ભ રહી જતા બાળકને જન્મ આપેલો છે તેથી ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાની વિગતને ધ્યાને લેતાં, આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામુ શંકારહીત સાબીત થયેલુ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી સજાના પ્રશ્ને સાંભળવા જોઈએ તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી બી.એન.એસ.એસ.ની ક.૨૫૮(૨) મુજબ આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓને તેઓની સામેના

બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા પોક્સો એક્ટ ૨૦૧૨ ની ક.૪(૧), ૫(એલ), ૫(જે)(૨), ૬, ૮, ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજાના પ્રશ્ને સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૬ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૬/૦૪/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)
સ્થળ: મહેસાણા બીજા એડીશ્નલ સેશન્સ જજ તથા
સ્પે. જજ (પોક્સો)
મહેસાણા
જીજે૦૦૬૯૧

સ્પે. પોકસો કેસ નં.૫૮/૨૦૨૫
ના ચુકાદાનુ સાંધણ
તા.૧૬/૦૪/૨૦૨૬

(૪૨) આ કામે આરોપીને તકસીરવાન ઠરાવ્યા બાદ સજાના પ્રશ્ને સાંભળવામાં આવેલ છે જેમા આરોપીએ પોતાની નાની ઉંમર છે અને તેઓના શીરે માતા–પિતાની જવાબદારી છે તથા નાનો ભાઇ છે અને ગુનાહિત ભૂતકાળ નથી. આવા સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે.

(૪૩) આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.સરકારી વકીલશ્રીની સજાના મુદ્દા ઉપર લંબાણપૂર્વકની મૌખિક દલીલો સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં આરોપીને ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલા છે અને બનાવમાં આરોપી થકી ભોગબનનારને એક પૂરૂષ બાળકનો જન્મ થયેલો છે. જેથી ગુનાની ગંભીરતા ખૂબજ વધી જાય છે. જેથી મહત્મમાં મહત્મ સજા સમાજમાં દાખલો બેસે તે રીતે કરવા વિનંતી કરેલ છે.

વધુમાં ભોગબનનાર જીવનમાં નિયમિત થાય તે માટે સરકારશ્રી પાસેથી વળતર અપાવવા વિનંતી કરેલ છે.

(૪૪) આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રીની સજાના પ્રશ્ને રજુઆત ધ્યાને લીધી. આરોપીના વિ.વ.શ્રીની સજાના પ્રશ્ને રજુઆતનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, હાલનો આરોપી નાની ઉંમરનો છે અને તેના માતાપિતા વૃધ્ધ ઉંમરના કારણે તે નાની મોટી શારીરીક પિડાઓથી પિડાય છે. આ સિવાય નાનો ભાઇ આરોપીનો છે અને તેની જવાબદારી પણ આરોપીના શીરે છે. વધુમાં હાલના આરોપીનો કોઇ ગુનાહિત ભૂતકાળ નથી. આવા સંજોગોમાં આરોપીનું ભવિષ્યનું જીવન ન બગડે તે ધ્યાને લઇ ઓછામાં ઓછી સજા અને ઓછામાં ઓછો દંડ કરવા

વિનંતી કરેલ છે.

(૪૫) આ કામે આરોપીને તકસીરવાન ઠરાવ્યા બાદ સજાના પ્રશ્ને સાંભળવામાં આવેલ છે તેમજ ફરીયાદપક્ષ તર્ફે વિ. સરકારી વકીલશ્રીને સાંભળ્યા અને આરોપી તર્ફે વિ.વ.શ્રીની દલીલો પણ ધ્યાને લીધી.

(૪૬) **આ કામે ભોગબનનાર સગીર વયના છે અને તે બાબત પુરાવામાં રેકર્ડ ઉપર સાબિત થયેલ છે. વધુમાં આ કેસમાં ભોગબનનારે એક પુરૂષ બાળકને જન્મ આપેલો છે અને તે પુરૂષ બાળકનો જન્મ થયા બાદ આ કેસમાં ફરીયાદ થયેલ છે.** વધુમાં **આ પુરૂષ બાળકનો જન્મ થયા બાદ સગીર ભોગબનનારે આ બાળકને ત્યજી દેવુ પડેલ છે અને તે નવજાત શીશુ હાલ અનાથ આશ્રમમાં છે.** જેથી આ બનાવના વિશિષ્ય સંજોગો અદાલતે ધ્યાને લેવા પડે. **આ બાળક આરોપીનું છે તે સંદર્ભે એફ.એસ.એલ. નો ડી.એન.એ. રીપોર્ટ પણ આવેલો છે અને તે આધારે હાલના આરોપી આ નવજાત શીશુના બાયોલોજીકલ પિતા છે. આમ, આરોપીએ કરેલ દુષ્કૃત્યના કારણે ભોગબનનારનું જીવન બરબાદ થયેલુ છે પરંતુ તેની સાથે સાથે જે પુરૂષ બાળકનો જન્મ થયેલો છે તેનું જીવન જન્મથી જ બરબાદ થઇ ગયેલુ છે અને હવે પછીના સમયગાળામાં તે બાળકને આરોપીએ કરેલ કૃત્યના પરીણામ સ્વરૂપે યાતનાઓ આજીવન ભોગવવાની છે. જેથી આ વિશિષ્ટ સંજોગો જોતાં ગુનાની ગંભીરતા અને ગુનાની અસરો પણ અદાલતે ધ્યાને લેવી પડે તેમ માનુ છુ.** આવા સંજોગોમાં આરોપીને બી.એન.એસ.ની ક.૧૩૭(૨) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૨,૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા બી.એન.એસ.ની ક.૬૪(૨) (એમ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ૨૫ (પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ

અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા બી.એન.એસ.ની ક.૩૫૧(૨) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ૧ (એક) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૦૦૦/- (અંકે રૂપીયા બે હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૪(૧) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૨૫ (પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૫(એલ) સાથે વાંચતા ક.૬ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૨૫ (પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૫ (જે) (૨) સાથે વાંચતા ક.૬ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૨૫ (પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયના હિતમાં ઉચિત હોવાનું જણાય છે.

વધુમાં, આ કામે ભોગબનનારના જીવનમાં જે યાતનાઓ ઉભી થયેલી છે અને જે પરિસ્થિતિમાંથી પસાર થયેલા છે તે સંજોગોમાં ભોગબનનારને વળતરની રકમ અપાવવી પડે, સાથે સાથે જે પુરૂષ

બાળકનો જન્મ થયેલો છે અને બાળકને ત્યજી દેવામાં આવેલુ છે જે હાલ અનાથઆશ્રમમા છે તે બાળકને પણ વળતર મેળવવાનો અધિકાર હોય તેવુ અત્રેની અદાલતનું શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

આવા સંજોગોમાં આ ત્યજી દેવાયેલા પુરૂષ બાળકને સરકારશ્રી પાસેથી વળતરની રકમ રૂા.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) અપાવવામાં આવે અને તે ફિકસ ડિપોઝીટમાં બાળક પુખ્તવયનું થાય ત્યાં સુધી રાખવામાં આવે તો તે ન્યાયના હિતમાં ઉચિત હોવાનું જણાય છે.

વધુમાં, આરોપીને જે દંડ કરવામાં આવેલો છે તે દંડની રકમમાંથી ભોગબનનારને રૂા.૭૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચોતેર હજાર પુરા) દંડની રકમમાંથી અપાવવામાં આવે તો તે ન્યાયના હિતમાં આ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં ઉચિત હોવાનું જણાય છે. જેથી તમામ બાબતો ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// આખરી હુકમ//-**

આથી બી.એન.એસ.એસ.ની ક.૨૫૮(૨) અન્વયે આરોપી કૌશીકસિંહ મહેન્દ્રસિંહ ભેમાજી મકવાણા નાઓને તેઓની સામેના બી.એન.એસ.ની ક.૧૩૭(૨) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા બી.એન.એસ.ની ક.૬૪(૨) (એમ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ૨૫ (પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા બી.એન.એસ.ની ક.૩૫૧(૨) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ૧ (એક) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૦૦૦/- (અંકે રૂપીયા બે હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૪(૧) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૨૫

(પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૫(એલ) સાથે વાંચતા ક.૬ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૨૫ (પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૫ (જે) (૨) સાથે વાંચતા ક.૬ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૨૫ (પચ્ચીસ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા પોકસો એકટની ક.૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આરોપીએ કાચા કામના કેદી તરીકે જેટલા દિવસો ભોગવેલા હોય તે આરોપીને સજામાં મજરે આપવાના રહેશે.

વધુમાં, આરોપીને જે દંડ કરવામાં આવેલો છે તે દંડની રકમમાંથી ભોગબનનારને રૂા.૭૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચોતેર હજાર પુરા) વળતર પેટે અપાવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આ કામે ત્યજી દેવાયેલ પુરૂષ બાળકને સરકારશ્રી પાસેથી વળતરની રકમ રૂા.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) અપાવવાનો અને તે ફિકસ ડિપોઝીટમાં બાળક પુખ્તવયનું થાય ત્યાં સુધી રાખવામાં આવે તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, હુકમ કરી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જો બાળકને

૧૮ વર્ષની ઉંમર પુરી થતા સુધી અને ફિક્સ ડિપોઝીટની રકમ બાળકને મળે તે પહેલા જો તે અવસાન પામે તો તે રકમ સરકાર ખાલસા કરવાની રહેશે.

આરોપીએ તમામ સજા એકી સાથે ભોગવવાની રહેશે.

અપીલ સમય વિત્યે મુદ્દામાલ મોબાઇલ તેમાંના તમામ ડેટા ડીલીટ કરી આરોપીને પરત કરવો તેવો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ મોબાઇલ સિવાયના મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમની એક નકલ ડી.એલ.એસ.એ. મહેસાણાના સરકારશ્રી પાસેથી વળતરની રકમ ચુકવવા માટે આગળની કાર્યવાહી માટે મોકલવાનો હુકમ કરવામા આવે છે.

વધુમા, આ કામે ત્યજી દેવાયેલ પુરૂષ બાળકના બાયોલોજીલ પિતા હાલના આરોપી હોવાથી આ બાળકને કાયદાથી જો કોઇ વારસાઇ હકક પ્રાપ્ત થતો હશે તો તે આ બાળકને કેસના વિશીષ્ટ સંજોગોને આધીન મળવાપાત્ર રહેશે.

હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે તાત્કાલિક આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૬ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૬/૦૪/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળ: મહેસાણા બીજા એડીશ્નલ સેશન્સ જજ તથા

સ્પે. જજ (પોકસો)

મહેસાણા

જીજે૦૦૬૯૧